બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**એપ્રિલ-૨૦૨૬**

શવ્વાલુલ મુકર્રમ – ઝિલ્ ક઼અદ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૩, અંક : 3, સળંગ અંક : ૨૬૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફૈઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

**9427464411 ફક્ત સંપર્ક માટે નંબર**

Web. :www.barkatekhwaja.net
anjuman2006new@gmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | **"અમારે ત્યાં કિતાબ મોકલવી નહીં" કહેનારને દર્દભર્યો સંદેશ !** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ–૨) | 13 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 16 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ–૨) | 19 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઉષ્માન હયરી رحمۃ اللہ علیہ | 28 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ો આદાબ | 26 |
| 09 | અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 29 |
| 10 | (ચોથી સદીના મુજદ્દિદ : ૧) હઝરત ઈમામ અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅ્લૂકી رحمۃ اللہ علیہ | 34 |
| 11 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 39 |
| 12 | ઝર્બે હૈદરી | 44 |
| 13 | હજ–૨૦૨૬ના સંબંધે ખૂબ અગત્યનું માર્ગદર્શન | 47 |
| 14 | ટપાલ | 50 |


## હબીબે ખુદા કા નઝાકા કરું મૈં

હબીબે ખુદા કા નઝારા કરું મૈં
દિલો જાન ઉન પર નિષારા કરું મૈં

મુજે અપની રહમતસે તુ અપના કર લે,
સિવા તેરે સબસે કિનારા કરું મૈં.

મૈં ક્યું ગૈર કી ઠોકરેં ખાને જાઉં,
તેરે દર સે અપના ગુઝારા કરું મૈ.

તેરે દર કે હોતે કહાં જાઉં પ્યારે,
કહાં અપના દામન પસારા કરું મૈં.

ખુદા એક પર હો તો એક પર મુહમ્મદ,
અગર ક઼લ્બ અપના દો પારા કરું મૈં.

તેરા નામ લબ પર ખુદા દિલ કે અંદર,
યું હી ઝિંદગાની ગુઝારા કરું મૈં.

દમે વાપસી તક તેરે ગીત ગાઉં,
મુહમ્મદ મુહમ્મદ પુકારા કરું મૈં.

ખુદા ખૈર સે લાએ વો દીન ભી "નૂરી"
મદીને કી ગલિયાં બોહારા કરું મૈં.

# "અમારે ત્યાં કિતાબ મોકલવી કહેનારને દર્દભર્યો સંદેશ !

તંત્રી લેખ

આજકાલ મુસલમાન કહેવાતા, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પર ઈમાનના દાવેદારોમાં એક વબા આમ થઈ રહી છે. તેમને દીની ઈલ્મની વાત, ઈમાન અમલની સલામતી માટેની વાત કે જે અલ્લાહના કુર્આનથી, રસૂલુલ્લાહ ﷺની હદીષથી કે ઉલમા બુઝુર્ગોના કથનો, હિદાયતો, વાકિયાતથી શણગારેલ હોય છે, જહન્નમથી દૂર કરી જન્નત તરફ વાળનારી વાતો પ્રત્યે જાણે રૂચી નથી. ઈલ્લા માશા અલ્લાહ ! અફસોસ ! લાખો કરોડો અફસોસ ! જે વાતો તમને દીન ઈમાન પર મજબૂત કરી આપે, નેક અમલોની પ્રેરણા આપે તેનાથી આટલી બધી સુગ ?! કે કેટલા તો ગુસ્સો કરે છે કે "અમને કિતાબ કેમ મોકલી ? ના પાડી હતી છતાં !" અને અવનવાં બહાનાં પોતાની વાતની યોગ્યતા પુરવાર કરવા રજૂ કરતા હોય છે. આવો ! આજે એમની વાતોને મન મૂકીને સમજીએ અને પછી તેમને પ્રેમથી સમજાવવા કોશિશ કરીએ.

## અમારી પાસે કિતાબ કે મેગેઝિન વાંચવા સમય નથી !

શાયદ હશે કોઈક એવા કે ખરેખર તેમની પાસે સમય નથી કે દીની જ્ઞાન માટે કિતાબ વાંચે, તો એ તો તેમની મેહરૂમી કહેવાશે જે તેમના મુકદ્દરમાં લખાઈ હશે, પણ મોટાભાગના આ બહાનુ કરનારાઓની વાતમાં તથ્ય સત્ય જણાતુ નથી. કિતાબ કે મેગેઝિન માટે એવું નથી કે એને આખો દિવસ નથી વાંચ્યા કરવાનું, એ તો નસીબદારને જ મળી શકે ! પણ દિવસ રાતના ૨૪ કલાકમાં માત્ર દસ મિનિટમાં જેટલા પેજ વાંચી શકાય વાંચો. આપણે બધાં જ કામો કરીએ છીએ, ખાણીપીણી માટે, હરવા ફરવા, જાજરૂ પેશાબ માટે જઈએ છીએ, તો શું અલ્લાહ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માન વાંચવા દસ મિનિટ ન કાઢી શકીએ ? આ વસ્તુ લગભગ દરેક વ્યક્તિ માટે શક્ય છે અને છે જ ! તો પછી કિતાબ કે મેગેઝિન વાંચવાનો સમય નથી એ બહાનુ તદ્દન ફોગટનું કહેવાય ! આમ લોકોને આપણે જોઈએ છીએ કે કામ ધંધાથી પરવારીને ટી.વી. પર, મોબાઈલ પર જાઈઝ નાજાઈઝ ડ્રામા, દશ્યો જોવામાં તેમજ ટોળે બેસી મજાક, ગપસપ, હાહા હીહીમાં અધિકતર સમય વેડફતા હોય છે. શું આ ખોટી વાત છે ?! જેથી એ બહાનુ ફોગટ થયું કે કિતાબ વાંચવાનો અમારી પાસે સમય નથી. એવું કહો કે દીની વાત વાંચવાની રૂચી જ નથી ! તો પછી આ એક અતિ નુકસાનકારક બાબત છે.

## અમે તો યૂટયૂબ ફેસબુક પરથી ઈલ્મે દીન મેળવી લઈએ છીએ !

કેટલાક એવું બહાનુ કાઢે છે કે હવે તો અમે યૂટયૂબ, ફેસબુક પર મુસ્લિમ, ઉલમાના એક એકથી ચઢિયાતાં બયાનો આવે છે તેને અમો સાંભળી લઈએ છીએ, જેથી કિતાબો વાંચવાની જરૂરત નથી. પ્યારા ભાઈઓ !

યૂટયૂબ કે ફેસબુક પર શું શું નથી આવતું ?! તમે બયાન સાંભળવા જાવ અને એમાં જ એડવર્ટાઈઝમાં હરામ ચીજો આવે છે વળી શૈતાન તકરીર સાંભળવાને બદલે હરામ ડ્રામા કે હરામ દશ્યો પ્રતિ લઈ જવા સતત વસવસા નાખતો હોય છે જેથી એકચિત્તે તકરીર વગેરે સાંભળવામાં ઈત્મિનાન નથી હોતુ બલ્કે ઘણીવાર તકરીર છોડી એવાં દશ્યો ડ્રામા પાછળ લગાડી દે છે કે તમારા દિલો દિમાગની પાકીઝગીને ખતમ કરી દે છે. ઈલ્લા માશા અલ્લાહ ! અમુક હશે જેઓ અટલ રહી દીની પ્રોગ્રામ જ જોતા રહેતા હશે. બીજું કે યૂટયૂબ પર દરેક ફિર્કાવાળા શીઆ, રાફઝી, દેવબંદી, કાદયાની, ગૈર મુકલ્લિદ કહેવાતા અહલે હદીષ...વગેરેનાં બયાનો વગેરે સાથે સાથે ચાલતાં હોય છે જેને આમ મુસલમાને સાંભળવું જાઈઝ નથી, પણ છતાં કેટલાય નાદાન યુવાનો તેમને સાંભળવાં જતાં ગુમરાહીમાં પડી જતા હોય છે. જેથી એ બહાનુ પણ અમાન્ય છે કે અમે યૂટયૂબ પરથી કે ફેસબુસ પરથી ઈલ્મ મેળવી લઈએ છીએ. હા ! ઈલ્મે દીન ધરાવતા ઉલમા વગેરેની વાત અલગ છે.

## અસલ ચીજ એ છે કે લોકોને ઈલ્મે દીનથી જાણે અરૂચી થઈ ગઈ છે !

આ ખૂબ જ દુ:ખની વાત છે કે જનરલી માહોલ એ છે કે દીનની વાત વાંચવા તથા સાંભળવાની લગભગ લોકો ખાસ કરીને યુવાનોમાં અરૂચી પેદા થઈ ગઈ છે. ઈલ્લા માશા અલ્લાહ ! જ્યારે મોટાભાગનાને નમાઝ કે જે દિવસમાં પાંચ વખત મુસલમાન પર ફર્ઝ છે તેના મસાઈલ, સહી તરીકો, તજવીદ, દુઆઓ વગેરે માલૂમ નથી. હરામ હલાલ બલ્કે કેટલાકને તો કુફ્ર ઈમાન વિશે સહી માલૂમાત નથી ! જુઓ ! ઈલ્મે દીનથી દૂરી માણસને ગુમરાહ કરી દે છે બલ્કે ઈમાનથી હાથ ધોઈ બેસાડે છે. આ એક અતિગંભીર બાબત છે કે દુનિયા જ નહીં આખેરત બર્બાદ થઈ જાય છે. મુસલમાનોએ જે દેશ સ્પેન પર ૬૦૦ વરસ રાજ કર્યું પણ છેવટમાં રાજકર્તાઓમાં અય્યાશી આવી અને રાજ ખોઈ બેઠા અને ઈસાઈઓએ દીની તાલીમ ત્યાં બચેલા કુચેલા મુસલમાનો માટે સ્ટોપ કરાવી દીધી તો આજે ત્યાં પૂરાણી ઐતિહાસિક મસ્જિદો છે પણ મુસલમાનો અદ્રશ્ય થઈ ગયા ! ઈલ્મે દીન વિના દીને હક્ક પર જામી રહેવું અશક્ય છે. ફર્માન તો એ છે, "મહદ (પારણા)થી લહદ (કબર) સુધી ઈલ્મે દીન શીખો. રોજ દીનની કોઈ નવી વાત શીખો...વગેરે" જ્યારે મુસલમાન પાસે તો સમય જ નથી ! માટે કોઈ પણ જાતના દિમાગી તુક્કાઓ પર ન ચાલો ન પોતાને ભરમોમાં રાખી ધોકો આપો, નહીં તો તમારી દુનિયા તથા આખેરત ખતરામાં પડી જશે. (અલ્લાહની પનાહ !) આવો ! છેવટમાં ઈલ્મે દીનની ફઝીલત તથા તેના મહત્વ વિશે, તથા રબની બારગાહમાં ઈલ્મે દીનવાળાનો શો મકામ તથા મર્તબો છે તેને સમજી લઈએ.

## કેટલાક કહે છે કે આ કિતાબોને વાંચી લીધા પછી શું કરીએ ?!

મારા પ્યારા દીની ભાઈઓમાંથી કેટલાક તો એવું કહે છે કે "આ કિતાબો વાંચ્યા પછી એને ક્યાં રાખીએ ? **"ઘરમાં એની બેઅદબી થાય છે !"** જેથી અમારે વાંચવી જ નથી ! એને મોકલશો જ નહીં !" ભાઈઓ ! જ્યારે આપણા પર મુસીબત આવે છે આપણે આપણને બાળકોને ગળે તાવીઝ પહેરાવીએ છીએ

કે જેની બરકતથી બલા આફત બીમારી દૂર થઈ જાય. તો શું તમે આપના ઘરમાં એક નાનો એવો કબાટના રાખી શકો કે ઊંચાઈ પર કોઈ જગાએ ન બનાવી શકો જ્યાં દીની કિતાબો રાખી શકો ?! અને નિય્યત એ હોય એનાથી બરકત થતી રહે, તો જરૂર થશે, ઈન્શા અલ્લાહ ! કપડાં માટે મોટા મોટા કબાટો હોય છે, રૂપિયા પૈસા સોના વગેરે માટે તીજોરીઓ રાખવામાં આવે છે, અરે ! હવે તો દીવાલ પર ઊંચાઈએ મોઘા મોઘા ટીવીના સ્ક્રિન પર મેચો, ડ્રામા, નાટકો, ફિલ્મો જોવા માટે લગભગ ઘરોમાં થઈ રહ્યા છે. ભાઈઓ ! તમારી પાસે આ બધુ મૂકવા રાખવાની યોજના સાધનો છે, જગા નથી તો અલ્લાહ વ રસૂલનાં કલામ, તેમની વાતોથી ભરપુર કિતાબોની અદબ માટે કોઈ જગા નથી ! કેટલા અફસોસની વાત છે ! જે દીન જન્નતનો જામિન છે તેની કિતાબો ઘરમાં રાખી નથી શકતા અને બહાનુ બેઅદબી થવાનું બતાવાય છે ! અરે ! મેગેઝિનોને વરસ વાર બાઈડિંગ કરાવીને રાખી દો, ગમે ત્યારે તમે કે ઔલાદને અલ્લાહ તૌફીક આપશે તો વંચાશે કે જેમાંના લેખો દુર્લભ હોય છે. જેનો એક લેખ કે કિતાબની એક વાત દિલ પર લાગી જશે તો દુનિયા આખેરત સંવરી જશે, ઈન્શા અલ્લાહ !

અને જેઓને ત્યાં પરદેશમાં ગુજરાતી ભાષા વાંચનારા જ નથી, જેમના ઘરના મેમ્બરો ગુજરાતી નથી જાણતા તેઓ એવી કિતાબોને કબ્રસ્તાનમાં દફનાવી શકે છે, કબર જેવું બનાવી દફન કરી આપે અથવા પોતાના અન્ય પાર્સલો કપડાં વગેરે મોકલતા હોય છે દેશના સગાંઓને તેમના પર મોકલી આપે અથવા અમને મોકલી આપે, અમે દફનનુ આયોજન કરીશું.

## ઈલ્મે દીનની ફઝીલત કુર્આન હદીષની રૂએ

અલ્લાહ عزوجل ફર્માવે છે :–

قل هل يستوى الذين يعلمون والذين لا يعلمون انما يتذكراولو الالباب

"તમે ફર્માવી દો કે શું જાણકાર અને અજાણ બરાબર છે ? નસીહત તો તેઓ જ માને છે જેઓ બુદ્ધિશાળી છે." ઈલ્માના ફઝાઈલ બતાવતી ઘણી હદીષો આવી છે. થોડીક હદીષોનું બયાન કરવામાં આવે છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જે માણસ સાથે અલ્લાહ તઆલા ભલાઈનો ઈરાદો કરે છે તેને દીનનો ફકીહ બનાવે છે, અને હું વહેંચું છું અને અલ્લાહ આપે છે. *(બુખારી, મુસ્લિમ)*

ફર્માવ્યું કે, "આલિમની ફઝીલત આબિદ પર એ રીતની છે જેવી મારી ફઝીલત તમારા અદના પર." પછી ફર્માવ્યું કે એના ફરિશ્તા તથા તમામ આસમાન તથા જમીનવાળા એટલે સુધી કે કીડી પોતાના દરમાં અને એટલે સુધી કે માછલી એમની ભલાઈ ઈચ્છે છે જેઓ લોકોને સારી ચીજની તાલીમ આપે છે. *(તિર્મિઝી)*

અને ફર્માવ્યું કે એક ફકીહ હજાર આબિદ કરતાં શૈતાન પર વધારે સખ્ત છે. *(તિર્મિઝી, ઈબ્ને માજા)* અને ફર્માવ્યું કે ઈલ્મ હાંસલ કરવો દરેક મુસ્લિમ પર ફર્ઝ છે, અને લાયક ન હોય તેની પાસે ઈલ્મ રાખવાવાળો એવો છે જેવો કે સુવ્વરના ગળામાં જવાહિર અને મોતી તથા સોનાના હાર નાખનાર. *(ઈબ્ને માજા)*

અને ફર્માવ્યું કે, જે શખ્સ ઈલ્મ હાંસલ કરવા માટે ઘેરથી નીકળ્યો તે જ્યાં સુધી પાછો ન ફરે ત્યાં સુધી અલ્લાહની રાહમાં છે. *(તિર્મિઝી, દારમી)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે **રાત્રે એક ઘડી પઢવું, પઢાવવું સારી રાતની ઈબાદતથી અફઝલ છે.** *(દારમી)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આલિમોની શાહી શહીદોના લોહી વડે તોલવામાં આવશે અને એનાથી વધી જશે. *(ખતીબ)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, આલિમોનું દષ્ટાંત એવું છે જેવા કે આસમાનમાં સિતારાઓ છે જેનાથી જમીન અને દરિયાના અંધકારમાં રસ્તો મળે છે અને જો સિતારાનું અસ્તિત્વ ન રહે તો રસ્તે ચાલનારા ભટકી જશે. *(અહમદ)* અને ફર્માવ્યું કે જેણે ઈલ્મ તલબ કર્યો અને હાંસલ કરી લીધો એને માટે ડબલ બદલો છે અને હાંસલ ન થયો તો એક બદલો છે. *(દારમી)*

**મસ્અલા** : થોડુક કુર્આન મજીદ યાદ કરી ચૂક્યો છે અને એની પાસે સમય હોય તો અફઝલ એ છે કે ઈલ્મે ફિક્હ શીખે કેમ કે કુર્આન મજીદ હિફઝ કરવું **ફર્ઝે કિફાયા** છે અને ફિક્હની જરૂરી વાતો જાણવી **ફર્ઝે ઐન છે.** *(કાનૂને શરીઅત)*


**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાનાં લેટેસ્ટ પ્રકાશનો**
**ગયા વરસ દરમ્યાનનાં પ્રકાશનો**

- **રસૂલે ખુદા** صلی اللہ علیہ وسلم**નો ગયબનો ઈલ્મ** *(અઝ : હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી-મુબારકપુર)*
- **હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ **પર એક નજર** *અઝ : હઝરત અલ્લામા મુફતી અહમદ યારખાં* رحمۃ اللہ علیہ
- **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ-૬)
- **પાંચ નબવી નસીહતો** : *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી)*
- **ગુલદસ્તાએ સીરતુન્નબી** صلی اللہ علیہ وسلم *(અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી)*
- **૧૫૦૦ મી મીલાદુન્નબી નિમિત્તે મીલાદુન્નબી** صلی اللہ علیہ وسلم **વિશેષાંક** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*
- **ઈઝરાઈલની હકીકત ઈતિહાસના આઈનામાં** *(બરકાતે ખ્વાજા મંથલી લેખ સંગ્રહ)*

(**સર્વ કિતાબોના સંપાદક / અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**:: અમારા આગામી પ્રકાશનો ::**

- **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ** (ભાગ-૭ તથા ૮)
- **મઆરિજુન્નબુવ્વત** (સીરતે રસૂલ صلی اللہ علیہ وسلم પર કિતાબ).... વગેરે

**નોંધ** : રૂા. ૧૦૦૦/- ભરી અંજુમનના મેમ્બર થનારને વરસભર છપાતી કિતાબો ડાયરેક્ટ મળતી રહેશે. (સંપર્ક નં. : ૯૪૨૭૪ ૬૪૪૧૧

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને સરદારો બોલ્યા ફિરઓનની કોમના, "શું તું મૂસાને અને તેની કૌમને એટલા માટે છોડી મૂકે છે કે તેઓ ધરતીમાં તોફાન ફેલાવે ?[૫૯] અને મૂસા તને તારા બનાવી કાઢેલા મઅબૂદોને ત્યજી દે ?[૬૦] બોલ્યા, "હવે આપણે તેમના દીકરાઓને મારી નાખીશું. અને દીકરીઓને જીવતી રહેવા દઈશું. અને આપણે એમના પર બેશક ! કાબૂ ધરાવનાર છીએ[૬૧] અને ધીરજ ધરો.[૬૩] બેશક ! જમીનનો માલિક અલ્લાહ છે.[૬૪] પોતાના બંદાઓમાંથી જેને ઈચ્છે તેને (જમીનનો) વારસદાર બનાવે,[૬૫] અને અંતે મેદાન પરહેઝગારોના હાથમાં છે.[૬૬] (૧૨૮) બોલ્યા, "અમને તમારા આગમન પહેલાં પણ સતાવવામાં આવ્યા[૬૭] અને તમારી પધરામણી થયા પછી (પણ)[૬૮] (મૂસાએ) કહ્યું, નજીક છે કે તમારો રબ નાશ કરે તમારા દુશ્મનનો અને તેની જગ્યાએ જમીન (દેશ) ના માલિક તમને બનાવે, પછી જુએ (કે તમે) કેવાં કર્મ કરો છો[૬૯] (૧૨૯) અને બેશક ! અમે ફિરઓનવાળાઓને વર્ષોનો દુકાળ અને ફળ ફળાદી ખૂટાડીને પકડયા.[૭૦] કે કયાં તેઓ શિખામણ માને[૭૧] (૧૩૦) તો જ્યારે તેમને ભલાઈ (સુખ) મળતી[૭૨] કહેતા આ અમારા માટે છે.[૭૩] અને

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

وَ قَالَ الْمَلَاُ مِنْ قَوْمِ فِرْعَوْنَ اَتَذَرُ مُوْسٰى وَ قَوْمَهٗ لِیُفْسِدُوْا فِی الْاَرْضِ وَ یَذَرَكَ وَ اٰلِهَتَكَ ؕ قَالَ سَنُقَتِّلُ اَبْنَآءَهُمْ وَ نَسْتَحْیٖ نِسَآءَهُمْ ۚ وَ اِنَّا فَوْقَهُمْ قٰهِرُوْنَ ﴿۱۲۷﴾ قَالَ مُوْسٰى لِقَوْمِهِ اسْتَعِیْنُوْا بِاللّٰهِ وَ اصْبِرُوْا ۚ اِنَّ الْاَرْضَ لِلّٰهِ ۙۚ یُوْرِثُهَا مَنْ یَّشَآءُ مِنْ عِبَادِهٖ ؕ وَ الْعَاقِبَةُ لِلْمُتَّقِیْنَ ﴿۱۲۸﴾ قَالُوْۤا اُوْذِیْنَا مِنْ قَبْلِ اَنْ تَاْتِیَنَا وَ مِنْۢ بَعْدِ مَا جِئْتَنَا ؕ قَالَ عَسٰى رَبُّكُمْ اَنْ یُّهْلِكَ عَدُوَّكُمْ وَ یَسْتَخْلِفَكُمْ فِی الْاَرْضِ فَیَنْظُرَ كَیْفَ تَعْمَلُوْنَ ﴿۱۲۹﴾ وَ لَقَدْ اَخَذْنَاۤ اٰلَ فِرْعَوْنَ بِالسِّنِیْنَ وَ نَقْصٍ مِّنَ الثَّمَرٰتِ لَعَلَّهُمْ یَذَّكَّرُوْنَ ﴿۱۳۰﴾ فَاِذَا جَآءَتْهُمُ الْحَسَنَةُ قَالُوْا لَنَا هٰذِهٖ ۚ وَ اِنْ تُصِبْهُمْ سَیِّئَةٌ یَّطَّیَّرُوْا بِمُوْسٰى وَ مَنْ مَّعَهٗ ؕ اَلَاۤ اِنَّمَا طٰٓئِرُهُمْ عِنْدَ اللّٰهِ وَ لٰكِنَّ اَكْثَرَهُمْ لَا یَعْلَمُوْنَ ﴿۱۳۱﴾ وَ قَالُوْا مَهْمَا تَاْتِنَا بِهٖ مِنْ اٰیَةٍ لِّتَسْحَرَنَا بِهَا ۙ فَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِیْنَ ﴿۱۳۲﴾

### :: સમજૂતી ::

**૫૯ :** અર્થાત મિસરમાં (રહીને) તારો વિરોધ કરે અને ત્યાંના રહીશોનો ધર્મ બદલે, અને આવું તેમણે એટલા માટે કહ્યું હતું કે જાદુગરો સાથે છ હજાર માણસો ઈમાન લાવી ચૂકયા હતા. *(મદારિક)* **૬૦ :** કે ન તો તારી પૂજા કરે ન તો તારા બનાવેલા મઅબૂદોની. સદીનું કથન એ છે કે ફિરઔને પોતાની કૌમ માટે મૂર્તિઓ બનાવી આપી હતી અને તેમને પૂજવાનો આદેશ આપતો હતો. અને કહેતો હતો કે હું તમારો પણ રબ છું, અને આ મૂર્તિઓનો પણ. અમુક મુફસ્સિરોનું કહેવું છે કે ફિરઔન દેહરી (નાસ્તિક) હતો, એટલે કે જગતના સર્જકના અસ્તિત્વને નકારનાર. તેનું માનવું હતું કે પાર્થિવ

*જ્યારે બુરાઈ (દુઃખ) મળતું ત્યારે મૂસા અને તેમના સાથીદારોના અપશકુન ગણતા.[૭૪] સાંભળો! તેમના ભાગ્યની કમબખ્તી તો અલ્લાહ પાસે છે,[૭૫] પણ તેમનામાં વધુને ખબર નથી (૧૩૧) અને બોલ્યા, "તમે અમારા પર જાદુ કરવા કોઈ પણ નિશાની લઈને આવો (પણ) અમે કોઈ પણ રીતે તમારા પર ઈમાન લાવનાર નથી[૭૬] (૧૩૨)*

જગતના સંચાલક ગ્રહો છે. તેથી જ તેને ગ્રહોની શિકલ જેવી મૂર્તિઓ બનાવડાવી હતી, પોતે પણ તેમની ઈબાદત કરતો હતો અને બીજાઓને પણ ઈબાદતનો હુકમ આપતો હતો. અને પોતાને ધરતીનો અનુસરવા લાયક આદરનીય માનતો હતો. તેથી જ "અના રબ્બુકુમુલ અઅ્લા" (હું જ તમારો મહાન રબ છું) કહેતો હતો. **૬૧** : ફિરઔની કૌમના સરદારોએ ફિરઔનને જે એવું કહ્યું હતું કે શું તું મૂસાને અને તેની કૌમને એટલા ખાતર છોડી દે છે કે તેઓ ધરતીમાં તોફાન મચાવે ? તો એથી તેમનો હેતુ મૂસા علیہ السلام અને આપની કૌમને મારી નાખવા માટે ફિરઔનને પાણી ચઢાવવાનો હતો. જ્યારે તેમણે એવું કહ્યું ત્યારે મૂસા علیہ السلامએ તેમને કુદરતી કોપ ઉતરવાથી ડરાવ્યા અને ફિરઔન પોતાની કૌમની ઈચ્છા પૂરી કરવા શક્તિમાન ન હતો, કારણ કે તે મૂસા علیہ السلامના મો'જિઝાની તાકાતથી હેબતાઈ ગયો હતો. તેથી જ તેણે પોતાની કૌમને કહ્યું કે આપણે બની ઈસ્રાઈલના છોકરાઓને મારી નાખીશું અને છોકરીઓને જીવતી રાખીશું. એનાથી તેનો હેતુ એ હતો કે મૂસા علیہ السلامની કૌમની સંખ્યા ઘટાડીને તેમની તાકાત ઓછી કરી નાખીશું. અને લોકોમાં પોતાનો ભરમ રાખવા એવું પણ કહી નાખ્યું કે બેશક ! આપણે તેમના પર કાબૂ ધરાવીએ છીએ. પણ ફિરઔનના એ કહેવાથી કે આપણે બની ઈસ્રાઈલના છોકરાઓને મારી નાખીશું, બની ઈસ્રાઈલમાં થોડી પરેશાની પેદા થઈ, અને તેમણે મૂસા علیہ السلامને ફરિયાદ કરી. તેના જવાબમાં મૂસા علیہ السلامએ આ કહ્યું જે આગળની (આયતોમાં) આવે છે.

**૬૨** : તે પૂરતો છે. **૬૩** : મુસીબતો અને બલાઓમાં, અને ગભરાઓ નહીં. **૬૪** : અનેમિસરની ધરતી પણ એમાં સામેલ છે. **૬૫** : આવું કહીને મૂસા علیہ السلامએ બની ઈસ્રાઈલને આશા અપાવી કે ફિરઔન અને તેની કૌમ નાશ પામશે, અને બની ઈસરાઈલ તેમની ધરતી અને શહેરોના માલિક બનશે. **૬૬** : તેમના જ માટે વિજય અને સફળતા છે અને તેમના જ માટે શ્રેષ્ઠ આકેબત. **૬૭** : કે ફિરઔન અને ફિરઔનીઓએ જાતજાતની મુસીબતમાં સપડાવ્યા હતા. અને છોકરાઓને મોટી સંખ્યામાં મારી નાખ્યા હતા. **૬૮** : કે વળી પાછો તે અમારી ઔલાદને મારી નાખવાનો ઈરાદો ધરાવે છે તો અમારી મદદ ક્યારે થશે ? અને આ મુસીબત ક્યારે દૂર કરાશે ? **૬૯** : અને નેઅમતનો આભાર કેવી રીતે માનો છો ? **૭૦** : અને મુફલિસી તેમજ ભૂખમરામાં સપડાવ્યા. **૭૧** : અને કુફ્ર તેમજ હુકમની અવહેલના કરવાનું છોડી દે. ફિરઔને પોતાની ચારસો વરસની ઉમરમાંથી ત્રણસો વીસ વરસ તો એવા આરામથી વિતાવ્યાં હતાં કે એ મુદતમાં કદી પણ દુઃખાવો તાવ કે ભૂખ અનુભવ્યાં ન હતાં, હવે દુકાળની મુસીબત તેમના પર એટલા માટે નાખવામાં આવી કે (કદાચ) તેઓ એ મુસીબત (ના અનુભવ)થી જ ખુદાને યાદ કરે, અને તેના તરફ ધ્યાન આપે. પરંતુ તેઓ કુફ્રમાં એટલા પાકા થઈ ગયા હતા કે આ મુસીબતોથી પણ તેમના ઉધામાં વધતા જ ગયા. **૭૨** : અને સસ્તાઈ, માલદારી, શાંતિ અને સુખ મળતાં. **૭૩** : એટલે કે અમે એના યોગ્ય જ છીએ, અને અલ્લાહની કૃપા ન ગણતા અને તેનો આભાર ન માનતા. **૭૪** : અને કહેતા કે આ મુસીબતો તેમના કારણે જ આવી છે, જો એ ન હોત તો આ મુસીબતો ન હોત. **૭૫** : જે તેણે નક્કી કર્યું છે તે જ આવે છે. અને આ (મુસીબત) તો એમના કુફ્રના લીધે છે. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે મોટી કમબખ્તી તો તે છે જે એમના માટે અલ્લાહના ત્યાં છે, એટલે કે દોઝખનો અઝાબ.

**૭૬** : જ્યારે તેમની નાફર્માની એટલી હદે વધી ગઈ ત્યારે હઝરત મૂસા علیہ السلامએ તેમના માટે બદ્દુઆ કરી. આપ "મુસ્તજાબુદઅવાત" (જેની દુઆ હમેશાં કબૂલ થતી હોય તે) હતા. દુઆ કબૂલ થઈ.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### (વિભાગ : ૨)

*"હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મને નબી કરીમ صلی اللہ علیہ وسلم એ કુર્આનમાં પંદર સજદા પઢાવ્યા જેમાંથી ત્રણ મુફસ્સલમાં છે અને બે સૂરએ હજ્જમાં[૧]." (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષ ઈમામ માલિકની દલીલ છે કે એમને ત્યાં કુર્આને કરીમમાં પંદર સજદા છે. કેમ કે તે સૂરએ સ઼ાદમાં પણ સજદો માને છે અને સૂરએ હજ્જમાં બે સજદા માને છે. જમહૂર (બહુમતિ) ઉલમાની નજીક ૧૪ સજદા છે પણ ઈમામ અબૂ હનીફાની નજીક સૂરએ સ઼ાદમાં સજદો છે તો સૂરએ હજ્જમાં કેવળ એક સજદો. અને શાફઈઓની નજીક સૂરએ હજ્જમાં બે સજદા છે તો સૂરએ સ઼ાદમાં સજદો નથી. આ હદીષ અસ્નાદના લેહાઝથી ઝઈફ છે કે એમાં એક રાવી અબ્દુલ્લાહ ઈબ્ને મુનૈન છે જે ઝઈફ છે. શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે ઈબ્ને મુનૈન ભરોસાપાત્ર નથી. ઈબ્ને કત્તાને કહ્યું કે તે મજહૂલ છે. સારાંશ આ હદીષ અમલને પાત્ર નથી.

*"હઝરત ઉક઼બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! صلی اللہ علیہ وسلم સૂરએ હજ્જને આટલા પ્રમાણમાં બુઝુર્ગી આપવામાં આવી કે એમાં બે સજદા છે? ફર્માવ્યું, હા! જે આ બે સજદા ન કરે[૧] તે એ બંનેને ન પઢે. (અબૂ દાઊદ, તિર્મિઝી) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષની અસ્નાદ ક઼વી નથી[૨]. અને મસાબીહમાં છે કે સૂરએ હજ્જ ન પઢે. જેવું કે શરહુસ્સુન્નહમાં છે."*

**૧.** આ હદીષ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની દલીલ છે કે સૂરએ હજ્જમાં બે સજદા છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ની નજીક સૂરએ હજ્જમાં કેવળ એક સજદો છે, એટલે પહેલો. બીજી આયતમાં નમાઝનો સજદો મુરાદ છે ન કે તિલાવતનો સજદો. કેમ કે ત્યાં ઈર્શાદ થયો : ارْكَعُوْا وَاسْجُدُوْا "રુકૂઅ કરો તથા સજદો કરો." *(૨૨/૭૭, કન્ઝુલ ઈમાન)* એટલ કે સુજદાનું રુકૂઅ સાથે વર્ણન થયું, અને રુકૂઅ સજદા સાથે આવે ત્યાં નમાઝનો સજદો મુરાદ હોય છે. રબ તઆલા ફર્માવે છે : وَاسْجُدِیْ وَارْكَعِیْ "અને એના માટે સજદો કરો અને રુકૂઅવાળાઓની સાથે રુકૂઅ કર." *(૩/૪૩, કન્ઝુલ ઈમાન)* તેમજ તહાવીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે સૂરએ હજ્જમાં પ્રથમ સજદો અઝીમત છે અને બીજો સજદો તા'લીમ. તેમજ આ હદીષ ઝઈફ હોવા ઉપરાંત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની પણ વિરુદ્ધ છે કેમ કે તે કુર્આની સજદા વાજિબ નથી માનતા, સુન્નત માને છે, આ હદીષથી વાજિબ હોવું સાબિત થાય છે! કે ફર્માવ્યું, જે આ સજદો ન કરે તે આ સૂરત જ ન પઢે. સારાંશ કે આ હદીષથી દલીલ કરવું મજબૂત નથી.

**૨.** કેમ કે એની અસ્નાદમાં ઈબ્ને લહીઆ શાફઈઓની નજીક ઝઈફ છે, અને ઈબ્ને શરઅ, ઈબ્ને હામાન આમ મુહદ્દિષોની નજીક મજરૂહ છે. જેથી આ હદીષથી દલીલ કરવું યોગ્ય નથી.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ علیہ السلام એ ઝોહરમાં સજદો કર્યો પછી ઉભા થયા, પછી રુકૂઅ કર્યો. લોકો સમજ્યા કે આપે તન્ઝીલલ સજદા પઢી[1]." (અબૂ દાઊદ)*

**૧.** સહાબાએ એ એટલા માટે સમજ્યું કે હુઝૂરે અન્વર ﷺ ખામોશીની નમાઝોમાં સૂરતની એકાદ આયત અવાજથી પઢી દેતા હતા જેથી જાણ થાય કે ફલાણી સૂરત પઢી રહ્યા છે. આ હદીષથી જાણવા મળ્યું કે સુન્નત છે કે નમાઝમાં સજદાની આયત પર સજદો કરે પછી બાકી સૂરત પઢીને રુકૂઅ કરે. અને જો પૂરી સૂરત પઢીને સજદો કરે તો પણ જાઈઝ છે. અને જો રુકૂઅમાં જ તિલાવતનો સજદો કરવાની નિય્યત કરે તો પણ દુરુસ્ત છે પણ પહેલી સ્થિતિ અફઝલ છે. હઝરત અમ્ર ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નમાઝમાં સજદાની આયત પઢીને રુકૂઅમાં સજદાની નિય્યતને દુરુસ્ત માનતા હતા અને કોઈ સહાબીએ તેમનો વિરોધ નથી કર્યો. *(મિર્કાત)*

*"તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ અમારા પર કુર્આન પઢતા જ્યારે સજદાની આયત પર પસાર થતા તો તકબીર કહેતા અને સજદો કરતા. અમે આપની સાથે સજદો કરતા." (અબૂ દાઊદ)*

**૧.** જાહેર એ છે કે અહીં નમાઝ બહારનું વર્ણન છે. એનાથી જાણવા મળ્યું કે તિલાવતનો સિજદો પઢનાર સાંભળ નાર બંનેવ પર વાજિબ છે. અને આ સજદામાં કેવળ એક તકબીર કહે. હાથ ઉઠાવવાની કે સજદા બાદ સલામ ફેરવવાની જરૂરત નથી. જેવું કે ઈમામ શાફઈ ફર્માવે છે, હા ! મુસ્તહબ એ છે કે ઉભા થઈને સજદામાં જાય અને પછી ઉભો થઈ જાય જેવું કે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી મરવી છે. કેમ કે આ સજદામાં બઈશારએ કુર્આની જરૂરત પડવું છે અને પડવું ઉભા રહીને કામિલ છે.

*"એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફતહે મક્કાના વરસે સજદાની આયત પઢી. સર્વ લોકોએ સજદો કર્યો[1] એમનામાં સવાર તથા જમીન પર સજદો કરવાવાળા, ત્યાં સુધી કે સવાર પોતાના હાથ પર સજદો કરતા હતા."*

**૧.** આ બનાવ સૂરએ વન્નજ્મ પઢવા સિવાયનો છે, કેમ કે આજે મક્કા મોઅઝ્ઝમામાં કોઈ મુશ્રિક ન હતો અને ત્યાં મક્કાના મુશ્રિકોએ પણ સજદો કર્યો હતો. આ હદીષથી જાણવા મળ્યું કે તિલાવતનો સિજદો સવાર પોતાના હાથ પર કરી શકે છે, ઉતરવું જરૂરી નથી. એ જ ઈમામે આ'ઝમનો ક઼ૌલ છે.

**૨.** આ હદીષ તે લોકોની દલીલ છે જેઓ કહે છે કુર્આનમાં ૧૧ સજદા છે, કેમ કે ૧૪ સજદાઓમાંથી જ્યારે મુફસ્સલના ત્રણ સજદા નીકળી ગયા તો ૧૧ બાકી રહ્યા. પણ આ હદીષ ઝઈફ છે કેમ કે એની અસ્નાદમાં અબૂ ક઼ુદામા બસરી છે જે ઝઈફ છે (નવવી) તેમજ હઝરત અબૂ હુરૈરહ્‌ની હદીષ ક઼વી છે જેમાં છે કે અમે હુઝૂરે અન્વર ﷺની સાથે અન્શક્ક઼ત તથા ઈક઼રામાં સજદો કર્યો. હઝરત અબૂ હુરૈરહ્ હિજરત પછી એટલે હિ.સ. ૭માં ઈમાન લાવ્યા. હમણા હઝરત ઈબ્ને ઉમરની હદીષ વર્ણન થઈ કે હુઝૂરે અન્વર ﷺએ ફતહે મક્કાના વરસે સૂરએ વન્નજ્મ પઢી અને સૌએ સજદો કર્યો. તેમજ આ હદીષ નાફ઼ી (નકાર કરનાર) અને તે હદીષ હકારાત્મક છે. જ્યારે સાબિતી તથા નકારમાં ટકરાવ હોય તો સાબિતીવાળીને અગ્રતા આપવામાં આવે છે. સારાંશ કે આ હદીષ અમલને પાત્ર નથી. મુફસ્સલમાં ત્રણ સજદા છે. (વન્નજ્મ, ઈલસ્સમાઉન્ શક્ક઼ત, ઈક઼રા)

*'હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ હિજરતના પછી તવાલે મુફસ્સલની કિરાઅત દરમિયાન સજદો નથી કર્યો[૧]." (અબૂ દાઊદ)*

**૧.** યાદ રાખશો કે જો તિલાવતનો સજદો ફર્ઝ નમાઝમાં કરે તો એમાં સજદાની તસ્બીહ પઢવી અફઝલ છે અને જો નમાઝની બહાર કરે તો ઈખ્તિયાર છે ચાહે તસ્બીહો પઢે કે પછી બીજી દુઆઓ અથવા બંનેવ પઢે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم રાતમાં કુર્આની સજદાઓમાં આ પ્રમાણે કહેતા હતા, "મારી જાતે તને સજદો કર્યો જેણે એને પેદા કરી અને તેના કાન તથા આંખ પોતાની શક્તિ તથા કુવ્વતથી ચીર્યા[૧]." (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ) અને તિર્મિઝી ફર્માવે છે કે આ હદીષ હસન સહીહ છે.*

**૧.** અહીં તહજ્જુદની નમાઝ અથવા નમાઝના બહાર તિલાવતનો સજદો મુરાદ છે. કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્ઝ નમાઝ મસ્જિદમાં પઢાવતા હતા. એ વખતે હઝરત આઈશા رضی اللہ عنہا હુઝૂરની સાથે રહેતા ન હતાં. ફત્હુલ કદીરમાં છે કે તિલાવતના સજદામાં આ આયત પઢવી પણ બેહતર છે : سُبْحٰنَ رَبِّنَآ اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا "પાકી છે અમારા રબને બેશક! અમારા રબનો વાયદો પૂરો થવાનો હતો." (૧૭/૧૦૮, કન્ઝુલ ઈમાન) રબ તઆલા ફર્માવે છે : يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا ۙ وَّيَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَآ اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا "હડપચીભેર સજદામાં ગબડી પડે છે." *(૧૭/૧૦૭) ક.ઈમાન)*

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો[૧]. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં આજે રાતે ખ્વાબમાં મને જોયો કે જાણે હું એક ઝાડની પાછળ નમાઝ પઢી રહ્યો છું. મેં સજદો કર્યો[૨] મારા સજદાની સાથે ઝાડે પણ સજદો કર્યો. મેં તેને એવું કહેતાં સાંભળ્યું[૩] ઈલાહી ! આ સજદાની બરકતથી તારી પાસે મારા માટે સવાબ લખ અને મારો ગુનોહ દૂર કર અને એને મારા માટે તારે ત્યાં ઝખીરો બનાવ[૪]. અને એને મારાથી એવું જ કબૂલ કર જેવું તારા બંદા દાઊદથી કબૂલ કર્યુ હતું. ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે પછી નબી કરીમ صلی اللہ علیہ وسلم એ સજદાની આયત પઢી[૫]. પછી સજદો કર્યો તો આપને એ જ પ્રમાણે કહેતાં સાંભળ્યા જેવી રીતે એ શખ્સે દરખ્તના કૌલની ખબર આપી હતી[૬]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) પણ ઈબ્ને માજહએનો ઉલ્લેખ નથી કર્યો. તિર્મિઝીએ કહ્યું, આ હદીષ ગરીબ છે.*

**૧.** આ આવનાર હઝરત અબૂ સઈદ ખુદરી હતા, જેવા કે અમુક રિવાયતોમાં સ્પષ્ટપણે છે, ન કે કોઈ ફરિશ્તો. **૨.** તિલાવતનો સિજદો એ રીતે કે નમાઝમાં સૂરએ સાદ (ص) પઢી અને સજદાની આયત પર સજદો કર્યો, જેવું કે આગલા લખાણથી માલૂમ પડી રહ્યું છે. **૩.** જાહેર એ છે કે આ કૌલ ખુદ ઝાડનો જ છે, કેમ કે ઝાડો વગેરે સજદા પણ કરે છે અને તસ્બીહ પણ. શક્ય છે કોઈ ફરિશ્તાનો કૌલ હોય જે ઝાડથી જાહેર થઈ રહ્યો હોય. જેવી રીતે તૂર પર મૂસા علیہ السلام એ ઝાડ સાથે રબનું કલામ સાંભળ્યું હતું. પ્રથમ મજબૂત છે. **૪.** દરેકનું એ કહેવું તે સહાબીને અને એમના પછી સર્વ મુસલમાનોને તા'લીમ આપવા માટે છે, નહીં તો એમના માટે ન સવાબ છે ન ગુનાહોની માફી, કેમ કે એ ગુનેહગાર જ નથી. **૫.** સૂરએ સાદ (ص)ની. જાહેર એ છે કે કેવળ આયતે સજદા જ નમાઝથી બહાર પઢી. એટલા માટે ફકીહો ફર્માવે છે કે તિલાવત દરમિયાન સજદાની આયત તિલાવત કરીને સજદો કરવો વિના કરાહતે જાઈઝ છે. **૬.** ઉલમા ફર્માવે છે કે સૂરએ સાદ (ص)ના સજદામાં આ દુઆ પઢવી અધિક બેહતર છે. મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂર અન્વર صلی اللہ علیہ وسلم એ ખ્વાબની તા'બીર એ આપી કે એ ઝાડ હું છું, અને સહાબીથી મુરાદ સર્વ ઉમ્મત છે. એટલા માટે ખુદ સજદો કરીને એમાં આ દુઆ પઢીને બતાવી આપ્યું. **૭.** પણ હાકિમે એને સહીહ કહી. અને અન્ય મુહદ્દિષોએ હસન ફર્માવ્યું. અને એ યાદ રાખશો કે ગરાબત (ગરીબ હોવું) સહીહ હોવાની વિરુદ્ધ નથી અને જો ઝઈફ પણ હોય તો ફઝાઈલે આમાલમાં સ્વીકાર્ય છે. –*(ક્રમશઃ)*

શરહે
# હદાઈકે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ : ૮૦)

### ઈમાન હે કાલે મુસ્તફાઈ-કુર્આન હે હાલે મુસ્તફાઈ

*(કાલ = વાતચીત, વાત જે આપે ફર્માવી, હાલ = હાલત તથા કૈફિયત, મુસ્તફાઈ = મુસ્તફાઈવાળા)*

**અર્થાત** : સરકારે મદીના, સુરૂરે કલ્બો સીના અહમદે મુજતબા જનાબે મુહમ્મદ મુસ્તફા ﷺની પ્યારી પ્યારી વાતોનું નામ ઈમાન છે, અને આપની હાલતો તથા કૈફિયતોનું નામ કુર્આન છે. કુર્આન મજીદમાં છે : وانہ لذکرک ولقومک, "આ કુર્આન આપનુ તથા આપની કૌમનું ઝિક છે."

કુઆને પાકે હુઝૂર ﷺની હાલતોને કેટલા પ્યારા અંદાઝમાં વર્ણન કરી. વદુહાથી ચમકતો ચહેરો. વલ્લૈલથી લતવાળી કાળી ઝુલ્ફ. یاایھا المزمل થી કમલ ઓઢવું. یاایھا المدثر થી ચાદર લપેટીને સૂવું વર્ણન કર્યુ. وانت حل بھذا البلد,થી મક્કાની ગલીઓમાં નાઝથી ચાલવું.

એ જ કારણે કુર્આન પઢનાર કારી બને, જિહાદ કરનાર ગાઝી બને, ફૈંસલો કરનાર કાઝી બને અને રુખે મુસ્તફા ઈમાન સાથે જોનાર સહાબી બને જે સર્વ ઉમ્મતથી અફઝલ તથા આ'લા છે. આપના ઈખ્તિયારોને માનવું કે જે ચીજ જેના માટે ચાહે હલાલ કરી આપે જેના માટે ચાહે હરામ કરી આપે. હઝરત અલીને બીજા નિકાહ કરવાથી મના કરી આપ્યું, એ પણ ઈમાન છે અને હઝરત સુરાકાના માટે સોનાના કંગન પહેરવાં જાઈઝ કરી આપ્યું એ માનવુ પણ ઈમાન છે.

*આપકા ઈશ્ક હૈ ઈશ્કે રબ્બુલ અલા આપકા ઝિક હૈ ખાસ ઝિક્રે ખુદા*
*ખુદ ખુદાકા યહ કુર્આંમેં એલાન હૈ જો તુમ્હારા નહીં વો હમારા નહીં*
*ઈસ્મે અહમદકી તાઝીમ કે મુન્કિરો ! ઉન્કી અઝમતકો કુર્આનમેં દેખ લો*
*બેલકબ ઉનકા નામ મુબારક કહે, ઉનકે મઅબૂદને ભી પુકારા નહીં*

### અલ્લાહકી સલ્તનત કા દુલ્હા-નક્શે તિમ્પાલે મુસ્તફાઈ

*(તિમ્પાલ = તસવીર, શકલ)*

**અર્થાત** : જો કોઈએ અલ્લાહ તઆલાની પૂરી હુકૂમત તથા રિયાસતનો બાદશાહ જોવો હોય તો તે મારા પ્યારા આકા ﷺની શકલે નૂરાનીનો જલ્વો તથા નિશાન જોઈ લે.

### કુલ સે બાલા રુસુલસે આ'લા–ઈજલા વ જલાલે મુસ્તફાઈ

**અર્થાત :** પ્યારા મુસ્તફા ﷺનો મક઼ામ તથા મર્તબો કુલ કાઈનાતથી અફઝલ તથા આ'લા છે, અને આપ સર્વ રસૂલોના ઈમામ તથા પેશવા છે અને સર્વ જહાનોની સરદારી આપના જ હાથમાં છે.

*મુહમ્મદ દહરકી રૂહે રવાં હૈ–મુહમ્મદ હી ઈમામે મુરસિલાં હૈ* ﷺ

### અદબાર સે તૂ મુઝે બચા લે–પ્યારે ઈક઼બાલે મુસ્તફાઈ

*(ઈકબાલ = સદનસીબી. અદબાર = બદબખ્તી)*

**અર્થાત :** હે મારા મુસ્તફા કરીમ ﷺની ઈક઼બાલમંદી ! ખુદારા પોતાની પ્યારી નિસ્બત (મુસ્તફાઈ)નો વાસ્તો ! મને પણ બદબખ્તી તથા નહૂસતથી બચાવી લે.

### મુરસલ મુશ્તાક઼ે હક્ક઼ હૈં ઔર હક્ક઼–મુશ્તાક઼ે વિસાલે મુસ્તફાઈ

*(મુરસલ = રસૂલો, મુશ્તાક઼ = શોખ રાખનાર, આતુર, હક્ક઼ = રબ, વિસાલ = મુલાકાત)*

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ તથા મુરસલીને એઝામ અલ્લાહ તઆલાની મુલાકાતના ખ્વાહિશમંદ છે, અને અલ્લાહ તઆલા પોતાના મહબૂબ પ્યારા મુસ્તફા ﷺની મુલાકાતનો મુશ્તાક઼ છે, જેવું કે મેઅરાજના બનાવમાં વર્ણન થઈ ચૂક્યું اِنَّ اللّٰہ قد اشتاق الی لقائک یا رسول اللّٰہ.

### ખ્વાહાને વિસાલે કિબરિયા હૈ–જોયાને જમાલે મુસ્તફાઈ

*(ખ્વાહાં = ચાહનાર, કિબરિયા = અલ્લાહ તઆલા, જોયાં = તલાશમાં હોવું, જમાલ = ખૂબસુરતી)*

**અર્થાત :** અલ્લાહ તઆલાના દીદારની તડપ રાખનારા (પ્યારા મૂસા علیہ السلام મેઅરાજની રાતે) જમાલે મુસ્તફાનો વારંવાર નઝારો કરીને "રબ્બિ અરેની !"વાળી પ્યાસ બુઝાવી રહ્યા છે. فقد رای الحق

### મહબૂબ વ મોહિબકી મિલ્ક હૈ ઈક–કૌનેન હૈ મુસ્તફાઈ

**અર્થાત :** બંને જહાન અને ખુદાની સર્વ ખુદાઈ પ્યારા મુસ્તફા કરીમ ﷺનો સામાન, દૌલત તથા મિલ્કિયત છે. કેમ કે મોહિબ્બ તથા મહબૂબની મિલ્કિયત એક જ હોય છે અને આ લેહાઝથી : *મહબૂબ વ મોહિબમેં નહીં મેરા તેરા.*

### અલ્લાહ ન છૂટે દસ્તે દિલસે–દામાને ખયાલે મુસ્તફાઈ

**અર્થાત :** હે મારા અલ્લાહ ! તારા પ્યારા મહબૂબ મુસ્તફા કરીમ ﷺની યાદ મારા દિલમાં એ પ્રમાણે સમાયેલી રહે કે કદી દિલથી અલગ નથાય, ત્યાં સુધી કે :–

*મૈં સો જાઉં યા મુસ્તફા કહતે કહતે–ખુલે આંખ સલ્લિ અલા કહતે કહતે*

મૌલાના જામી رحمۃ اللہ علیہએ મુસ્તફા ﷺના ખયાલને "કેટલો સારો" ખયાલ ઠરાવ્યો છે ! ફર્માવે છે :–

*બૂદ દર જહાં હર કસે રા ખયાલે–મારા અઝ હમા ખૂશ ખયાલે મુહમ્મદ* ﷺ

### હૈં તેરે સિપુર્દ સબ ઉમ્મીદેં–અય જૂદો નવાલે મુસ્તફાઈ

*(સિપુર્દ = સોંપાવામાં આવેલ, જૂદો નવાલ = સખાવત તથા બખ્શિશ)*

**અર્થાત :** હે મારા આક઼ા કરીમ પ્યારા મુસ્તફા ﷺના જૂદો કરમ ! મૈં તો મારી સર્વ તમન્નાઓ અને

આરઝૂઓ તને સોંપી આપી છે, તો હવે ભલા મને કોઈ ચીજની કમી હોય શકે છે ?! અને તે કઈ તમન્ના અને ખ્વાહિશ હશે જે પૂરી નહીં થઈ શકે ! જો કોઈએ હુઝૂર ﷺની બારગાહથી માગવાનો અંદાઝ શીખવો હોય તો આ'લા હઝરત رحمۃ اللہ علیہથી શીખે, જે સર્વ જમાનાને આ અક઼ીદો અતા કરી રહ્યા છે :

*મુહમ્મદ ﷺ હી વકીલે ઝિંદગી હૈ–મુહમ્મદ ﷺ હી દલીલે બંદગી હૈ –(સૈયદ અમીન શાહ)*

**રોશન કર કબ્ર બેકસોંકી–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : હે પૂરી કાઈનાતને રોશન તથા મુનવ્વર કરનારી શમ્એ જમાલે મુસ્તફાઈ ! અમ નિરાધાર ગમના માર્યાઓની અંધારી કબ્રમાં આવીને પણ અજવાળુ કરી દે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અહયાઉલ ઉલૂમની ચોથી જિલ્દમાં લખ્યું છે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ પોતાની વફાતના સમયે વસિયત ફર્માવી કે જ્યારે મને દફન કરો તો મુસ્તફા ﷺનાં તબર્રુકાત (નખો મુબારક તથા બાલ મુબારક વગેરે) મારી કબરમાં રાખવાનુ ન ભૂલશો.

*હૈ સુબ્હે અઝલસે મેરી રૂહ તૂ–રસૂલે દો આલમ કે દર પર ખળી*
*રહૂં ઔર મરું ઔર ઉઠું ઈસ તરહ–મુહમ્મદ ﷺ કી સૂરત હો દિલમેં જળી*

**અંધેર હૈં બે તેરે મેરા ઘર–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! ﷺ મારા દિલની દુનિયા અને કબ્રની મંઝિલ તો તારા વિના અંધેર નગરી છે, જે તારા આવતાં જ નૂર તથા રોશનીથી ભરપુર થશે.

**મુઝકો શબે ગમ ડરા રહી હૈ–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

*(શબેગમ = દુ:ખોભરી રાત)*

**અર્થાત** : હે જમાલે મુસ્તફા ﷺની નૂરાની શમ્અ ! તું જલ્દી આવ અને આવીને તારી રોશની અતા ફર્માવ, કેમ કે ગમની રાતથી મને ખૂબ જ ડર લાગી રહ્યો છે. જેમના જમાલની તું શમ્અ છે તેમણે તો દુશ્મનોને પણ સીનાથી લગાડયા છે, તો પછી હું તો તેમનું નામ લેનારો તથા તેમનો કલમો પઢનારો છું.

*જો ભી દુશ્મન આયા હુઝૂર કા ઉસે બળ્હકે સીનેસે લગા લિયા*
*કહાં ઐસા કોઈ હૈ જો જફાકે બદલે વફા કરે*

**આંખોમેં ચમકકે દિલમેં આ જા–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

**અર્થાત** : હે મારા મુસ્તફા કરીમ ﷺના હુસ્નો જમાલની રોશન શમ્અ ! મારી આંખોંના થકી મારા દિલમાં ઉતરી જા કે જેથી માથાની આંખોથી મુસ્તફા ﷺનો દીદાર થઈ જાય અને દિલમાં આકાનો બસેરો થઈ જાય. પછી ન શબે ગમ રહે અને ન અંધારુ રહે. આંખોમાં નૂર આવી જાય, દિલમાં સુરૂર (ખુશી) આવી જાય.

**મેરી શબે તાર દિન બના દે–અય શમ્એ જમાલે મુસ્તફાઈ**

*(શબે તાર = અંધારી રાત)*

**અર્થાત** : હે શમ્એ જમાલે મુસ્તફાઈ ! મારી દરખાસ્ત કબૂલ કરી લે જેથી મારા કિસ્મતની અંધારી રાત ખુશ નસીબીના રોશન દિવસમાં તબદીલ થઈ જાય.

*જબ તક દિખાએ રાહ ન સીરત હુઝૂર કી–ભટકે હુવોંકી રાહનુમાઈ હો કિસ તરહ –(ક્રમશઃ)*

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-બીજો

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### (નવમી મજલિસ)

### ★ દુઆ તથા બલા વિશે ★

આ વરસે માહે રબીઉષ્ષાનીની દસમી તારીખ શનિવારે કદમબોસીની દોલત હાંસલ થઈ. દુઆની ચર્ચા આવી. ફર્માવ્યું કે દુઆ બલા નાઝિલ થતા પહેલાં કરવી જોઈએ. અરબી શબ્દોમાં ફર્માવ્યું કે જ્યારે બલા (ઉપરથી) નાઝિલ થાય છે તો દુઆ નીચેથી ઉપર જાય છે અને હવામાં બંનેનો એકબીજા સાથે ટકરાવ થાય છે. જો દુઆમાં શક્તિ અધિક હોય છે તો તે બલાને પાછળ હટાવી દે છે, નહીં તો બલા નીચે આવી જાય છે.

આ વાત મુજબની હાલ વર્ણવતી આ હિકાયત વર્ણવી કે જ્યારે તાતારી કાફિરોનું આક્રમણ થયું અને મોગલોની બલા નીશાપુર પહોંચી તો ત્યાંના બાદશાહે કોઈને શયખ ફરીદુદ્દીન અત્તાર قدس سرہ ની પાસે મોકલ્યો કે દુઆ કરો. તેમણે જવાબ આપ્યો કે દુઆનો સમય નીકળી ગયો, હવે તો રઝાનો સમય છે, એટલે ખુદાની તરફથી બલા નાઝિલ થઈ ચૂકી હવે પોતાને તેની મરજી પર છોડી દેવા જોઈએ. પછી ફર્માવ્યું કે બલાના નુઝૂલ પછી પણ દુઆ કરવી જોઈએ, ભલે (એ રીતે) બલા દૂર નથી થતી પરંતુ બલાની તકલીફો ઓછી થઈ જાય છે.

### ★ સબ્ર તથા રઝા વિશે ★

ત્યારબાદ સબ્ર તથા રઝાની ચર્ચા ચાલી. ફર્માવ્યું, સબ્ર એ છે કે જ્યારે બંદાને કોઈ નાપસંદ વાત ઉપસ્થિત થાય તો તેના પર સબ્ર કરે અને શિકાયત ન કરે, અને રઝા એ છે કે જ્યારે બંદાને કોઈ નાપસંદીદા ચીજથી વાસ્તો પડે તો તેનાથી તેને નાપસંદીદગી ન થાય, જાણે તેને બલાથી વાસ્તો જ નથી પડયો. પછી ફર્માવ્યું કે મુતકલ્લિમાન (બૌધ્ધિક તર્ક સાથે દીની મામલાઓને સાબિત કરનારા વિદ્વાન) આ ભાવાર્થને દુરુસ્ત નથી સમજતા. તેઓ કહે છે : કે એ કેવી રીતે વિચારી શકાય છે કે કોઈને નાપસંદ વાતથી ભેટો થાય અને તે તેના પર નારાજી ન ગુજરે ? ઈર્શાદ થયો કે એના ઘણા બધા જવાબ છે : એક એ કે મોટાભાગે એવું બને છે કે કોઈ શખ્સ રસ્તો ચાલી રહ્યો છે અને એના પગમાં કાંટો વાગી ગયો અને લોહી વહેવા લાગ્યું પરંતુ તે એટલી ઉતાવળમાં જઈ રહ્યો હોય છે અને એનું ધ્યાન કોઈ અન્ય બાજુ એ રીતે લાગેલુ હોય છે કે કાંટો ખોસાવાની એને તદ્દન ખબર જ નથી પડતી, કેટલીક વાર પછી ખબર પડે છે. અને ઘણીવાર એવું થાય છે કે એક શખ્સ જંગમાં મશગૂલ છે અને તેને કોઈ ઝખ્મ લાગ્યો પરંતુ તે લડાઈમાં એવો ખેવાયેલો હોય છે કે ઝખ્મને જરા પણ મેહસૂસ નથી કરતો. જ્યારે પોતાના ઠેકાણે પરત આવે છે તો એહસાસ થાય છે. તો જ્યારે આ પ્રકારની વ્યસ્તતા જેને વર્ણવવામાં આવી તકલીફથી બેખબર રાખી શકે છે તો જે શખ્સ હક્કમાં મશગૂલ થયો તેનું વ્યસ્તપણુ તો અધિક વધુ થશે.

ત્યારબાદ ફર્માવ્યું કે કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہએ એક જગાએ લખ્યું છે કે કોઈ શખ્સ કોઈ આક્ષેપમાં પકડાય ગયો. તેને હજાર સોટીઓ મારવામાં આવી પરંતું તેણે જરા પણ આહ કે રૂદન ન કર્યું અને તેના પર ઘા કે તકલીફની અસર પણ જણાતી ન હતી. સજા પામ્યા બાદ તેને પૂછવામાં આવ્યું કે તને આ મારથી જરા પણ તકલીફ ન થઈ ? તેણે જવાબ આપ્યો કે જ્યારે મને મારી રહ્યા હતા તો મારા મહબૂબે મને જોયો. તેની નજરની સામે મને જરા પણ તકલીફ ન થઈ.

ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે જે મજાઝી માશૂકની નજરની સામે હોય છે તેને દર્દની ખબર ન પડી તો હકીકી (માશૂક)ની સામે તો અધિક અંશે કૈફિયત થશે.

## ★ તવક્કુલ વિશે ચર્ચા ★

પછી તવક્કુલની ચર્ચા નીકળી ફર્માવ્યું કે તવક્કુલના ત્રણ દરજા છે : પ્રથમ દરજો એ છે કે જેમ કે કોઈ શખ્સ પોતાના દાવાના માટે કોઈને પોતાનો વકીલ કરે અને તે વકીલ આલિમ પણ હોય અને મુવક્કિલનો દોસ્ત પણ. તો મુવક્કિલને એ ઈત્મિનાન રહેશે કે મારો વકીલ પોતાના કામ મુકદ્દમાબાજીમાં હોશિયાર પણ છે અને મારો દોસ્ત પણ છે. આ સ્થિતિમાં તવક્કુલ પણ છે અને સવાલ પણ. કેમ કે કદી કદી તે પોતાના વકીલથી એ પણ કહેશે આ દાવામાં આ પ્રમાણે જવાબ આપજો અને આ કામને આ રીતે પૂર્ણ કરજો. જાણે તવક્કુલના પ્રથમ દરજામાં તવક્કુલ પણ હોય છે અને સવાબ પણ. તવક્કુલના બીજા દરજાનું દષ્ટાંત એવું છે કે જાણે કોઈ દૂધ પીતુ બાળક હોય તેની મા તેને દૂધ પીવડાવે છે. તેને કેવળ તવક્કુલ હોય છે, સવાબ નથી હોતો. બાળક એવું નથી કહેતુ કે મને ફલાણા સમયે દૂધ આપવું. બસ રડવા લાગે છે અને તકાઝો નથી કરતો અને એવું નથી કહેતો કે મને દૂધ આપો. પોતાની માની શફકત (હેત) પર તેને ભરોસો હોય છે. પરંતું તવક્કુલના ત્રીજા મર્તબાનું દષ્ટાંત મૈયતને ગુસલ આપનારાની સામે મુડદાના જેવુ છે. મુડદુ ગુસલ આપનારાને કોઈ સવાલ નથી કરતુ અને તેના થકી કોઈ હરકત નથી થતી. નવડાવનાર જે રીતની પણ તેને જરૂરત હોય છે તેને ફેરવતો નવડાવતો રહે છે. તવક્કુલનો ત્રીજો મર્તબો આ છે અને આ મર્તબો આ'લા છે અને બુલંદ છે.

એ જ મજલિસમાં ખાવાનુ લાવવામાં આવ્યું. હાજરજનોમાંથી એક શખ્સે હસી મજાકરૂપે કહ્યું કે હું ફલાણી જગાએ હતો અને મારુ પેટ ભરેલુ હતું. પરંતું જ્યારે રસાવાળુ ખાણુ (હલીમ જેવું) સામે લાવવામાં આવ્યું તો હું તેને છોડી ન શક્યો ! આ અને આવી અન્ય પ્રકારની ગમ્મતની વાતો તેણે કરી. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ સ્મિત કર્યું અને એ મોકાને અનુરૂપ એક હિકાયત વર્ણવી કે, હું એકવાર શયખ જમાલુદ્દીન બાંસવી رحمۃ اللہ علیہની પાસે ગયો. ઈશ્રાકનો સમય હતો અને ઠંડીની ઋતુ હતી. શયખ જમાલુદ્દીન મને સંબોધીને બે મિસ્રા પઢયા. (ફારસીનો અર્થ) : આજની ઠંડીમાં તો ઘી અને હરીસા (એક ભોજન) અને પરાઠા હોત તો ઘણુ સારુ થાત ! મેં કહ્યું કે ગાયબનો ઝિક્ર કરવું ગીબત છે ! શયખ જમાલુદ્દીન બોલ્યા કે મેં એને હાજર કરી લીધું છે ત્યારે કહું છું ! તો એ જ વખતે જેવું કે તેમણે કહ્યું હતું એ ચીજો લાવવામાં આવી. બિછાવેલા દસ્તારખાન અને મૌજૂદ ખાણાના સંબંધે હિકાયત વર્ણવી કે, એક મુહમ્મદ નામનો માણસ હતો. તે શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہની ખિદમત બેઠો હતો. ખાણુ લાવવામાં આવ્યું તો દસ્તરખાન અને ખાવા રાખવાનુ કપડુ મૌજૂદ ન હતું. શયખે બે આંગળીઓ વડે એક રેખા વર્તુળાકાર ખેંચી આપી અને તે શખ્સને કહ્યું કે, મુહમ્મદ ! બસ, સમજો કે આ જ દસ્તરખાન છે ! ત્યારબાદ ઈર્શાદ થયો કે આ બનાવ શરૂના જમાનાનો છે.

## (દસમી મજલિસ)

એ જ વરસે માહે રબીઉલ આખરની ૨૩

તારીખ જુમ્આના રોજ કદમ બોસીની દોલત હાથ આવી. એ અઠવાડિયે લખનારને પગાર રોકાય જવાના કારણે પરેશાની હતી. જ્યારે ખિદમતમાં હાજર થયો તો ઈર્શાદ ફર્માવ્યો કે આજથી કેટલાક અરસા પહેલાં ઘણા જ બુઝુર્ગ એક શખ્સ હતા. મારી કેટલીય વાર તેમની સાથે મુલાકાત થઈ અને તેમણે ઘણી બધી વાતો કરી. મને તેમની બુઝુર્ગીના કારણે નામ તથા લક્બ પૂછવાની હિંમત ન થઈ. એકવાર રસ્તામાં મને મળ્યા તો એક હિકાયત સંભળાવી. પહેલાં તો મારી સામે આવતાં જ બોલ્યા કે ખુદાએ ચાહ્યું તો તમે એવા જ થઈ જશો જેવો લોકોનો એતેકાદ તમારા બારામાં છે. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ આ હિકાયત વર્ણન કર્યા બાદ આ વાતની ખૂબ જ પ્રશંસા કરી અને ઈર્શાદ થયો કે સર્વ કાંઈ જાણે તેમણે કહી આપ્યું. ત્યાર બાદ ફર્માવ્યું કે એ જ શખ્સ એકવાર મને મળ્યા અને કિસ્સો સંભળાવ્યો કે લાહોરમાં એક માણસ હતા તેમને શયખ ઝિંદા દિલ કહેતા હતા. ઘણા જ બુઝુર્ગ માણસ હતા. એકવાર ઈદના દિવસે લોકો નમાઝ પઢીને પરત આવ્યા તો શયખે આસ્માનની તરફ ચહેરો કરીને કહ્યું કે, આજે ઈદ છે, દરેક ગુલામને પોતાના આક઼ાથી ઈદી મળશે, મને પણ ઈદી આપ ! જ્યારે આ વાત તેમણે કહી તો રેશમનો એક ટુકડો આસ્માનથી પડયો જેના પર લખ્યું હતું કે, અમે તારી જાતને દોઝખની આગથી નજાત આપી. જ્યારે લોકોએ એને જોયું તો તેમનો ઘણો જ એઅ્ઝાઝો ઈકરામ (સન્માન) કર્યો અને તબર્રુકન તેમના હાથ પગો ચૂમવા લાગ્યા. એ દરમિયાન શયખના દોસ્તોમાંથી કોઈ શખ્સ આવ્યો અને તેમને કહેવા લાગ્યો કે તમને તો બારી તઆલાથી ઈદી મળી ગઈ (હવે) તમે મને ઈદી આપો ! શયખે સાંભળ્યું તો રેશમનો વર્ણવેલ ટુકડો તેને આપીને કહ્યું કે, જાવ ! આ તમારી ઈદી છે, કાલે હું જાણુ અને દોઝખ !

ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ ફર્માવ્યું કે એકવાર અધિક એ મર્દે બુઝુર્ગથી મારી મુલાકાત થઈ. મને બોલ્યા કે, એક કિસ્સો સાંભળો ! કિસ્સો એ હતો કે કોઈ શહેરમાં કોઈ ખૂબ જ માલદાર બ્રાહ્મણ રહ્યા કરતો હતો. લગભગ એ શહેરના હાકિમે તેની પાસેથી તાવાન (દંડ) લીધો અને બધો માલ સામાન ઝબ્ત કરીને તેને કંગાળ કરી દીધો. ત્યારબાદ તે બ્રાહ્મણ મુફલિસ તથા પરેશાન થઈ ગયો. એક દિવસે તે ક્યાંક જઈ રહ્યો હતો એવામાં રસ્તામાં તેનો એક મિત્ર મળ્યો અને પૂછવા લાગ્યો કે, કહો ! શું હાલ છે ? બ્રાહ્મણે જવાબ આપ્યો કે ખૂબ જ સારું ! આનંદ છે ! દોસ્ત બોલ્યો કે તારી સૌ ચીજો તો છીનવાય ગઈ તો આનંદ ક્યાંથી આવ્યો ? તેણે જવાબ આપ્યો, મારો જનોઈ તો મારી પાસે છે !

આ હિકાયત વર્ણવ્યા પછી ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ખૈરએ મને સંબોધીને પૂછયું કે, મારી તક઼રીરથી કાંઈક સમજ્યા ? મેં અર્ઝ કરી, જી હા ! બંદાના દિલને આ હિકાયતથી બાતિની તસલ્લી હાંસલ થઈ. બિચારાના દિલના સંતોષ માટે આ ઈર્શાદ થયો છે. એટલે પગાર રોકાવાથી કે દુનિયાનો સામાન મયસ્સર ન થવાનો કાંઈ ગમ ન કરવો જોઈએ. આખુ જગત પણ ચાલ્યુ જાય તો પરવા ન કરવી જોઈએ. બસ, હક્ક઼ની મહોબ્બત સલામત રહેવી જોઈએ. અલ્હમ્દુલિલ્લાહ ! બંદાએ હઝરતના ઈર્શાદથી આ જ મતલબ કાઢયો.

## (૧૧ મી મજલિસ)

એ જ વરસે માહે જમાદિયુલ અવ્વલની ૧૪મી તારીખે જુમ્આના કદમબોસીની દોલત હાંસલ થઈ. ગુલામે એ જુમ્આની રાતે એક ખ્વાબ જોયો હતો તે અર્ઝ કર્યા. ખ્વાબ એ હતો કે અમીર આલમ વલ્વાલજી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખનારને કોઈ મીઠાઈ અર્પણ કરી રહ્યા છે. ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ ઈર્શાદ થયો કે, કોઈ ચીજ ગયબથી મળશે. બીજા જુમ્આના ગયબથી એક એવી ચીજ મળી કે બંદાના વહેમ તથા ગુમાનમાં પણ ન હતી. *(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ★ પગ પર પગ રાખીને સૂવાની કઈ સ્થિતિ મના છે ? ★

હઝરત જાબિર કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પગ પર પર રાખવાથી મના ફર્માવી છે જ્યારે કે ચત્તાપાટ સૂતા હોય.

હઝરત એબાદ બિન તમીમ પોતાના કાકાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મેં મસ્જિદમાં સૂતેલા જોયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક પગને બીજા પગ પર રાખ્યો હતો. *(બુખારી, મુસ્લિમ)* આ બયાન જવાઝ (જાઈઝ હોવા) માટે છે અને એવી હાલતમાં કે સતર ખુલવાનો અંદેશો ન હોય. દા.ત. માણસે લુંગી પહેરેલી હોય અને ચટ્ટાપાટ સૂઈને એક પગ ઉભો કરીને તેના પર બીજાને રાખે તો સતર ખુલવાનો અંદેશો હોય છે અને જો પગ ફેલાવીને એક પગને બીજા પગ પર રાખે તો એવી હાલતમાં સતર ખુલવાનો અંદેશો નથી હોતો.

હઝરત અબૂ ઝર رضی اللہ عنہ કહે છે કે હું ઊંધો (પેટભેર) હતો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસેથી પસાર થયા તો મને ઠોકર મારી કહ્યું કે અય ''જુનદૂબ'' (એ અબૂઝરનું નામ છે) આ જહન્નમીઓનો સૂવાનો તરીકો છે એટલે કે આ રીતે કાફિરો સૂએ છે અથવા એમ કે જહન્નમીઓ આ રીતે સૂશે. *(ઈબ્ને માજા)*

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે છત પર સૂવાથી મનાઈ ફર્માવી છે જેના પર ટેકો ન હોય. *(તિર્મિઝી)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે માણસ રાત ભર એવી છત પર રહે જેના પર કોઈ રોક (આડ) ન હોય એટલે કે દિવાર યા એનો ઉપરનો ભાગ ન હોય એનો પોતે જિમ્મેદાર છે. એટલે કે રાતમાં એ છત પડી જાય તો એનો જિમ્મેદાર એ પોતે છે. *(અબૂ દાઊદ)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકલપણાથી મના ફર્માવી છે. એટલે કે આદમીના એકલા સૂવાથી. *(ઈમામ અહમદ)*

ફર્માવ્યું કે તમારી સામે ઔરતો આવી જાય તો એમની વચમાંથી પસાર ન થાવ બલ્કે જમણી બાજુ કે ડાબી બાજુનો રસ્તો પકડી લો. *(બયહકી)*

**મસ્અલા** : બપોરે ખાધા પછી થોડી વાર સૂવું (કયલૂલા કરવો) જાઈઝ બલ્કે મુસ્તહબ છે. *(આલમગીરી)* લગભગ આ તે લોકો માટે હશે જેઓ રાત્રે જાગરણ કરે છે, રાત્રે નમાઝો પઢે છે, અલ્લાહનો ઝિક્ર કરે છે અથવા તો કિતાબો પઢી એનો અભ્યાસ કરતા હોય અને તેમાં મશ્ગૂલ રહેતા હોય જેના કારણે રાતના ઉજાગરાથી જે થાક લાગ્યો હોય તે બપોરના આરામથી દૂર થઈ જાય.

### ★ કઈ રીતે સૂવું મુસ્તહબ છે ? ★

**મસ્અલા** : દિવસના શરૂઆતના ભાગમાં સૂવું યા મગરિબ અને ઈશા દરમિયાનના સમયમાં સૂવું મકરૂહ છે. સૂવામાં મુસ્તહબ એ છે કે પાકી સાથે (પાક હાલતમાં) સૂવે. થોડીવાર જમણા હાથને ચહેરા નીચે રાખી કિબ્લા તરફ સૂવે (કિબ્લા તરફ મોઢું રાખી). પછીથી થોડીવાર ડાબા પડખે (સૂવે). સૂતી વખતે કબરમાં સૂવાનું યાદ કરે કે ત્યાં એકલા સૂવાનું છે. પોતાના આમાલ સિવાય બીજા કોઈનો સાથ નહીં હોય.

## ★ ઉઠીને પઢવાની દુઆ ★

સૂતી વખતે ખુદાની યાદમાં મશ્ગૂલ રહેવું. તહલીલ, તસ્બીહ, તહમીદ પઢે એટલે સુધી કે ઊંઘી જાય. ઈન્સાન જે હાલતમાં સૂએ છે તે હાલતમાં ઉઠે છે અને જે હાલતમાં મરે છે કયામતના દિવસે એ હાલતમાં ઉઠશે. સૂતા પછી વહેલી સવારે ઉઠી જવું (દિવસ ઉગતા પહેલાં ઉઠી જવું). ઉઠતાંની સાથે ખુદાને યાદ કરે અને આ પઢે : الحمد لله الذی احیا نا بعد ما اما تنا والیه النسور- તે વખતે પાકો ઈરાદો કરે કે પરહેઝગારી, તકવો કરીશ અને કોઈને સતાવીસ નહીં. *(આલમગીરી)*

## ★ ઈશા બાદ વાતો કરવાનો હુકમ ★

**મસ્અલા** : ઈશાની નમાઝ પછી વાતો કરવાની ત્રણ હાલતો છે :–

**(૧)** ઈલ્મી વાતચીત. એટલે કે કોઈને મસ્અલો પૂછવો અથવા એનો જવાબ આપવો યા એની તેહકીક, છાનબીન કરવી. આવા પ્રકારની વાતચીત સૂવા કરતાં અફઝલ છે. **(૨)** જૂઠી વાર્તાઓ, કિસ્સાઓ, મજાક મશ્કરી, હંસી મજાકની વાતો કરવી એ મકરૂહ છે. **(૩)** પરસ્તર એકબીજા સાથે મહોબ્બતની વાતો કરવી. જેમ કે પતિ પત્નીમાં, યા મહેમાન સાથે એમની મહોબ્બત માટે વાતો કરવી જાઈઝ છે. આવા પ્રકારની વાતો કર્યા પછી છેવટે ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ થઈ જવું અને તસ્બીહ, ઈસ્તિગફાર પર બોલવાનું બંધ થવું જોઈએ.

**મસ્અલા** : બે પુરૂષો નગ્નાવસ્થામાં એક જ કપડું ઓઢીને સૂવે એ નાજાઈઝ છે. ભલે પથારીના એક છેડે એક સૂતો હોય અને બીજો બીજા છેડા પર સૂતો હોય (તો પણ નાજાઈઝ છે). એ જ રીતે બે ઓરતોએ પણ નગ્નાવસ્થામાં એક જ કપડું ઓઢીને સૂવું નાજાઈઝ છે. હદીષમાં એની મનાઈ ફર્માવી છે.

## ★ કઈ ઉમરમાં છોકરાંને અલગ સૂવડાવવાં ★

**મસ્અલા** : જ્યારે છોકરા અને છોકરીની ઉંમર દસ વર્ષની થાય ત્યારે એમને અલગ અલગ સૂવડાવવાં જોઈએ. એટલે કે છોકરો જ્યારે એટલી ઉંમરનો થઈ જાય ત્યારે એની બહેન, યા માતા યા બીજી કોઈ ઔરત સાથે ન સૂવે. ફક્ત પોતાની ઓરત યા લોંડી સાથે સૂઈ શકે છે. બલ્કે એટલી ઉંમરનો છોકરો એના જેટલા જ મોટા છોકરા યા પુરૂષ સાથે ન સૂવે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : મર્દ, ઓરત એક પલંગ પર સૂતા હોય તો દસ વરસની ઉંમરના બાળકને પોતાની સાથે ન સૂવડાવે. છોકરો જ્યારે બાલિગ થઈ જાય છે ત્યારે તે મર્દના હુકમમાં આવે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : બીજાની જમીનમાં રસ્તો છોડીને ચાલવાનો હક્ક નથી. જો ત્યાં રસ્તો ન હોય તો ચાલી શકે છે. પરંતુ જો જમીન માલિક મના કરે તો ચાલી શકતો નથી. આ હુકમ એક વ્યકિત સંબંધિત છે. જો ઘણા બધા માણસો હોય તો જ્યાં સુધી જમીન માલિક રાજી ન હોય ત્યાં સુધી ચાલવું ન જોઈએ. રસ્તામાં પાણી હોય અને એની ધાર પર જમીન હોય તો એવી હાલતમાં જમીનમાં ચાલી શકે છે. *(આલમગીરી)* કેટલીક વખત જમીનમાં વાવેતર કરેલ હોય છે તો જાહેર છે કે એના પર ચાલવું ખેડૂત માટે નુકસાનકારક સાબિત થશે તો એવી હાલતમાં કદી પણ તેના પર ચાલવું ન જોઈએ. બલ્કે કેટલીકવાર ખેતરના સેઢા પર કે જ્યાંથી લોકો ચાલી નીકળશે એવો ભય હોય છે ત્યાં ખેડૂત કાંટા વગેરે મૂકે છે તે એ વાતની ચોખ્ખી દલીલ છે કે અહીંથી ચાલવાની મનાઈ છે, પરંતુ એના પર કેટલાક લોકો જરા પણ ધ્યાન આપતા નથી. એમણે જાણવું જોઈએ કે આવી હાલતમાં ચાલવાની મના છે.

# જોવા અને સ્પર્શ કરવાનુ બયાન

અલ્લાહ તઆલા ફર્માવે છે, અય નબી ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઓરતોને હુકમ કરો કે તેઓ પોતાની નિગાહો નીચી રાખે અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે અને કુદરતી રીતે જેટલો જાહેરી છે તે સિવાયનો શરીરનો ભાગ ન બતાવે. દુપટ્ટાઓને (ઓઢણાં) ગળા પર રાખ્યા કરે અને પોતાનો શૃંગાર જાહેર ન કરે સિવાય કે પોતાના પતિઓ, યા પોતાના બાપ કે પતિઓના બાપ યા પોતાના છોકરા, યા પોતાના ભાઈ, યા પોતાના ભત્રીજા, ભાણેજો યા પોતાની દીની ઔરતો, યા પોતાની લોંડીઓ જેઓ પોતાના માલિકપણામાં હોય યા નોકરો જેની શર્ત એ છે કે તે શેહવતવાળા મર્દો ન હોય અથવા તે બાળક કે જેમને ઔરતોની શર્મગાહો વિશેની જાણકારી ન હોય. ઉપરાંત જમીન પર પગ પછાડીને ન ચાલો કે જેથી પોતાનો છુપાયેલો શૃંગાર માલૂમ પડી જાય. અલ્લાહ તઆલા નજાત આપે એવી ઉમ્મીદ પર તૌબા કરો.

રસૂલુલાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ઔરત ઔરત છે અર્થાત છુપાવવાની ચીજ છે, જ્યારે એ ઔરત નીકળે છે ત્યારે શૈતાન એને ઝાંખીને જુએ છે એટલે કે એને જોવી શૈતાની કામ છે. *(તિર્મિઝી)*

ફર્માવ્યું કે જોવાવાળા પર અને જેના પર નજર કરવામાં આવી તેના પર અલ્લાહની લા'નત. એટલે કે કોઈ પણ કારણ વગર ઈરાદાપૂર્વક જુએ તથા કોઈપણ કારણ વગર ઈરાદાપૂર્વક પોતાને બતાવે (તેના પર અલ્લાહની લા'નત). *(બયૂહકી)*

અને ફર્માવ્યું કે જ્યારે મર્દ ઓરતની સાથે એકાંતમાં હોય છે તે વખતે ત્રીજો શૈતાન હોય છે. *(તિર્મિઝી)*

## ★ દિયર સામે બેપર્દા ન રહેવું ★

ફર્માવ્યું કે ઔરતો પાસે જવાથી બચો. એક માણસે ફર્માવ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم દિયર સંબંધી શો હુકમ છે ? ફર્માવ્યું કે દિયર મૌત છે એટલે કે દિયરના સામે હોવું કહેવાય છે કે મોતનો સામનો છે (મોતનો સામનો કરવા બરાબર છે) **કેમ કે અહીં ફિત્નાની શક્યતા વધારે છે.**

*(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે શું તમને ખબર નથી કે જાંઘ ઔરત છે એટલે કે છુપાવવાની ચીજ છે.

*(તિર્મિઝી, અબૂ દાઊદ)*

અને ફર્માવ્યું કે, અય અલી ! ન ખોલો અને જીવતા કે મુર્દાની જાંઘ તરફ નજર ન કરો. *(અબૂ દાઊદ, ઈબ્ને માજા)* અને ફર્માવ્યું કે : એક માણસ બીજા માણસની સતરની જગ્યા ન જુએ અને ઔરત પણ બીજી ઔરતની સતરની જગ્યા ન જુએ અને એક મર્દ બીજા મર્દની સાથે એક જ કપડાંમાં નગ્નાવસ્થામાં ન સૂએ અને ઔરત પણ બીજી ઔરત સાથે એક કપડામાં નગ્નાવસ્થામાં ન સૂએ.

*(મુસ્લિમ)*

## ★ આંધળાથી પણ પર્દો ★

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا, કહે છે કે હું અને હઝરત મૈમૂના رضی اللہ عنہ હુઝૂરની ખિદમતમાં હાજર હતાં એવામાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ આવ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંનેને ફર્માવ્યું કે પડદો કરી લો. કહે છે કે મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તેઓ તો અંધ છે, અમને નહીં જોઈ શકે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે **શું તમે બંને અંધ છો ?** તમે એમને નહીં જોઈ શકો ? *(ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)*

અને ફર્માવ્યું કે એવું ન હોય કે એક ઓરત બીજી ઓરતની સાથે રહે, પછીથી પોતાના શોહરની

સામે એનો હાલ બયાન કરે. જાણે કે એ તેને જોઈ રહ્યો છે. *(બુખારી, મુસ્લિમ)*

## ★ મર્દનું શરીર કેટલું જોઈ શકાય ? ★

**મસ્અલા** : આ પ્રકરણના મસ્અલાઓ ચાર પ્રકારના છે : **(૧)** મર્દનું મર્દને જોવું **(૨)** ઓરતનું ઓરતને જોવું **(૩)** ઓરતે મર્દને જોવો **(૪)** મર્દે ઓરતને જોવી. એક મર્દ બીજા મર્દના દરેક ભાગને જોઈ શકે છે. ફક્ત તે અવયવો સિવાય કે જેને છુપાવવા જરૂરી છે તે દૂંટીની નીચેના ભાગથી ગુંથણની નીચેના ભાગ સુધીના છે કેમ કે શરીરના એ ભાગને છુપાવવો ફર્ઝ છે. જે અવયવોને છુપાવવા જરૂરી છે તે (અવયવો)ને ઓરત કહેવામાં આવે છે. કોઈને ઘૂંટણ ખુલ્લા કરેલા હોય એવો જુઓ તો તેને મના કરો અને જાંઘ ખુલ્લી કરી હોય એવો જોવામાં આવે તો એને સજા આપવામાં આવશે. *(આલમગીરી)*

**મસ્અલા** : છોકરો જ્યારે બાલિગ થઈ જાય અને તે ખૂબસૂરત ન હોય તો નજર સંબંધી એના માટે તે હુકમ લાગુ પડશે જે મર્દના છે અને જો ખૂબસૂરત હોય તો ઔરતનો જે હુકમ છે તે એના માટે છે. એટલે કે શેહવત સાથે એના તરફ નજર કરવી હરામ છે અને શેહવત ન હોય તો એના તરફ પણ નજર કરી શકે છે અને એની સાથે એકાંત પણ જાઈઝ છે. શેહવત ન હોવાનો મતલબ એ છે કે એને યકીન હોય કે નજર કરવાથી શેહવત નહીં થાય અને જો એ બાબતની શંકા હોય તો હરગિઝ નજર ન કરવી. ચુંબનની ઈચ્છા પેદા થવી એ શેહવતની હદમાં દાખલ (ગણાશે) છે. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ સ્ત્રીનું સ્ત્રી કેટલું શરીર જોઈ શકે ★

**મસ્અલા** : ઔરતનુ ઔરતને જોવા સંબંધી એવો હુકમ છે કે જે મર્દને મર્દ તરફ નજર જોવા સંબંધી છે એટલે કે દૂંટીની નીચેથી ગુંથણ સુધીના ભાગને નથી જોઈ શકતી. બાકી અવયવોને જોઈ શકે છે. શર્ત એ છે કે શેહવતનો ભય (શંકા) ન હોય. *(હિંદીયા)*

**મસ્અલા** : પરહેઝગાર ઓરતે ધ્યાન રાખવું કે પોતાને બદકાર (ખરાબ) ઓરતની નજરથી બચાવે. **એટલે કે એમની સામે દુપટ્ટા (ઓઢણી) વગેરે ન ઉતારે** કેમ કે તે એને જોઈને મર્દો સામે (એની શકલો સૂરતની) વાતો કરશે. મુસલમાન ઓરત માટે એ હલાલ નથી કે તે કાફિર ઓરત સામે પોતાનું સતર ખોલે. *(આલમગીરી)* ઘરોમાં કાફિર ઓરતો આવતી હોય છે અને ઘરની ઓરતો તેમની સામે એવી રીતે સતર ખુલ્લાં રાખતી હોય છે જેવી રીતે મુસલમાન ઓરતની સામે રહે છે. તેમણે એમનાથી (કાફિર ઓરતોથી) પરહેઝ કરવી જરૂરી છે. મોટે ભાગે કાફિર ઓરતો દાયણનું કામ કરતી હોય છે અને તેઓ પ્રસૂતિનું કામ કરતી હોય છે. જો મુસલમાન દાયણો મળતી હોય તો કાફિર ઓરતો પાસેથી એ કામ ન લેવું જોઈએ કેમ કે કાફિર ઓરતો સામે એ ભાગો (અવયવો) ખુલ્લા કરવાની ઈજાઝત નથી.

**મસ્અલા** : ઔરતનું પરાયા મર્દ તરફ જોવા માટેનો એ જ હુકમ છે જે મર્દનો મર્દ તરફ જોવા માટેનો છે અને તે હાલત માટે છે કે ઓરતને યકીન હોય, ખાત્રી હોય કે એના તરફ જોવાથી શેહવત પેદા નહીં થાય અને જો એ વાતની શંકા હોય તો કદી પણ ન જોવું. *(હિંદીયા)*

**મસ્અલા** : ઔરતે પરાયા મર્દના શરીરનો કદી પણ સ્પર્શ ન કરવો, જ્યારે કે બંનેમાંથી કોઈ પણ એક જુવાન હોય, તેને શેહવત પેદા થઈ શકે છે ભલે પછી બંનેને એ વાતનું યકીન હોય કે શેહવત પેદા નહીં થાય. *(આલમગીરી)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત ઉષ્માન હયરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

આપ ખુરાસાનના મહાન શયખ અને કુત્બુલ આલમ હતા અને શરીઅત તથા તરીકૃત બંને પર સમાન રીતે ચાલનારા હતા. તરીકૃતવાળાઓનો કૌલ છે કે દુનિયામાં કેવળ ત્રણ અહલુલ્લાહ થયા છે : નીશાપુરમાં હઝરત ઉષ્માન હયરી, બગદાદમાં હઝરત જુનેદ બગદાદી અને શામમાં હઝરત અબ્દુલ્લાહ જલાઅ. પરંતુ હઝરત અબ્દુલ્લાહ બિન મુહમ્મદ રાઝીનો કૌલ એ છે કે મેં હઝરત જુનેદ, હઝરત યૂસુફ ઈબ્ને હુસૈન, હઝરત રુએમ અને હઝરત મુહમ્મદ ફઝ્લ સૌથી શરફે નિયાઝ હાંસલ કર્યો, પણ ખુદા શનાસીમાં જે મર્તબો હઝરત ઉષ્માન હયરીને હાંસલ છે તે કોઈને મયસ્સર ન થયો. અને કેવળ આપના જ દમથી ખુરાસાનમાં તસવ્વુફની ચર્ચા આમ થઈ. અને આપને ત્રણ બુઝુર્ગોથી બયઅતનો શરફ હાંસલ થયો : પ્રથમ હઝરત યહ્યા બિન મઆઝ, બીજા હઝરત શુજાઅ કિર્માની, ત્રીજા હઝરત અબૂ હફસ હદ્દાદ, તેમના ઉપરાંત આપ અન્ય બુઝુર્ગોની સોહબતમાં રહ્યા. આપની પ્રવૃત્તિ વઅઝગોઈ હતી અને નીશાપુરવાળાઓને આપનાથી એટલા પ્રમાણમાં એતેકાદ હતો કે એક વ્યક્તિ પણ આપને બુરા ન કહેતો.

**હાલાત** : આપ ફર્માવ્યા કરતા હતા કે નાની વયમાં જ મારુ દિલ જાહેર લોકોથી અલગતાવાળુ રહેતુ હતું અને મને દરેક ચીજની માહિતી તથા હકીકત વિશે સવાલ કરતુ રહેતુ. અને શરૂમાં જ મને એ ખયાલ હતો કે જે રસ્તા પર આમ લોકો ચાલે છે એનાથી હટીને પણ કોઈ બીજો રસ્તો જરૂર હશે અને જાહેરી ઈલ્મ સિવાય બાતિની ઈલ્મનુ પણ કોઈ વજૂદ હશે.

એકવાર આપ ચાર ગુલામોની સાથે મકતબ જઈ રહ્યા હતા, અને હાથમાં સોનાનો ખડીયો, માથા પર કિન્ખાબ (સોનાના તારવાળા કપડા)નો અમામો અને શરીર પર ખૂબ જ મોતી ઝવેરાતથી સજ્જ કિંમતી લિબાસ હતો. અચાનક આપે જોયું કે રસ્તામાં એક ઝખ્મી ગધેડો પડેલો છે અને એની પીઠના ઝખ્મમાંથી કાગડા ગોશ્ત ચૂંથી રહ્યા છે. આ મન્ઝર જોઈને આપની અંદર એક એવો જઝબો રહમનો પેદા થયો કે પોતાની દસ્તાર ઝખ્મ પર બાંધીને પોતાનો જબ્બો તેના પર ઓઢાડી દીધો. આ એહસાસના બદલામાં ગધેડાએ આપના હક્કમાં દુઆએ ખૈર કરી જેની અસરથી એ જ વખતે જઝ્બ શૌકના આલમમાં આપ હઝરત યહ્યા બિન મઆઝની ખિદમતમાં હાજર થઈ ગયા અને તેમનાથી ફયઝો હાંસલ કરવામાં માંબાપ અને ઘરબાર સૌને અલવિદા કહી દીધું. પછી અમુક અરસા બાદ કોઈ નવી આવેલ જમાઅત પાસેથી આપે હઝરત શુજાઅ કિર્માનીના હાલાત તથા ખૂબીઓ વિશે સાંભળ્યું તો કિર્માન પહોંચીને ઘણા અરસા સુધી તેમની સોહબતના ફયઝથી ફયઝયાબ થતા રહ્યા અને તેમની જ સાથે નીશાપુર પહોંચીને હઝરત અબૂ હફ્સ હદ્દાદથી નિયાઝ હાંસલ કરીને એ નિશ્ચય કરી લીધો કે અમુક દિવસ આપના ફયઝોથી પણ ફયઝયાબ થવું જોઈએ, પરંતું ડરના માર્યા આપે હઝરત શુજાઅથી પોતાનો ઈરાદો જાહેર ન કર્યો પણ હઝરત અબૂ હફસ આપની નિય્યત ભાંપી ચૂક્યા હતા, જેથી રવાનગીના સમયે હઝરત શુજાઅને ફર્માવ્યું કે એમને અમુક દિવસો માટે મારી પાસે જ છોડી આપશો, કેમ કે મને એમનાથી

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

કાંઈક દિલચસ્પી પેદા થઈ ગઈ છે. જેથી હઝરત શુજાઅની ઈજાઝત બાદ આપે હઝરત અબૂ હફસની ખિદમતમાં રહીને બેહદ ફયઝો હાંસલ કર્યા. પછી હઝરત અબૂ હફસે આપના વિશે એવું ફર્માવ્યું કે યહ્યા ઈબ્ને મઆઝે તેમને આગની ભટ્ઠીમાં તો ઝોંકી દીધા હતા પરંતું તેને ભડકાવનારાની જરૂરત બાકી રહી ગઈ હતી, જેથી હવે તેમને એ ચીજ પણ હાંસલ થઈ ગઈ.

આપ ફર્માવ્યા કરતા હતા કે જવાનીના આલમમાં જ્યારે અબૂ હફસે મને પોતાની પાસેથી અલગ કરી આપ્યો તો મેં આપની સોહબતના ઈશ્કમાં આપની બેઠકની સામે દીવારમાં કાણુ પાડીને દીદાર કરવાનું શરૂ કરી આપ્યું અને જ્યારે આપને એની જાણ થઈ તો પોતાની પાસે બોલાવીને પોતાનાં સાહબઝાદીથી નિકાહ પઢાવી આવ્યા.

આપ કદી કોઈના પર નારાજ થતા ન હતા. જેમ કે એકવાર કોઈએ આપને ખાવા માટે દાવત આપી અને જ્યારે આપ ત્યાં પહોંચ્યા તો તેણે ધુત્કારીને કહ્યું કે નાસી જાવ ! મારે ત્યાં ખાવા નથી ! અને જ્યારે આપ પરત થવા લાગ્યા તો તેણે ફરી બોલાવીને કહ્યું કે તમે ઘણા પેટુ છો ! આ આ સાંભળીને આપ ફરી પરત થઈ ગયા, પરંતું ત્રીજીવાર તેણે આપને બોલાવીને કહ્યું કે, પથ્થર હાજર છે, જો ખાવા ચાહો ખાય શકો છો ! સારાંશ કે ત્રણ વાર તેણે આવી હરકત કરી અને છેવટમાં એટલા જોરથી ધુત્કારી કાઢયા આપ પડી ગયા ! પણ તેની સજામાં અલ્લાહ તઆલાએ તેના બંને હાથ બેકાર કરી આપ્યા. આ બુરુ ભલુ કહેવાથી તે એવો પ્રભાવિત થયો કે તરત જ તૌબા કરી લીધી અને આપનાથી બયઅત થઈ ગયો. પછી એક દિવસે તેણે આપને સવાલ કર્યો કે મારી ત્રણ વખતની ગુસ્તાખી પર આપને ગુસ્સો કેમ ન આવ્યો ? ફર્માવ્યું કે કૂતરાં પણ આવું કરે છે કે જ્યારે બોલાવ્યાં ચાલ્યા આવ્યાં અને જ્યારે ધુત્કારી દીધાં તો ભાગી ગયાં ! પરંતુ આ કોઈ મર્તબો નથી બલ્કે મર્તબાવાળા થવું ખૂબ જ મુશ્કેલ છે.

એકવાર મુરીદોની સાથે બજાર તશરીફ લઈ ગયા હતા કે કોઈએ ઉપરથી એ રીતે રાખ ફેંકી જે પૂરેપૂરી આપના ઉપર પડી. આ જોઈને મુરીદો ખૂબ જ અકળાયા, પણ આપે ફર્માવ્યું કે ખૂબ શુક્રિયાના પાત્ર કામ છે કે જે માથુ આગની સજાને પાત્ર હતું તેના પર કેવળ રાખ જ પડી !

હઝરત અબૂ અમ્રથી રિવાયત છે કે હું આપના જ દસ્તે મુબારક પર તાઈબ (તૌબા કરનાર) થયો અને લાંબા અરસા સુધી આપની ખિદમતમાં રહીને બાતિની ફયઝોથી તૃપ્ત થતો રહ્યો. પરંતુ જ્યારે બાદમાં મારું દિલ ગુનાહ પ્રતિ આકર્ષાયું તો મેં આપની સોહબતથી દૂર થવાનો ઈરાદો કરી લીધો. પરંતું આપે ઈશારામાં ફર્માવ્યું કે મારી સોહબત છોડીને લૂટેરાઓની સોહબત ન અપનાવશો કેમ કે તેમને તમારા ગુનાહોથી ખુશી હાંસલ થશે, જેથી જે ગુનાહ કરવા હોય તે અહીં રહીને કરી લો જેથી તમારો વબાલ મારા માથે લઈ લઉં. આ શબ્દો આપે કાંઈક એવા અસરકારક અંદાઝમાં કહ્યા કે હું તૌબા કરીને આપની ખિદમતમાં વ્યસ્ત થઈ ગયો.

કોઈ શરાબી ઉઘાડા પગે નાની સારંગી વગાડતો વગાડતો જઈ રહ્યો હતો પણ આપને જોતાં જ સારંગી તો બગલમાં છુપાવી લીધી અને ટોપી ઓઢી લીધી. જેની આપ તેને પોતાની સાથે ઘરે લઈ આવ્યા અને ગુસ્લ કરાવીને પોતાનો ખિર્કો પહેરાવતાં દુઆ કરી કે, હે અલ્લાહ ! મેં મારા અખત્યારમાં હતું તે કામ તો અંજામ આપી દીધુ, હવે જે તારા અખત્યારમાં છે તેને પૂર્ણ કરી આપ. આ દુઆની સાથે જ એ શરાબીમાં એવો કમાલ પેદા થઈ ગયો કે આપ પોતે પણ આશ્ચર્યમાં પડી ગયા. એ જ વખતે હઝરત અબૂ

ઉષ્માન મગરબી પણ આપને ત્યાં પહોંચ્યા તો આપે ફર્માવ્યું કે આજે હું રશ્કની આગમાં ઓદ (સુંગંધી લોબાન)ની જેમ સળગી રહ્યો છું, કેમ કે જે કમાલની પ્રાપ્તિમાં મારી આટલી ઉમર ખતમ થઈ ગઈ એ કમાલ વિના માગ્યે એક એવા શખ્સને અતા કરી દેવામાં આવ્યો જેના મોંથી શરાબની બદબૂ આવી રહી છે ! એનાથી અંદાઝો થયો કે ખુદાના ફઝ્લનો દારોમદાર અમલ પર નથી બલ્કે દિલી કૈફિયતોથી સંબંધિત છે.

**આપના ઈર્શાદો** : કોઈએ આપને અર્ઝ કરી કે જો કે, હું ઝબાનથી અલ્લાહનો ઝિક્ર કરું છું પણ મારું દિલ એનાથી સંતુષ્ઠ નથી. આપે ફર્માવ્યું કે તારી જીભને જે લિજ્જત ઝિક્રની અતા કરવામાં આવી છે એનો જ શુક્ર અદા કરતો રહે જેથી બીજા અંગોને ઝિક્રની લિજ્જત હાંસલ થઈ જાય. એક મુરીદ દસ વરસ સુધી ખિદમત કરતો રહી હજના સફરમાં પણ આપની સાથે રહ્યો. પરંતું હમેશાં એવું જ કહેતો રહેતો કે ખુદાના ભેદોથી મને પણ માહિતગાર કરી આપો. આપે ફર્માવ્યું કે હું તો પોતે પણ માહિતગાર નથી, એ તો જેના પર ખુદાનો ફઝ્લ થાય તે જ જાણકાર થઈ શકે છે. ફર્માવ્યું કે જેને પોતાની તાઝીમ કરાવવાનો ખયાલ હોય તેને કુફ્ર પર મોત આવવાનો અંદેશો રહે છે. ફર્માવ્યું કે ખુદાવંદની સોહબત અદબ તથા ધાક સાથે અપનાવવી જોઈએ અને સુન્નતની પયરવીના માટે હુઝૂરે અકરમ ﷺની મહોબ્બત જરૂરી છે અને ખાદિમ બનીને અવલિયાએ કિરામની તાઝીમ કરવી જરૂરી છે. ફર્માવ્યું કે મુસલમાન સાથે હસતા ચહેરે મળવું જોઈએ અને જાહિલો માટે દુઆએ ખૈર કરવી જોઈએ. ફર્માવ્યું કે સૂફીઓના કથનો પર અમલ કરતા રહેવાથી નૂર હાંસલ થાય છે પરંતું બેઅમલ લોકો પર એમના કથનોની કોઈ અસર નથી. ફર્માવ્યું કે જેને શરૂમાં ઈરાદત હાંસલ નથી થતી તે અંત સુધી તરક્કી નથી કરી શકતો. ફર્માવ્યું કે સુન્નતની પયરવીથી હિંમત અને નફસની પયરવી તબાહી હાંસલ થાય છે. ફર્માવ્યું કે નફસની બુરાઈઓથી તે જ વાકેફ થઈ શકે છે જે પોતાને નીચ ખયાલ કરી લે. ફર્માવ્યું કે જ્યાં સુધી મના, અતા, ઝિલ્લત, તથા ઈજ્જત સમાન ન હોય કમાલ હાંસલ નથી થઈ શકતો. પછી ફર્માવ્યું કે, આ ચાર ચીજો કમાલ પર પહોંચાડી આપે છે : પ્રથમ ફક્ર, બીજુ બેનિયાઝી, ત્રીજુ આજીજી, ચોથુ મુરાકેબા. ફર્માવ્યું કે આખેરતથી ડરતા રહેનારા જ આખેરતમાં આરામ હાંસલ કરશે. અને આખેરતના અઝાબથી ન ડરનારા ગમગીન રહે છે. ફર્માવ્યું કે સાબિર તે જ છે જે મુસીબતોને સહન કરી શકે. ફર્માવ્યું, આમ લોકો ખાવા પર અને ખાસ લોકો બાતિની અતા પર શુક્ર કરે છે. ફર્માવ્યું કે જ્યાં સુધી દરેક ચીજને પોતે બેહતર ખયાલ ન કરે ત્યાં સુધી નફસની મુસીબતોનો અંદાઝો નથી થઈ શકતો. ફર્માવ્યું કે ઈતાઅત ગુઝારી (આજ્ઞાપાલન)નું નામ સઆદત છે અને ગુનાહમાં પડતા રહ્યા બાદ મગફિરતની ઉમ્મીદ એ બદબખ્તી છે અને નફસનું આજ્ઞાપાલન એ કેદખાનાની જિંદગી જેમ છે. ફર્માવ્યું કે ન તો ખુદા સિવાય કોઈનાથી ડરતા રહો અને ન કોઈનાથી અપેક્ષાઓ સંબંધિત રાખો. ફર્માવ્યું કે એ'અઝાઝે ખુદાવંદીથી શરફ હાંસલ કરો કે જેથી ઝિલ્લતથી બચી શકો. ફર્માવ્યું કે નફસનો તકાઝો ખુદાથી દૂરી હોય છે અને ખૌફ અલ્લાહથી મિલાવી દે છે. ફર્માવ્યું કે ઈજ્જત તથા દોલતની તલબ અને મકબૂલિયતની લાલચ અદાવતનો પાયો છે. ફર્માવ્યું કે ખુદાએ પોતાના કરમથી બંદાઓની ખતાઓને માફ કરવાનું ફર્ઝ ઠરાવી દીધું છે. જેમ કે કુર્આનમાં છે : كَتَبَ رَبُّكُمْ عَلَىٰ نَفْسِهِ الرَّحْمَةَ ''તમારા રબે પોતાના કરમના જિમ્મા પર રહમત લાઝિમ કરી લીધી છે. *(સૂ. અન્આમ, ૬/૫૪)*

વધુ પેજ 43 પર..

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તોઃ ૩૧

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૧૦ :** બયહકીએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : બંદો વાત કરે છે કેવળ એટલા માટે કે તે લોકોને હસાવે તો જહન્નમની એટલી ઊંડાણમાં પડે છે જે આકાશ અને જમીનની વચ્ચેના અંતરથી વધુ છે. અને જીભના કારણે જેટલી ભૂલો થશે તે એનાથી કેટલીયે વધારે છે જેટલા પગથી ભૂલો થાય છે.

**હદીષ–૧૧ :** અબૂ દાઊદ વ બયહકી અબ્દુલ્લાહ બિન આમિર رضی اللہ عنہماથી રિવાયત કરી. કહે છે, રસૂલુલ્લાહ ﷺ અમારા ઘરમાં તશરીફ ફરમા હતા, મારી માએ મને બોલાવ્યો કે, આવો ! તમને આપીશ. હુઝૂરે ફર્માવ્યું, કઈ વસ્તુ આપવાનો ઈરાદો છે ? તેમણે કહ્યું કે ખજૂર આપીશ. તો ઈર્શાદ ફર્માવ્યો કે તમે કોઈ વસ્તુ ન આપતા તો તમારા માટે જૂઠુ લખી દેવામાં આવતું.

**હદીષ–૧૨ :** બયહકીએ અબૂ બરઝહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "જૂઠથી મોઢું કાળુ થાય છે અને ચુગલીથી ક઼બ્રનો અઝાબ છે."

**હદીષ–૧૩ :** સહીહ બુખારી અને મુસ્લિમમાં ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું કે, "જે શખ્સ જૂઠો નથી એ લોકોની વચ્ચે સુધારણા કરે છે, સારી વાતો કહે છે અને સારી વાતો પહોંચાડે છે. એટલે એકની તરફથી બીજાની પાસે સારી વાત કહે છે, જે વાત તેણે નથી કહી એ કહે છે, દા.ત. એણે તને સલામ કહેડાવ્યા છે અને તારી પ્રશંસા કરતો હતો.

**હદીષ–૧૪ :** તિર્મિઝીએ અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : જૂઠ કોઈ પણ જગ્યાએ સારું નથી પરંતું ત્રણ જગ્યામાં (૧) પુરૂષ પોતાની સ્ત્રીને ખુશ કરવા માટે વાતો કરે (૨) અને લડાઈમાં જૂઠુ બોલવું (૩) અને લોકો વચ્ચે સમાધાન કરવા માટે જૂઠુ બોલવું.

**મસ્અલા :** ત્રણ પ્રકારે જૂઠુ બોલવું જાઈઝ છે એટલે કે તેમાં ગુનોહ નથી. એક લડાઈના સમયે કે અહીંયા આપણા વિરોધીઓને ધોખો આપવો જાઈઝ છે. એ જ રીતે જ્યારે જાલિમ જુલ્મ કરવા ઈચ્છતો હોય તેના જુલ્મથી બચવા માટે પણ જાઈઝ છે. બીજો પ્રકાર કે મુસલમાનોમાં વિવાદ છે અને આ એ બંનેવ વચ્ચે સમાધાન કરવા ઈચ્છે છે. દા.ત. એકની સામે

એવું કહે છે કે એ તમને સારી રીતે ચાહે છે તમારી પ્રશંસા કરે છે અથવા એણે તને સલામ કહી છે. અને બીજાની પાસે પણ એ જાતની વાતો કરે છે જેથી કરીને બંનેવમાં દુશ્મની ઓછી થઈ જાય. અને સમાધાન થઈ જાય. ત્રીજો પ્રકાર એ છે કે બીવીને ખુશ કરવા માટે કોઈ વાત હક઼ીક઼ત વિરૂધ્ધ કહેવી. *(આલમગીરી)*

**મસ્અલા** : તોરિયા એટલે કે શબ્દનો જે જાહેર અર્થ છે તે ખોટો છે પરંતું તેણે બીજો અર્થ મુરાદ લીધો જે સાચો છે. આવું કરવું જરૂરત વગર જાઈઝ નથી અને જરૂરત હોય તો જાઈઝ છે. તોરિયાનું ઉદાહરણ આ રીતે છે કે તમે કોઈને ખાવા માટે બોલાવ્યા એ કહે છે મે ખાઈ લીધુ. આનો જાહેરમાં અર્થ એ થાય છે કે આ સમયનું ખાવાનું ખાય લીધું. પરંતુ તે એવું મુરાદ લે છે કે કાલે ખાધું છે, આ પણ જૂઠમાં દાખલ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : હકને મેળવવાની કોશિશ કરવા માટે તોરિયા જાઈઝ છે. દા.ત. શફીઅને રાતમાં મશફૂઆ જાયદાદના વેચાણની જાણકારી થઈ અને તે સમયે લોકોને ગવાહ ન બનાવી શકતો હોય તો સવારે ગવાહોની સામે એવું કહી શકે છે કે મને વેપારની જાણકારી આ સમયે થઈ. બીજો દાખલો એ છે કે છોકરીને રાત્રે હૈઝ (માસિક) આવ્યું અને તેણે ખિયારે બલૂગના રૂપે પોતાના નફસને અખત્યાર કર્યો પણ ગવાહ કોઈ નથી, તો સવારે લોકોની સામે એવું કહી શકે છે કે મેં અત્યારે લોહી જોયું. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : જે સારા મકસદને સાચું બોલીને પણ પ્રાપ્ત કરી શકાય છે અને જૂઠું બોલીને પણ પ્રાપ્ત કરી શકાય તો તેની પ્રાપ્તિ માટે જૂઠું બોલવું હરામ છે અને જો જૂઠથી પ્રાપ્ત કરી શકે છે અને સાચુ બોલવાથી પ્રાપ્ત ન થઈ શકતો હોય તો અમુક સ્થિતિઓમાં જૂઠ પણ મુબાહ છે. અને કેટલીક સ્થિતિઓમાં તો વાજિબ છે જે રીતે કે બે ગુનાહને જાલિમ શખ્સ કત્લ કરવા ઈચ્છે છે અથવા તકલીફ પહોંચાડે છે,ચાહતો હોય તે ડરથી છુપાયેલો છે. જાલિમે કોઈને પૂછયું કે તે ક્યાં છે ? આ કહી શકે છે કે મને ખબર નથી ભલે જાણતો હોય. અથવા તો કોઈની અમાનત તેની પાસે છે કોઈ તેને લૂંટવા માટે છે પૂછે છે કે અમાનત ક્યાં છે ? આ ઈન્કાર કરી શકે છે, કહી શકે છે કે મારી પાસે તેની અમાનત નથી.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : કોઈએ સંતાઈને ખરાબ કામ કર્યું. એનાથી પૂછવામાં આવ્યું કે તેં એ કામ કર્યું ? તો એ ના કહી શકે છે, કારણ કે આવા કામોને લોકોની સામે જાહેર કરી દેવું આ બીજો ગુનોહ છે. આ જ રીતે પોતાના મુસ્લિમ ભાઈનો ભેદ જાણતો હોય તો તેની રજૂઆત કરવાથી પણ ઈન્કાર કરી શકે છે.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : જો સત્ય બોલવાથી ફસાદ (ઝઘડો) પૈદા થતો હોય તો આ હાલતમાં પણ જૂઠ બોલવું જાઈઝ છે અને જૂઠ બોલવામાં ફસાદ (ઝઘડો) પૈદા થતો હોય તો હરામ છે, અને શક હોય ખબર નહીં કે સત્ય બોલવામાં ફસાદ (ઝઘડો) છે અથવા જૂઠ બોલવામાં તો પણ જૂઠું બોલવું હરામ છે.

*(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : જે રીતની અતિશ્યોક્તિ કરવાનો સામાન્ય રિવાજ છે કે લોકો તેને અતિશ્યોક્તિ જ સમજે છે, તેનો સાચો અર્થ મુરાદ નથી લેતા તે જૂઠમાં દાખલ નથી, દા.ત. એવું કહે કે હું તારી પાસે હજાર વખત આવ્યો અથવા હજાર વખત મેં તને કહ્યું. અહીંયા હજારની ગણતરી મુરાદ નથી બલ્કે ઘણીવાર આવવા અને કહેવાનો હેતુ છે. આ શબ્દ એવા સમયે નથી બોલી શકતા કે એક જ વાર આવ્યા હોય કે બોલ્યા હોય અને જો એકવાર આવ્યો હોય અને એવું કહ્યું કે હજાર વખત આવ્યો તો જૂઠ છે. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા :** તઅરીઝ (વ્યંગ)ની અમુક સ્થિતિઓ જેમાં લોકોનાં દિલ ખુશ કરવા અથવા મજાનો હેતુ હોય જાઈઝ છે. જેવું કે હદીષમાં ફર્માવ્યું કે જન્નતમાં બુઢિયા (વૃધ્ધા) નહીં જાય અથવા હું તને ઊંટનીના બચ્ચા પર સવાર કરીશ. *(રદ્દુલ મોહતાર)*

## જીભને રોકવી અને ગાળ ગીબત ચુગલીથી બચવું

**હદીષ-૧ :** સહીહ બુખારીમાં સહલ બિન સઅદ رضی اللہ عنہ થી મરવી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું જે શખ્સ મારા માટે એ વસ્તુનો જવાબદાર થઈ જાય જે બે જડબાંની વચ્ચે છે એટલે કે "જીભ"નો, અને તેનો જે તેના બંનેવ પગની વચ્ચે છે એટલે કે શરમગાહનો, તો હું તેની માટે જન્નતનો જામિન છું એટલે કે જીભ અને શરમગાહને મના ચીજોથી બચાવવા પર જન્નતનો વાયદો છે.

**હદીષ-૨ :** સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બંદો જ્યારે અલ્લાહની ખુશ્નુદીવાળી વાત કરે છે અને તેની તે વાત પર તેનું ધ્યાન પણ નથી આપતો એટલે કે એવો વિચાર પણ નથી કરતો કે મારી આ વાતથી અલ્લાહ કેટલો ખુશ થઈ જશે ? તો અલ્લાહ તઆલા તેનો દરજ્જો ખૂબ મોટો કરશે. અને જ્યારે બંદો અલ્લાહની નારાજગીવાળી વાત કરે છે અને તેની તરફ ધ્યાન નથી આપતો એટલે કે તેના દિમાગમાં એ વાતનું ધ્યાન નથી હોતું કે અલ્લાહ તઆલા તેનાથી કેટલો નારાજ થઈ જશે ? તો એવું બોલવાથી જહન્નમમાં જાય છે. અને બુખારી અને મુસ્લિમની એક રિવાયતમાં છે કે જહન્નમના એટલા ઉંડાણમાં પડે છે, જે પશ્ચિમ અને પૂર્વની વચ્ચેના અંતર કરતાં પણ વધારે છે.

**હદીષ-૩ :** તિર્મિઝી અને ઈબ્ને માજહએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું કે, જે વસ્તુ ઈન્સાનને સૌથી વધારે જલ્દી જન્નતમાં લઈ જવાવાળી છે તે તકવો (પરહેઝગારી) અને સારો સ્વભાવ છે. અને જે વસ્તુ ઈન્સાનને જહન્નમની તરફ લઈ જાય છે, તે બે વસ્તુ છે જીભ અને શર્મગાહ.

**હદીષ-૪ :** ઈમામ અહમદ અને તિર્મિઝી અને દારમી અને બયહકીએ અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, જે ખામોશ રહ્યો તેને છૂટકારો છે.

**હદીષ-૫ :** ઈમામ અહમદ અને તિર્મિઝીએ ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત કરી કે, "હું હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયો અને પૂછયું કે નજાત (છૂટકારો) શું છે ? ઈર્શાદ ફર્માવ્યું, પોતાની જીભ પર કાબૂ રાખો અને તમારું ઘર તમારા માટે કાફી છે (એટલે કે બેકારમાં આમતેમ ન જાવ)

**હદીષ-૬ :** તિર્મિઝીએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે ફર્માવ્યું, આદમની ઔલાદ જ્યારે પ્રભાત કરે કે અમે સૌ તારી સાથે જોડાયેલાં છીએ, તો જો તું સીધી રહી તો અમે સૌ સીધા રહીશું અને તું વાંકી થઈ ગઈ તો અમે પણ વાકાં થઈ જઈશું.

**હદીષ-૭ :** ઈમામ માલિક વ અહમદે હઝરત અલી બિન હુસૈન رضی اللہ عنہ થી અને ઈબ્ને માજહએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી અને તિર્મિઝીએ અને બયહકીએ બંનેવથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે માણસના ઈસ્લામના સારાપણામાંથી એ છે કે બેકારની વસ્તુઓ છોડી દે એટલે કે જે વસ્તુ કામમાં ન આવતી હોય તેમાં ન પડે, જીભ અને દિલ અને અંગોને બેકાર વાતોની તરફ ન ધ્યાનિત ન કરે. *(ક્રમશઃ)*

મસ્અલા 10

# અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

આ પ્રકરણમાં નબવી હદીષો ખૂબ જ અધિક પ્રમાણમાં આવેલી છે અને તે પણ વિવિધ પ્રકારની છે. દા.ત. ★ સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلمની મુબારક આંગળીઓથી પાણીનાં ઝરણાનું જારી થવું. ★ આપના ખાણામાં આશ્ચર્યજનક રીતે બરકતનો ઝહૂર ★ ઝાડો થકી આજ્ઞાપાલન તથા ગવાહી આપવું ★ સુતૂને હન્નાનાનું પ્રેમાળ હાથની અસરથી સુકૂન તથા સાંત્વન પામવું ★ આપની હથેળીમાં કાંકરાઓનું કલમો પઢવું ★ ઝાડ તથા પહાડનું સલામ અર્ઝ કરવું ★ ગોહ, વરૂ અને હરણનું આપની રિસાલતની ખબર તથા ગવાહી આપવું ★ અંધને દેખતી આંખો અતા કરવી ★ તૂટેલા અંગ અને નીકળી ગયેલી આંખને કોઈ જાતના ઓપરેશન વગર દસ્તે રહમત વડે ઠીક આપવું ★ ક઼ાબિલે રશ્ક યાદ શક્તિ અતા કરવું ★ ઝબાનથી નીકળેલી વાતોનું તીર નિશાને લાગવું (તદ્દન સહીહ થવું) ★ જમીન તથા જમીનોના ખજાનાના માલિકો મુખ્તાર હોવું ★ ચાંદના ટુકડા કરવું ★ અને ડૂબેલો સૂરજ પલ્ટાવી દેવું ★ જન્નત અતા કરવું ★ હારી ચૂકેલા લશ્કરને ફતહયાબ કરવું.

અને આ પ્રકરણમાં પુષ્કળ મોજિઝાઓ તથા તસર્રુફાત (અખત્યારો) જે હદીષોમાં આવેલ છે. અમે અહીં ટૂંકા લખાણમાં સૌને સમાવી નથી શકતા એટલા માટે કેવળ અમુક મોજિઝાઓ તથા તસર્રુફાત (અખત્યારો વિશે) વર્ણન પર અટકીએ છીએ.

**હદીષ–૧** : હઝરત સલિમા ઈબ્ને અકૂઅથી મરવી છે કે અમે જંગે હુનૈનમાં હુઝૂર સરવરે આલમ صلی اللہ علیہ وسلمની સંગાથમાં જેહાદ કર્યો. એવી સ્થિતિ ઉપસ્થિત થઈ કે સહાબાના ક઼દમો ઉખડી ગયા. જ્યારે મુશ્રિકોએ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمને ભીડ કરીને ઘેરી લીધા. આપ આપની સવારીથી ઉતરી આવ્યા અને જમીનથી એક મુટ્ઠી માટી લઈને તેમનાં મોઢાં પર મારી દીધી અને ફર્માવ્યું, ''ચહેરા ફરી જાય'' شاهتِ الوجوا એમનામાંથી દરેક દરેક વ્યક્તિની બંને આંખોમાં માટી ભરાઈ ગઈ અને પીઠ ફેરવીને ભાગી ગયા. *(સહીહ મુસ્લિમ, ૨/૧૦૧, કિતાબુલ જિહાદ, બાબ ગઝવએ હુનૈન, મજલિસે બરકાત, મુબારકપુર)*

**હદીષ–૨ : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ દસ્તે મુબારક ફેરવીને તૂટેલી પિંડલી ઠીક કરી આપી :** સહાબીએ રસૂલ હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમુક યુવાનોનું બનેલુ એક દળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીકની કમાન હેઠળ અબૂ રાફેઅ યહૂદી પાસે મોકલ્યું જે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ઈજા પહોંચાડયા કરતો હતો. ટૂંકમાં એ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક અબૂ રાફેઅ યહૂદીના દાદરથી ઉતરી રહ્યા હતા એવામાં પડી ગયા અને પિંડલી ભાગી ગઈ. હવે આગળ ની બિના તેમના જ શબ્દોમાં સાંભળો. ફર્માવે છે :

''હું તેને અમામાથી બાંધીને મારા સાથીઓ તરફ ચાલ્યો પછી હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمની ખિદમતમાં પહોંચ્યો અને બનાવ અર્ઝ કર્યો. હુઝૂરે ફર્માવ્યું, પગોને

લાંબા કરો. મેં લાંબા કર્યા. હુઝૂરે તેના પર પોતાનો દસ્તે મુબારક ફેરવી આપ્યો તો પગ એવો ઠીક થઈ ગયો જાણે કદી એમાં કોઈ શિકાયત કે તકલીફ હતી જ નહીં. *(સહીહ બુખારી ૨/૫૭૭, કિતાબુલ મગાઝી, મજલિસે બરકાત–મુબારકપુર)*

આ હદીષથી સ્પષ્ટપણે માલૂમ પડયું કે હુઝૂરે અક્દસ ﷺએ દસ્તે મુબારક ફેરવીને તૂટેલી પિંડલી ઠીક કરી આપી.

**હદીષ–૩ : જમીનના ખજાનાઓની ચાવીઓ રસૂલુલ્લાહ ﷺના અખત્યારમાં :** હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક દિવસ મદીના શરીફથી નીકળ્યા અને ઓહદમાં મૃત્યુ પામનારાઓની નમાઝે જનાઝા પઢી પછી મિમ્બર પર આવ્યા અને ફર્માવ્યું, હું હૌઝે કૌષર પર તમારાથી પહેલાં પહોંચીશ અને હું તમારી ગવાહી આપીશ. અને બેશક ! હું અત્યારે પણ મારા હોઝને જોઈ રહ્યો છું અને બેશક ! મને જમીનના ખજાનાઓની અથવા જમીનની ચાવીઓ અતા કરવામાં આવી. અને બેશક ! મને ખુદાની કસમ ! એ અંદેશો નથી કે તમે લોકો મારા બાદ મુશ્રિક થઈ જશો, પરંતું મને એ ખતરો છે કે તમે લોકો દુનિયામાં આકર્ષાઈ જશો. *(સહીહ મુસ્લિમ, ૨/૨૫૦, કિતાબુલ ફઝાઈલ...મજલિસે બરકાત–મુબારકપુર)*

**હદીષ–૪ :** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણન છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : મને જવામિઉલ કલમ (અતિશય અર્થો ધરાવનાર અને શક્ય ત્યાં સુધી ટૂંકીવાણી)ની સાથે મોકલવામાં આવ્યો અને ખૌફ તથા રોઅબ થકી મારી મદદ કરવામાં આવી. મેં જોયું કે મારી પાસે જમીનના સર્વ ખજાનાઓની ચાવીઓ લાવવામાં આવી અને તે સૌ મારા હાથોમાં રાખી દેવામાં આવી. અબૂ હુરૈરહ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ તો દુનિયાથી તશરીફ લઈ ગયા અને તમે લોકો તે ખજાના અને ફતહો કાઢી રહ્યા છો. *(સહીહ મુસ્લિમ, ૧/૧૯૯, કિતાબુલ મસાજિદ્ વ મલાઝિઉસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હદીષોથી સાબિત થયું કે જમીનના ખજાનાઓની ચાવીઓ હુઝૂર સૈયદે આલમ ﷺના દસ્તે અક્દસમાં છે તો આપને એ ખજાનાઓમાં તસર્રુફ (હેરફેર)નો અખત્યાર પણ છે. કેમ કે ખજાનાઓની ચાવીઓ એટલા માટે જ અતા કરવામાં આવે છે કે એમનામાં તસર્રુફ (ફેરફાર, હેરફેર) કરવામાં આવે. ખુદ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી (દેવબંદીઓના પેશવા)ને પણ સ્વીકાર છે. લખે છે :

"જેના હાથમાં ચાવી હોય છે તાળુ તેના જ અખત્યારમાં હોય છે, જ્યારે ચાહે તો ખોલે જ્યારે ચાહે ન ખોલે." *(તક્વિયતુલ ઈમાન, પેજ–૮, અલ ફસ્લુષ્ષાની ફી રદ્દિલ ઈશ્રાક ફીલ ઈલ્મ, રાશિદ કંપની, દેવબંદ)*

બલ્કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ના બયાનના મુજબ દેશો ફતહ થયા અને ખજાના પણ ખૂબ મળ્યા અને મુસલમાનોની હુકૂમત દુનિયાના મોટા હિસ્સા પર કાયમ થઈ ગઈ.

**હદીષ–૫ :** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે અમે લોકો મસ્જિદમાં હતા, એ દરમિયાન નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા અને યહૂદીઓને કહ્યું કે, યકીન જાણો કે જમીનના માલિક અલ્લાહ વ વસૂલ છે....પછી યકીન જાણો કે જમીનના માલિક અલ્લાહ વ રસૂલ છે. *(સહીહ બુખારી, ૧/૪૪૯, કિતાબુલ જિહાદ, બાબુ ઈખ્રાજુલ યહૂદ, મજલિસે બરકાત)*

આ હદીષથી સાબિત થયું કે હુઝૂર સૈયદે આલમ ﷺ જમીનના માલિક છે. હા ! આ હદીષના

નુઝૂલનો ખાસ સબબ છે પણ એતબાર શબ્દોના સામાન્યપણાનો હોય છે, એટલા માટે આપની માલિકી અરબ દ્વિપની જમીનો સાથે ખાસ ન રહેશે બલ્કે આમ રહેશે.

**હદીષ–૬** : જે મને પોતાની ઝબાન તથા શર્મગાહની જમાનત આપે (કે તે તેનાથી મારી નાફર્માની નહીં કરે) હું એના માટે જન્નતની જમાનત આપુ છું. *(સહીહ બુખારી, ૨/૯૫૯, કિતાબુર્રિકાક, બાબુ હિફ્ઝિલ્લિસાન, મજલિસે બરકાત)*

**હદીષ–૭ : રસૂલુલ્લાહ ﷺએ હઝરત કઅબ અસ્લમીને જન્નત અતા ફર્માવી :** હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી رضی اللہ عنہ ફર્માવે છે કે હું રાતમાં રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર રહેતો હતો. એક રાતે મેં વુઝૂનું પાણી અને અન્ય જરૂરિયાત મિસ્વાક, કાંસકો, કપડાં વગેરે ખિદમતે અકદસમાં હાજર કર્યા. તો હુઝૂર ﷺએ મને ફર્માવ્યું : سَل (માગી લો !) મેં અર્ઝ કરી કે, હું જન્નતમાં હુઝૂર ﷺની રફાકત માગુ છું (કે જન્નતમાં હુઝૂરની સાથે રહું) હુઝૂર ﷺએ પૂછયું, કાંઈક વધુ ?! મેં અર્ઝ કરી, મારો હેતુ આ જ છે ! હુઝૂરે ફર્માવ્યું, ત્યારે સજદાઓની કષરત (ખૂબ અધિકતા)થી મારી મદદ કરો *(સહીહ બુખારી, ૧/૧૯૩, કિતાબુસ્સાલાત, બાબુ ફદ્લિસ્સુજૂદ.... મજલિસે બરકાત, મુબારકપુર)*

ઝબાને રિસાલતથી નીકળેલો શબ્દ سَل ''માગી લો !''મુત્લક઼ (કોઈ હદ પાબંદી વિનાનો) છે. શું માગો, કેટલુ માગો, દુનિયાની નેઅમતો માગો અથવા આખેરતની નેઅમતો માગો, કોઈ ચીજની કોઈ ખાસ શર્ત નથી કરવામાં આવી, એટલા માટે આ ઈત્લાક઼ (બિનશર્તીપણા)નો તકાઝો એ છે કે દુનિયા તથા આખેરતની જે ચીજ અને જે નેઅમત ચાહો માગી લો, અને જન્નત અને જેવી ચાહો માગી લો, સૌ અતા થશે.

*માલિકે કૌનેન હૈ ગો પાસ કુછ રખતે નહીં*
*દો જહાંકી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથ મેં*

મુત્લક઼નો ઈત્લાક઼ એ જ ચાહે છે અને ઉમ્મતના ઉલમાએ પણ એ જ સમજ્યું અને આ જ સ્પષ્ટતા કરી. જેમ કે ફાઝિલે અજલ હઝરત અલ્લામા ક઼ારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરહે મિશ્કાતમાં લખે છે : ''હુઝૂર સૈયદે આલમ ﷺએ ''માગવાનો હુકમ મુત્લક઼'' (બેકૈદ, હદ વિનાનો) આપ્યો. એનાથી જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ આપને એ કુદરત અર્પી છે કે હક઼્ક઼ ﷻના ખજાનાઓમાંથી જે કાંઈ ચાહો અતા કરી આપો. *(મિર્કાતુલ મફાતીહ, શરહે મિશ્કાતુલ મસાબીહ, ૨/૫૬૭, કિતાબુસ્સલાત, બાબુસ્સજૂદ વલ્ફદ્લિહી, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત)*

શયખુશ્શોયૂખે ઉલમાએ હિંદ શયખ મુહક઼્ક઼િક઼ હઝરત મૌલાના અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ શરહે મિશ્કાતમાં ફર્માવે છે : (અર્થ) રસૂલુલ્લાહ ﷺએ હઝરત રબીઆને મુત્લક઼ન (કોઈ પાબંદી વગર) ફર્માવ્યું سَل (માગી લો !) કોઈ ખાસ ચીજ કે નેઅમત માગવા ખાસ નથી કહ્યું. એનાથી જાણવા મળે છે કે સર્વ કામો હુઝૂર સૈયદે આલમ ﷺના દસ્તે કરામતમાં છે જે કાંઈ ચાહે અને જેના માટે ચાહે પરવરદિગારની ઈજાઝતથી આપે. *(અશિઅતુલ લમ્આત શરહે મિશ્કાત, ૧/૪૨૫, કિતાબુસ્સલાત બાબુસ્સુજૂદ વલ ફદ્લિહી, મકતબે હબીબિયા, પાકિસ્તાન)*

આ હદીષથી સાબિત થયું કે :–

★ દુનિયા તથા આખેરતની સર્વ નેઅમતો, સર્વ મુરાદો હુઝૂર સૈયદે કૌનેન ﷺના અખત્યારમાં છે

અને આપ દરેક રીતની હાજત પૂરી ફર્માવી શકે છે.

★ ત્યાં સુધી કે આપ જન્નત પણ અતા કરી શકે છે અને પોતાની જન્નતમાં કોઈને પોતાની સાથે રાખવા ચાહે તો રાખી પણ શકે છે, એટલા માટે આપે હઝરત રબીઆ બિન કઅબની દરખાસ્ત મંજૂર કરી લીધી.

તો આ કાઈનાતમાં અલ્લાહના ઈઝ્ન (અનુમતિ)થી નબી કરીમ ﷺનો પોતાના ઈરાદા તથા અખત્યારથી તસર્રુફ (હસ્તક્ષેપ) છે.

## ★ ચાંદ પર તસર્રુફ (હસ્તક્ષેપ)ની હદીષો ★

કાઈનાતે આલમમાં હુઝૂર સૈયદે આલમ ﷺના તસર્રુફ તથા ઈકતેદારની ઉઘાડી સાબિતી ચાંદના ટુકડા થવાનો મોજિઝો છે જેનો ઉલ્લેખ કુર્આને હકીમની ''સૂરએ ક઼મર''માં છે :

اِقْتَرَبَتِ السَّاعَةُ وَ انْشَقَّ الْقَمَرُ ① وَاِنْ يَّرَوْا اٰيَةً يُّعْرِضُوْا وَ يَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ ②

''કયામત નજીક આવી ગઈ અને ચાંદ ટુકડા થઈ ગયો અને જો (મક્કાના મુશ્રિકો) કોઈ નિશાની જુએ તો એનાથી મોં ફેરવે છે અને કહે છે કે એ તો જાદૂ છે જે ચાલ્યો આવે છે. *(સૂ. ક઼મર, ૫૪/૧,૨)*

સિહાહની પુષ્કળ હદીષોમાં આ મોજિઝાનું વર્ણન છે. અમે અહીં એમનામાંથી અમુક હદીષો નક઼લ કરીએ છીએ.

**હદીષ–૮** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે મક્કાવાસીઓએ રસૂલુલ્લાહ ﷺથી માગણી કરી કે આપ તેમને કોઈ મોજિઝો દેખાડો. તો આપે તેમને ચાંદના બે ટુકડા કરી બતાવ્યા. તેમણે હિરા પહાડને ચાંદના એ બંને ટુકડાઓથી વચ્ચે જોયો. *(સહીહ બુખારી, ૧/૫૪૬, કિતાબ બુન્યાન અલ્કા'બા, બાબ ઈન્શેક઼ાકુલ ક઼મર, મજલિસે બરકાત, મુબારકપુર, સહીહ મુસ્લિમ, ૨/૩૭૩)*

બંને ટુકાડાઓ વચ્ચે સરવરે કાઈનાત ﷺએ આટલુ અધિક અંતર એટલા માટે કરી આપ્યું કે જેથી કોઈને બાદમાં નજરના ધોકાની શંકા ન રહે અને તેનું દિલો દિમાગ પૂર્ણપણે સંતુષ્ઠ થાય કે ખરેખર રસૂલુલ્લાહ ﷺએ પોતાની ખુદાએ આપેલી શક્તિ વડે ચાંદના બે ટુકડા કરી આપ્યા. વળી મુશ્રિકોના ઈમાનનો અને મોમિનોના અધિક યક઼ીન તથા વિશ્વાસનો સબબ બને.

**હદીષ–૯** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺના સમય મુબારકમાં (એઅ્જાઝે નબુવ્વતથી) ચાંદ બે ટુકડા થઈ ગયો તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''તમે લોકો ગવાહ બની જાવ !'' *(સહીહ બુખારી, ૧/૫૧૩, કિતાબુલ મનાક઼િબ, સવાલુલ મુશ્રિકીન.....મજલિસે બરકાત, સહીહ મુસ્લિમ, ૨/૩૭૩, કિતાબ સિફાતે મુનાફિક઼ીન, બાબુ ઈન્શિકાકુલ ક઼મર, મજલિસે બરકાત–મુબારકપુર)*

ગવાહ બનાવવાની હિકમત એ હોય શકે છે કે શક્કે ક઼મર (ચાંદના ટુકડા થવાનો) આ મોજિઝો રાતમાં જાહેર થયો હતો જ્યારે લોકો સામાન્યપણે સૂઈ રહેલા હોય છે અને જાગૃત રહેનારા પણ સૌ બહાર નથી હોતા, અને બહાર રહેનારાઓ સૌ તમામ આસ્માનની તરફ બરાબર નજર ઉઠાવીને નથી જોતા, એટલા માટે જોનારાઓએ જોઈએ કે સારી રીતે જોઈને ગવાહ બની જાય જેથી બાદમાં બીજા લોકોને આ મોજિઝાની ખરેખર સાચી બનેલી ખબર આપી શકે અને તેઓ તેમના ઈમાનનો અથવા ઈમાનમાં તાજગી તથા અડગતાનો સબબ બને.

**હદીષ–૧૦** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે ચાંદ રસૂલુલ્લાહ ﷺના જમાનામાં (આપના એઅ્જાઝથી) બે ટુકડા થઈ ગયો, એક ટુકડો પહાડની ઉપર અને અને બીજો ટુકડો પહાડની નીચે. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમે લોકો ગવાહ બની જાવ. *(સહીહ બુખારી, ૨/૭૨૧, કિતાબુત્તફસીર, ..... મજલિસે બરકાત, સહીહ મુસ્લિમ, ૨/૩૭૩, કિતાબ સિફાતુલ મુનાફિકીન, બાબુ ઈન્શિકાકુલ કમર, મજલિસે બરકાત)*

આ આસ્માન પર હુઝૂર સૈયદે આલમ ﷺના તસર્રુફની મહાન નિશાની છે એટલા માટે આપે હુકમ આપ્યો કે તમે લોકો એના ગવાહ બની જાવ.

અથવા એ મતલબ છે કે તમે નબુવ્વતની દલીલનો પોતાના માથાની આંખો વડે દીદાર કરી લીધો તો ગવાહી આપો કે હું અલ્લાહનો રસૂલ છું કેમ કે નબુવ્વતની દલીલનો ઝહૂર નબુવ્વતની ગવાહીનો તકાઝો કરે છે. જેમ કે ઘણીવાર એવું થયું કે રસૂલુલ્લાહ ﷺએ કોઈ મોજિઝાના ઝહૂરના સમયે પોતે પણ પોતાની રિસાલતની શહાદત (ગવાહી)નું એલાન કર્યું. સહીહૈનમાં આવી વિવિધ હદીષો છે.

**હદીષ–૧૧ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનું બયાન છે કે, ચાંદ ફાટી ગયો અને અમે લોકો નબી કરીમ ﷺની સાથે હતા. ચાંદ બે ટુકડા થઈ ગયો તો હુઝૂર ﷺએ અમને ફર્માવ્યું : તમે લોકો (મારા તસર્રુફના) ગવાહ બની જાવ ! તમે લોકો (મારા આ તસર્રુફના) ગવાહ બની જાવ ! *(સહીહ બુખારી, ૨/૭૨૧, કિતાબુત્તફસીર,.....મજલિસે બરકાત)*

મોજિઝો નબુવ્વતની દલીલ હોય છે, એટલા માટે મક્કાના મુશ્રિકોએ રસૂલુલ્લાહ ﷺથી મોજિઝાની માગણી કરી અને આપે પોતાની કુદરત તથા તસર્રુફનું આશ્ચર્યજનક પ્રદર્શન કરતાં આસ્માન પર જગમગી રહેલા ચાંદના જ બે ટુકડા કરી આપ્યા. અને ન કેવળ એ કે બે ટુકડા કર્યા બલ્કે દરેક ટુકડાને અલગ અલગ એટલો દૂર કરી આપ્યો કે ''હિરા'' પહાડ એ બંને ટુકડાઓની વચમાં આવી ગયો. આ આસ્માન પર નબવી તસર્રુફની દલીલ છે. *–(ક્રમશઃ)*


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત** ૧×૨ અથવા ૨×૨ સ્લીપર કોચ દ્વારા જમવા-રહેવા સાથેનો પ્રવાસ

## સ્પે. કાશ્મીર પ્રવાસ

**આખી ટીકીટ : રૂા. ૧૯,૦૦૧/-** | **પ્રવાસ સ્થળ** | **અડધી ટીકીટ : રૂા. ૧૦,૦૦૧/-**

**ઉદેપુર - કપાસણ - નાગોર - અમૃતસર (વાઘા બોર્ડર, સુવર્ણ મંદિર, જલીયાવાલા બાગ) - શ્રીનગર - સોનમાર્ગ - ગુલમર્ગ - પહેલગાવ - સરહિંદશરીફ - દિલ્હી - આગ્રા - ફતેપુરસીક્રી - અજમેર - જયપુર - પરત ધોળકા**

**પ્રવાસ દિવસ : ૧૬** | **બસ ઉપડશે તા. ૧૯–૫–૨૦૨૫ સોમવાર**

**બસ ઉપડવાનું સ્થળ : (૧) સ્વામિનારાયણ પેટ્રોલ પંપ પાસે ડભાણ, નડીયાદ, સમય : સાંજે ૪-૦૦ કલાકે.**
**(૨) તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટસ પાસે, ધોળકા. જિ. અમદાવાદ, સમય : રાત્રે ૧૦-૦૦ કલાકે.**

**નોંધ :** (૧) પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૩૦૦/– મુસાફરના શીરે રહેશે. (૨) રૂા. ૫૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. (૩) બેંક, એલ.આઇ.સી., જી.આઇ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. (૪) શ્રીનગર સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૫) શ્રીનગરમાં હોટલ રૂમ બુકીંગ ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ ફાળવવામાં આવશે. (૬) દિલ્લી સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૭) તા. ૨૪–૫–૨૫ અને ૩૦–૫–૨૫ અને ૪–૬–૨૫ સવારની ચા સ્વખર્ચે રહેશે. (૮) ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટીકીટ રહેશે, બે અડધી ટીકીટ વચ્ચે એક સોફો આપવામાં આવશે.

**આયોજક : શરીફખાન પઠાણ : (મો.) ૯૮૨૪૪ ૭૮૧૧૬**

Bank Name : State Bank of India, Dholka Branch | Bank Ac No. : 32996143540 | IFSC Code : SBIN0000364

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

**ચોથી સદીના મુજદ્દિદ ૧**

# હઝરત ઈમામ અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅ્લૂકી رضی اللہ عنہ

*(વિસાલ : હિ.સ. ૪૦૪)*

*(કાર્યાલય)*

**ફઝાઈલ તથા કમાલાત :** ઈમામ નવવી શાફઈ رحمۃ اللہ علیہ (વફાત હિ.સ. ૬૭૬) "તહઝીબુલ અસ્મા વલ્લુગાત"માં આપના ફઝાઈલ તથા કમાલોનો ઉલ્લેખ કરતાં લખે છેઃ હઝરત અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅલૂકી શાફઈ ફિક્હના ઈમામ હતા. મસ્લકે શાફઈના મહાન ફક઼ીહોમાં આપનું નામ મુબારક ટોચના સ્થાને હતું. આપ અસ્હાબે વજૂહમાંથી હતા. જેવી રીતે આપના પિતા ઈમામ અને મુત્લક઼ ઉસ્તાદ હતા, બિલ્કુલ એ જ પ્રમાણે આપ પણ ઉસ્તાઝે અલલ ઈત્લાક઼, ફિક઼હ તથા હદીષમાં સમયના અજોડ અને ઝબાન તથા અદબ (ભાષા તથા સાહિત્ય)ના સુલ્તાન હતા. ઈલ્મ તથા ફઝ્લ અને દયાનત તથા અમાનતમાં અજોડ અને અનુપમ હતા. આપની ઈમામત પર અવામ તથા ખાસ સૌની એકમતી હતી. આપના ઝોહદો તક઼વા અને સિયાદત તથા ક઼યાદત (સરદારી)નો સૌ સ્વીકાર કરતા હતા. હાફિઝ અબૂ યઅ્લા ખલીલ પોતાની કિતાબ "અલ ઈર્શાદ"માં લખે છે કે, મેં ઉલમામાં આપનાથી વધુ બુલંદ હિંમત અને બાહયા કોઈને નથી જોયો. *(તહઝીબુલ અસ્મા વલ્લુગાત, અન્નવવી, ૧/૨૬૦, દારુલ કુતુબિલ ઈલ્મિયા બૈરૂત, તબક઼ાતુલ શાફઈય્યતિલ કુબરા, અસ્સુબકી, ૩/૬૨......)*

અલ્લામા સુબ્કી (વફાત–૭૭૧) પોતાના તબક઼ાતમાં હાફિઝ અષીરુદીન અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન મુહમ્મદ બિન હાતિમ અબૂ ઝયદ મુક઼રીના હવાલાથી લખે છે : હઝરત સહલ બિન મુહમ્મદ સઅલુકી رحمۃ اللہ علیہ ઘણા જ મહાન આલિમ અને એકલા એક અંજુમન હતા. આપ ઈમામુદ્ દુન્યા અલલ ઈત્લાક઼ અને શાફઈલ અસ્ર સર્વ સંમતિએ હતા. શાફઈ ફિક઼હમાં આપને એટલા પ્રમાણમાં પહોંચ અને કામિલ દસ્તરસ (નિપૂણતા) હાંસલ હતી કે જો ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ આપને જોતા તો તેમની આંખો ઠંડી થાત અને તે પોતે એ વાતની ગવાહી આપતા કે આ શાફઈ મઝહબના સદર અને શાફઈ મસ્લકના રૂહેરવાં છે.

અલ્લામા નાયફ બિન સલાહ મન્સુરી "અસ્સલ સબીલુન્નક઼ી"માં અલ્લામા અબૂ આસિમ એબાદીના હવાલાથી લખે છે : હઝરત અબૂ તય્યબ સઅલૂકી رحمۃ اللہ علیہ ફિક઼હ ઉપરાંત અદબ તથા બલાગત, ઈલ્મે કલામ અને નહ્વ વગેરેના પણ ઈમામ હતા. *(તબકાતે શાફઈય્યતુલ કુબ્રા, અલ્સુબ્કી, ૩/૫૨, દારુલ ઈલ્મિયા, બૈરૂત....વગેરે)*

આ ખૂબીઓમાં એક મહાન ખૂબી એ પણ મળે છે કે આપ ગુરબા પરવરી અને મિસ્કીન નવાઝી (ગરીબોની મદદ)માં પણ પોતાનું દષ્ટાંત પોતે હતા. આપ એક પાક તબીઅતવાળા અને ઉચ્ચ ખૂબીઓવાળા મર્દ હતા. જ્યારે પણ કોઈ હાજતમંદ આપની બારગાહમાં આવતો તો આપ તેને વિના આપ્યે પરત ન કરતા. અને હાજતમંદ આપને ખૂબ જ નરમીવાળા અને ખુશઅખ્લાક઼ પામતો. આપ સર્વ લોકો સાથે હસમુખા ચહેરે વર્તતા અને ખૂબ જ ઉદાર દિલીનું પ્રદર્શન કરીને પોતાના દરબારમાં આવનારા શખ્સોનું ઉષ્માભેર સ્વાગત કરતા. એ જ કારણે આપ દીન તથા દુનિયાની સરદારી તથા સરબરાહીને પાત્ર

હતા. આપના સમકાલિન ઉલમાએ કિરામની આપની સિયાદત તથા ઈમામત પર એકમતી હતી. આપ ઈલ્મો ફઝ્લનું હસીન સંગમ અને અસલિયત તથા સરદારીના માદાનું સંગમ હતા. *(તબક઼ાતે શાફઈય્યતુલ કુબ્રા, અલ્સુબ્કી, ૩/૫૨, દારુલ ઈલ્મિયા, બૈરૂત....વગેરે)*

અલ્લામા સમ્આની (વફાત : હિ.સ. ૮૫૨) ''અલ ઈન્સાબ''માં શયખ અબુલ ઈસ્હાકનું બયાન છે કે અમારા અમુક શયખ કહ્યા કરતા હતા કે જે શખ્સને નજીબ ઈબ્ને નજીબને જાણવાની ઈચ્છા હોય તે સહલ બિન અબૂ સહલની ઝિયારતથી ખુશહાલ થઈ જાય તો તેની ખ્વાહિશ પૂરી થઈ જશે. *(અલ ઈન્સાબ, અબૂ સઅદ અબ્દુલ કરીમ સમ્આની, ૮/૩૦૮, મજલિસે દાઈરતુલ મઆરિફિલ ઉષ્માનિયા, હૈદ્રાબાદ....)*

અલ્લામા સુબ્કી ઈમામ હાકિમથી નકલ કરતાં લખે છે : અમે બુખારા શહેરમાં રોકાયેલા હતા એ અરસામાં હઝરત અબુલ અસ્બગ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ મલિક નીશાપુરથી અમારે ત્યાં તશરીફ લાવ્યા. એ મોકા પર અમે તેમને પૂછયું કે નીશાપુરના આ ઉજ્જડ વિસ્તારને કઈ જાતે તૃપ્ત કર્યો ? તો હઝરત અબુલ અસ્બગે જાહેરમાં ઈર્શાદ ફર્માવ્યો, સહલ બિન અબૂ સહલના જલ્વએ ઝૈબાએ. કેમ કે હું પશ્ચિમના સૌથી આખરી કિનારાનો રહેવાસી છું અને મેં મારા અઝીઝ વતનથી લઈને પૂર્વના સૌથી અંતિમ દેશ સુધીનો સફર કર્યો પરંતું ઈલ્મ તથા ફઝ્લમાં એમના સમાન કોઈને નથી પામ્યો. *(અત્તબક઼ાત, અલ સુબ્કી, ૩/૫૨ દારુલ ફિક્ર, બૈરૂત....)*

હઝરત અબૂ તૈયબ رحمۃ اللہ علیہની ભરચક ખૂબીઓમાંથી એક ખૂબી આપની અંદર એ પણ ઉત્તમ કક્ષાની જોવા મળતી હતી કે આપ ઘણા જ સુંદર અક્ષરોવાળા હતા. ઈમામ સુબ્કી (વફાત–હિ.સ. ૭૭૧) પોતાની તબક઼ાતમાં રઈસ અબૂ મુહમ્મદ મીકાલીના હવાલાથી લખે છે કે લોકો આપના પિતા ઉસ્તાઝ અબૂ સહલની ઉમદા કિતાબત (Writing) તથા સુંદર અક્ષરોવાળુ લખાણ જોઈને આશ્ચર્યચકિત થઈ જતા હતા જ્યારે કે આપ પોતાના પિતા કરતાં પણ અધિક સુઅક્ષરોવાળા હતા. *(અસ્સલસબીલુન્નક઼ી, નાયફ બિન સલાહ મન્સુરી, પેજ–૩૬૭, દારુલ આસિમા, રિયાધ.....વગેરે)*

એ જ તે ખૂબીઓ હતી જેના સબબે આપ આપના પિતાના હરદિલ અઝીઝ હતા. તે આપની દિમાગી કૌશલ્યતા તથા બુધ્ધિમત્તા, ઈલ્મો ફઝ્લ, અખ્લાક઼ તથા કિરદાર, ખુલૂસ તથા ત્યાગભાગના, અને દીનો મિલ્લતની ખિદમતનો અપાર ઉમંગને જોઈને એટલા હદે પ્રભાવિત હતા કે ફખ્રરૂપે કહ્યા કરતા હતા : سھل والد એટલે ''અબૂ સહલ તૈયબ મારા વાલિદ જેવા'' છે. આપની જુદાઈ તેમને ખૂબ અઘરી લાગતી હતી. *(અત્તબક઼ાત, અલ સુબ્કી, ૩/૫૩, દારુલ ફિક્ર, બૈરૂત.....)*

જેમ કે ઈમામ ઈબ્ને સલાહ પોતાની તબક઼ાતમાં અબૂ ઈસ્હાકના હવાલાથી લખે છે : જ્યારે ઉસ્તાદ અબૂ સહલ પોતાના મૃત્યુવેળાની બીમારીની શરૂઆતમાં હતા ત્યારે અબૂ સહલની અયાદત (બીમારપુર્સી) માટે ગયો. અને એ વખતે ઉસ્તાદ બીમારીના કારણે સખત તકલીફમાં સપડાયેલા હતા. વાતચીત દરમિયાન તેમણે ફર્માવ્યું, અબૂ તૈયબની ગૈરહાજરી મારા પર મારી બીમારીની તકલીફ કરતાં અધિક ભારે છે. *(અત્તબક઼ાત, અલ સુબ્કી, ૩/૫૩, દારુલ ફિક્ર, બૈરૂત.....)*

### ★ અરબી અદબ (સાહિત્ય)માં નિપૂણતા તથા કમાલ ★

દિલચસ્પ વાત એ છે કે જેવી રીતે અન્ય સર્વ ઈલ્મોમાં આપને પૂર્ણપણે નિપૂણતા હાંસલ હતી તેવી જ રીતે અદબ તથા બલાગતના પણ આપ

બેતાજ બાદશાહ હતા. જેવી રીતે શેઅરો સુખનની કલા આપની અંદર ઉત્તમ કક્ષાએ મૌજૂદ હતી એ જ પ્રમાણે અરબી નષ્રનિગારીમાં પણ આપ પોતાનું દષ્ટાંત ધરાવતા ન હતા. અમે આપની અરબી અતિ ઉત્તમ રચના (શહપારા)ની ઝલકો દેખાડવા માટે આ ચર્ચાને બે વિભાગમાં વહેંચીએ છીએ : પ્રથમ નઝ્મ બીજી નષ્ર (ગદ્ય અને પદ્ય, પાઠ તથા કાવ્ય)

**નઝ્મ** : આમ તો આપે ઘણા શેઅરો કહ્યા છે, આ જગાએ નમૂના રૂપે અમુક શેઅરો વાંચકો સમક્ષ પેશ કરીએ છીએ.

سلوت عن الدنيا عزيزا قبلتها
وجدت بها لما تناهت بآمالي
علمت مصير الدهر كيف سبيله
فزايلتها قبل الزوال باحواليي

*(અત્તબકાત, અલ સુબ્કી, ૩/૫૩, દારુલ ફિક્ર, બૈરૂત...)*

**નષર : (અ) હકમ :–**

(۱) من تصلر قبل أوانه فقد تصدیٰ لهوانه
(۲) إذا كان رضا الخلق معسوره لا يدرك، كان ميسوره لا يترك
(۳) انما يتاج إلىٰ اخوان العشرة لزمان العسرة

*અત્તબકાત, અલ સુબ્કી, ૩/૫૩, દારુલ ફિક્ર, બૈરૂત..... તારીખુલ ઈસ્લામ, અલ ઝહબી, ૨૮/૧૦૨, દારુલ કિતાબિલ અરબી, બૈરૂત....)*

**(બ) મુફ્ફા મુસજઅ ફતવા** : (૧) આપને એવા શખ્સના બારામાં ફત્વો પૂછવામાં આવ્યો જેની પાસે કોઈ ચીજ અમાનત રાખવામાં આવે પછી તેનો ઈન્તેકાલ થઈ જાય અને તેના છોડેલા માલમાં તે અમાનત રાખેલી ચીજ ન મળે, તો તે શખ્સ એ ચીજનો જામિન થશે કે નહીં ?

આપે સાહિત્યિક સ્ટાઈલમાં આ જવાબ આપ્યો : لا، إن مات عرضا، نعم، إن مات مرضا

(૨) શતરંજના ખેલના બારામાં આપને સવાલ થયો તો આપે ફર્માવ્યું :

إذا سلم المال من الخسران، والصلاة عن النسيان، فذلك أنس بين الخلان كتبه، سهل بن محمد بن سليمان

(૩) આપે આ મસ્અલા પર કે મુશ્તરી (ખરીદનાર) ષયબા બાંદી (તે બાંદી જે કુંવારી ન હોય) સાથે સંભોગ કરી લે તો પણ તેણીને અયબના કારણે પરત કરી શકે છે. આ મસ્અલા પર દલીલ રૂપે ફર્માવ્યું :–

إلمام من غير إيلام، فلا يمنع قياساً على الاستخدام

*(તારીખુલ ઈસ્લામ, અલ ઝહબી, ૨૮/૧૦૨, દારુલ કિતાબિલ અરબી, બૈરૂત....)*

**હાજર જવાબી** : અન્ય સર્વ ખુશીઓની સાથોસાથ અલ્લાહ ﷻએ આપની અંદર હાજર જવાબી તથા ત્વરિત જવાબની કાબેલિયત પણ ભરી આપી હતી. અર્રવઝુલ બાસિમમાં "જવાહિરુલ મુઝઈય્યહ"ના હવાલાથી એક બનાવ નકલ થયેલો છે કે, એકવાર આપ પૂરી શાનો શૌકતની સાથે એક જુલૂસમાં ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા એવામાં એક યહૂદી કસાઈ આપની બારગાહમાં હાજર થયો જે વેર વિખેર કપડાં પહેરેલ હતો અને ધૂમાડાને કારણે તેનાં કપડાં કાળાં પડી ગયાં હતાં. આપની શાનો શોકતને જોઈને કસાઈએ કહ્યું, આપના નબીએ તો એ ઈર્શાદ ફર્માવ્યો છે કે, "દુનિયા મો'મિનના માટે કેદખાનુ છે અને કાફિરના માટે જન્નત છે. "હું એક કાફિર છું અને આપ મારો વેર વિખેર હાલ જોઈ રહ્યા છો. આપ એક મોમિન છો અને આપની શાનો શૌકત તમારી નજરો સમક્ષ છે. તો પછી આપના નબી ﷺની આ હદીષનો શો મતલબ છે ?

આપે ત્વરિત જવાબ આપ્યો, સાંભળ ! કાલે કયામતના દિવસે જ્યારે તમો અલ્લાહના અઝાબમાં સપડાયેલા હશો તો તમને તમારી આ જ લગર વગર જિંદગી જન્નત જણાશે. અને જ્યારે હું અલ્લાહ ﷻની મહાન નેઅમતો અને તેની રઝાથી શરફયાબ થઈશ તો મને મારી આ શાનો શૌકતવાળી દુનિયવી જિંદગી પણ એક કેદખાનુ જણાશે. યહૂદી કસાઈ આપનો આ ત્વરિત અને જડબાતોડ જવાબ સાંભળીને મંત્ર મુગ્ધ તથા હક્કા બક્કા થઈ ગયો અને ત્યાં મૌજૂદ સર્વ લોકો આપની સમજ તથા દિર્ઘદષ્ટિ અને હાજર જવાબી પર આશ્ચર્યચકિત થઈ ગયા. *(અસ્સલસબીલ અન્નકી, નાયફ બિન સલાહ મન્સુરી, ૧/૫૧૭, દારુલ આસિયા, રિયાઝ.....)*

**ખુદાની બારગાહમાં આપના ફિક્હના ઈલ્મની મક઼બૂલિયત :** આપ અલ્લાહના બરગુઝીદા (ચહીતા) બંદા, અવામ તથા ખાસ લોકોમાં મક઼બૂલ તથા પ્રિય હતા. ઈલ્મવાળાઓના તબકા઼માં આપને સરદારી તથા ફર્માંરવાઈ હાંસલ હતી. આપના દરેક ક઼ૌલ તથા ફેઅલમાં ઈખ્લાસ તથા લિલ્લાહિયત પ્રદર્શિત થતી હતી. આપે આપની જિંદગીની દરેક પળને ખિદમતે દીન અને ખિદમતે ખલ્ક઼ના માટે વક઼ફ કરી રાખી હતી. પૂરી જિંદગી દીની ઈલ્મોના પ્રચાર પ્રસાર માટે સક્રિયપણે કાર્યરત રહ્યા. સૌથી વિશાળ પાયા પર આપે જે ઈલ્મની ખિદમત કરી તે ફિક઼્હ તથા ઈફતા છે. અને આપની એ ખિદમત અલ્લાહ તઆલાની બારગાહમાં કેટલી મક઼બૂલ થઈ એનો અંદાઝો આ બનાવ પરથી સારી રીતે લગાડી શકાય છે જે તબક઼ાતે શાફઈય્યતુલ કુબરામાં વર્ણન કરવામાં આવેલ છે કે, અબૂ સઈદ સહામે વિસાલ પુરમલાલ બાદ આપને ખ્વાબમાં જોયા. તો આપને أيها الشيخ કહીને સંબોધ્યા. હઝરત અબૂ તૈયબને તેમનો આ સંબોધનનો અંદાઝ નાપસંદ પડયો. આપે ફર્માવ્યું : دع الشيخ શયખ કહેવાનુ છોડી દો ! અબૂ સઈદને આપના આ ફર્માન પર આશ્ચર્ય થયું. જ્યારે મામલો સમજમાં ન આવ્યો તો તેમણે પૂછયું કે આપને શયખ કહેવાનુ કેમ છોડી દઈએ ? અને આપને જે દુનિયવી કદર તથા ઈજ્જત હાંસલ હતી એનું શું ? તો આપે જવાબમાં ફર્માવ્યું,તે શાનો શૌકત જોઈએ તેવી લાભકારક સાબિત ન થઈ. છેવટે સઈદે સવાલ કર્યો, તો પછી અલ્લાહે આપની સાથે શો મામલો કર્યો ? આપે જવાબમાં કહ્યું, અલ્લાહ رحمۃ اللہ علیہએ મને તે ફિક઼્હી મસાઈલના સબબે બખ્શી આપ્યો જે હું ફિક઼્હથી અજ્ઞાન લોકોને બતાવ્યા કરતો હતો.

**ચોથી સદીના મુજદ્દિદ :** ખૂબ જ અધિક ઉલમાએ આપના મુજદ્દિદ હોવાનો ક઼ૌલ કર્યો છે. એના અનુસંધાનમાં :–

مراة الجنان وعبرة اليقظان في معرفة حوادث الزمان

માં કિતાબના કર્તા આપના વિશે લખે છે : (અર્થ) "ખૂબ જ અધિક પ્રમાણમાં ઈલ્મો વિદ્યાઓ અને આપના અગણિત ઈલ્મી તથા અમલી ફઝાઈલ તથા કમાલોની પ્રસિધ્ધિ તથા ખ્યાતિ હોવાના કારણે આપ ચોથી સદીના મુજદ્દિદ હતા. અને વર્ણવેલ મતભેદ કાંઈ નુકસાનકર્તા નથી, કેમ કે એક સદીમાં એકથી અધિક પણ મુજદ્દિદ થઈ શકે છે." એ જ પ્રમાણે "સિયરુલ અઅલામુન્નબલા"માં ઈમામ ઝહબી (વફાત હિ.૭૪૮)એ લખ્યું છે : (અર્થ) "અમુક ઉલમાએ હઝરત અબૂ તૈયબ સઅલૂકીને ચોથી સદીના મુજદ્દિદ કહ્યા છે. અમુક ઉલમાએ હઝરત ક઼ાઝી અબૂબકર બાક઼લાનીને અને અમુકે હઝરત અબૂ હામિદ અસ્ફરાઈનીની મુજદ્દિદમાં ગણના કરી છે. તેમ છતાં ઈમામ ઝહબી ફર્માવે છે કે આ ત્રણેવમાં રાજેહ (અગ્રસ્થાને) હઝરત અબૂ તૈયબ સઅલૂકી رحمۃ اللہ علیہ છે." તેમજ

تبیین کذب المفتری فیما نسب إلی الی الحسن الاشعری માં પણ આપને ચોથી સદીના મુજદ્દિદ ગણવામાં આવ્યા. અલ્લામા અબુલ કાસિમ અલી બિન હસન બિન હિબ્તુલ્લાહ બિન અસાકિર તથા મુશ્કી તિબ્બિયીનલ કિઝબુલ મુફતરી પોતાની કિતાબમાં સર્વ મુજદિદોનું વર્ણન કરતાં લખે છે : (અર્થ) "હઝરત અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ બિન સુલેમાન સઅલૂકી નીશાપૂરી رحمۃ اللہ علیہ ચોથી સદીના મુજદ્દિદ હતા." થોડીક લીટીઓ બાદ આગળ લખે છે : (અર્થ) "હઝરત અબૂ તૈયબ સઅલૂકી رحمۃ اللہ علیہ પોતાના શહેરમાં ખૂબ જ મશહૂરો મઅરૂફ હતા. આપ, આપના પિતા તેમજ આપના ફરઝંદે અર્જમંદ (પુત્ર)ને નીશાપુરમાં શાફઈ લોકોની સરબરાહી હાંસલ હતી. આપના પિતા અબૂ સહલ મુહમ્મદ બિન સુલેમાન رحمۃ اللہ علیہ ખુરાસાનના ઉલમામાં ઘણા જ મશહૂરો મઅરૂફ હસ્તી રહ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે હઝરત અબૂ તૈયબ સઅલૂકી, આપના પિતા અને આપના પુત્ર ફિરોઝબખ્ત ખુરાસાનમાં જીવનના અંતિમ શ્વાસ સુધી મઝહબે અશઅરીની ખિદમત તથા પ્રચાર કરતા રહ્યા, અને બિદઅતઓ જેમ કે મોઅતઝલા, રાફઝી અને કરામિયાથી હમેશાં ટક્કર લેતા રહ્યા." *(સિયરે અઅલામુન્નબલા, અઝ્ઝહબી, ૧૩/૧૨૬, ૧૨૭, દારુલ ફિક્ર, બૈરૂત....વગેરે)*

હઝરત અબૂ તૈયબના જમાનામાં બાતિલે જયારે પણ પોતાનું માથુ ઉઠાવ્યું અને ગૈરોએ ઈસ્લામની પવિત્રતા પર હુમ્લો કરવાની નાપાક કોશિશ કરી તો આપે હક્કની હિમાયતમાં અડગતાથી તેમનો મુકાબલો કર્યો, દરેક ક્ષેત્રે તેમનો મુકાબલો કર્યો. તેમનાથી મુનાઝરા કર્યા. તેમના ધોકા પ્રપંચોથી મુસ્લિમ ઉમ્મતને મેહફૂઝ રાખવાના માટે સરઘડની બાજી લગાડી દીધી. જેમ કે આ હવાલાથી કરામિયા, મોઅતઝલા અને રાફઝી વગેરે અહલે બિદઅત તથા ગુમરાહોથી આપનો મુકાબલા તથા મુનાઝરા આપનાં તજદીદી કારનામાંઓનું એક જીવતુ જાગતુ દ્દષ્ટાંત છે.

**વિસાલ મુબારક** : હઝરત અબૂ તૈયબ સહલ બિન મુહમ્મદ સઅલૂકી رحمۃ اللہ علیہના વિસાલની તારીખના વિશે વિવિધ કથનો છે. "વફયાતુલ અઅયાન" અને "તહઝીબુલ અસ્મા વલ્લુગાત"માં વર્ણન થયેલ છે કે આપે ૨૩ મુહર્રમ હિ.૩૮૭માં આ દારે ફાનીથી કૂચ કરી. "હદયતુલ આરિફીન"માં વર્ણન છે કે હિ.સ. ૪૦૨માં આપ આપના રફીકે આ'લા જઈને મળ્યા. "તબકાતુલ શાફઈય્યા લિલકુબરા, સિયરિ અઅલામુન્નબલા, અસ્સલસબીલ અન્નકી, અન્હાફુલ મુર્તકી અને અર્રઝુલ બાસિમ"માં આપના વિસાલની તારીખ ૨જબ હિ. ૪૦૪ વર્ણવેલ છે. એ જ કૌલ "મિર્અતુલ જિનાન"માં પણ મળે છે. પરંતુ એમાં હિ.૪૦૨નો કૌલ પણ "ફીલ"થી વર્ણવ્યો છે.

મોટાભાગના લેખકોના લખાણોથી જાહેર એ જ થઈ રહ્યું છે કે આપના વિસાલની તારીખ વિશે વિવિધ કથનોમાંથી પસંદીદા કથન હિ.સ. ૪૦૪ છે. અને આપ ચોથી સદીના મુજદ્દિદ હતા. (સંપૂર્ણ)

★ ★ ★


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૧૦)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

## લિબાસમાં રંગોની મસ્લેહત

મોટાભાગના સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) સૂફિયાએ કિરામનો લિબાસ એ કારણે આસ્માની રંગનો રહેતો હતો કેમ કે તેઓ મોટાભાગે સૈર તથા સફરમાં રહેતા હતા. કેમ કે સફેદ લિબાસ સફરની હાલતમાં ધૂળ વગેરેથી જલ્દી મેલો થઈ જાય છે અને તેને ધોવાનું પણ મુશ્કેલ હોય છે, આ કારણને ખાસ ધ્યાનમાં રાખતા હતા. બીજુ કારણ એ છે કે આસ્માની રંગ મુસીબતઝદા તથા ગમગીન લોકોની નિશાનીઓમાંથી છે. આ દુનિયા કેમ કે મુસીબતો પીડાઓનું ઘર, ગમ તથા તકલીફોની ખાઈ અને વિરહના ગમોનું ઘર અને બલાઓનું રહેઠાણ છે. જ્યારે ઈરાદતવાળાઓએ જોયું કે આ દુનિયામાં હેતુ પ્રાપ્તિ શક્ય નથી તો તેમણે આ લિબાસ પહેરવાનું શરૂ કરી આપ્યું અને વસ્લના ગમમાં શોકમય બની ગયા.

સૂફીઓનો એક વર્ગ એવો પણ છે કે જ્યારે તેમને તસવ્વુફના મામલાઓમાં કુસૂર તથા ઉણપ અને દિલમાં ખરાબી સિવાય કાંઈ નજર ન આવ્યું અને દુનિયામાં સમયની બર્બાદી સિવાય કાંઈ ન પામ્યું તો સોગવારી (શોકગ્રસ્તતા) અપનાવી લીધી, એટલા માટે સમયને વેડફવો એ કોઈકના મૃત્યુથી અધિક સખત છે. કોઈએ પોતાના કોઈ સગાની વફાત પર શોક મનાવ્યો તો કોઈએ તેનો હેતુ પ્રાપ્ત ન થતાં શોક મનાવ્યો.

કોઈક ઈલ્મના દાવેદારે કોઈ દુરવેશને પૂછયું કે સોગવારી કેમ અપનાવી રાખી છે ? તેમણે જવાબ આપ્યો કે, કેમ કે રસૂલુલ્લાહ ﷺએ ત્રણ ચીજો છોડી છે : એક ફક્ર, બીજો ઈલ્મ, ત્રીજી તલ્વાર. તલ્વાર તો બાદશાહોએ લઈ લીધી પણ તેમણે તેને અસ્થાને ઉપયોગમાં લીધી. ઈલ્મ ઉલમાએ અપનાવી લીધો, પરંતું તેમણે તેને કેવળ પઢવા પઢાવવા સુધી સીમિત રાખ્યો. અને ફક્રને ફકીરોના ગિરોહે અખત્યાર

કરી લીધો પણ તેમણે તેને તવંગરી તથા માલદારીનો નેઅમલ બદલ બનાવી લીધો. મેં આ ત્રણેવ મુસીબતો પર સોગવારીનો આ લિબાસ અપનાવી રાખ્યો છે.

હઝરત મર્તઅશ رحمۃ اللہ علیہથી નકલ થયેલ છે કે તે એક દિવસ બગદાદના એક મહોલ્લાથી પસાર થઈ રહ્યા હતા એવામાં તેમને તરસ લાગી. એક દરવાજા પર જઈને ટેકોરા માર્યા અને પાણી માગ્યું. એક સ્ત્રી પાણીનુ વાસણ લઈને હાજર થઈ. તેમણે પાણી લઈને પીધુ. જ્યારે પાણી પીવડાવનારી પર નજર પડી તો તેમનું દિલ તેણીના હુસ્નો જમાલ પર આશિક થઈ ગયું અને ત્યાં જ બેસી ગયા, ત્યાં સુધી કે ઘર માલિક બહાર આવ્યો. તેણે હઝરત મર્તઅશે કહ્યું, હે ખ્વાજા ! શું છે ? ફર્માવ્યું, મારું દિલ એક ઘૂંટડો પાણીનું તરસ્યુ હતું. તમારા ઘરથી સ્ત્રી પાણી લઈને આવી અને મને પાણી પીવડાવ્યું. તેણી મારું દિલ લઈ ગઈ છે. ઘરમાલિકે કહ્યું, તે મારી પુત્રી છે, મેં તેણીને તમારા નિકાહમાં આપી દીધી. ત્યારબાદ મર્તઅશ દિલી તલબના ખાતર ઘરની અંદર ચાલ્યા ગયા અને તેણી સાથે નિકાહ કરી લીધા. એ ઘર માલિક માલદાર માણસ હતો. તેણે તેમને બાથરૂમ મોકલ્યા અને ઉમદા લિબાસ પહેરાવ્યો. ગોડદી ઉતરાવી નાખી.

જ્યારે રાત પડી તો હઝરત મર્તઅશ નમાઝમાં મશગૂલ થઈ ગયા અને એકાંતમાં જઈને દુરૂદ વઝીફા પઢવા લાગ્યા. એ જ અરસામાં તેમણે અવાજ આપ્યો : ھاتوا رقتی મારી ગોદડી લાવો ! લોકોએ પૂછયું, શું થયું ? તેમણે ફર્માવ્યુ કે, એક ગયબી અવાજે મને કહ્યું કે, હે મર્તઅશ ! તમે એક નજર અમારા ગૈર પર નાખી તો અમે તેની સજામાં સલાહિયત (લાયકાત)નો લિબાસ અને જાહેરથી ગોદડી ઉતારી લીધી. હવે જો તમે બીજીવાર નિગાહ નાખશો તો અમે તમારા બાતિનથી કુર્બ તથા મઅરેફતનો તે લિબાસ પણ ઉતારી લઈશું જેને પહેરવાથી અલ્લાહ તઆલાની રઝા અને તેના મહબૂબો અને અવલિયાની મહોબ્બત હાંસલ થાય છે, અને જેના પર જામેલા રહેવું મુબારક થાય છે. જો તમે હક્ક઼ તઆલાની સાથે આવી જિંદગી ગુજારી શકો છો તો કરો, નહીં તો તમારે તમારા દીનની હિફાઝત કરવી જોઈએ અને અવલિયાએ કિરામના લિબાસમાં ખયાનત ન કરવી જોઈએ જેથી તમે હક઼ીક઼ી અને સાચા મુસલમાન બની શકો, અને કોઈ દાવો ન કરો એ એનાથી બેહતર છે કે જૂઠ પર દિલને વાળવામાં આવે. આ ગોદડી તેને શોભે છે જે તારિકુદ્દ દુન્યા અને રાહે હક્ક઼ના પર ચાલનારો છે.

## ★ મુરીદની તર્બિયતનો તરીકો ★

તરીકતના મશાઈખની આદત છે કે જ્યારે કોઈ તાલિબ તથા મુરીદ તારિકુદ્દ દુન્યા થઈને તેમનાથી સંબંધિત થાય છે તે તેને ત્રણ વરસો સુધી ત્રણ અર્થોમાં અદબવાળો તથા આદતવાળો (આદી) બનાવે છે. જો તે તેમાં કાયમ તથા અટલ રહ્યો તો બેહતર છે, નહીં તો તેને કહે છે કે તરીક઼તના મસ્લકમાં તમારા માટે અવકાશ નથી. એક વરસ સુધી તો તેને ખલ્ક઼ (લોકો)ની ખિદમતમાં વ્યસ્ત રાખે છે, અને બીજા વરસે તેને હક્ક઼ તઆલાની ખિદમત એટલે રિયાઝત તથા મુજાહિદા કરાવે છે. અને ત્રીજા વરસે પોતાના દિલની હિફાઝત કરાવે છે. ખલ્ક઼ની ખિદમત એ રીતે કરાવવામાં આવે છે કે તે પોતાને સૌનો ખાદિમ અને તેમને પોતાના મખ્દૂમના જેમ સમજે. મતલબ એ કે કોઈ અપવાદ વિના સૌને પોતાનાથી બેહતર જાણે, અને તેમની ખિદમતને પોતાના ઉપર વાજિબ જાણે. એ સ્થિતિને સ્થાન નથી કે લોકોની ખિદમત કરતાં કરતાં પોતે પોતાને તેમના કરતાં બેહતર તથા ઉચ્ચતમ સમજવા લાગે. એવી હાલત બાદશાહો તથા માલદારોની થઈ છે જે હક઼ીક઼તમાં સમયની આફત છે.

એ રીતે હક્ક઼ તઆલાનો હક્ક઼ અદા કરી શકે છે જ્યારે તે દુનિયા તથા આખેરતની સર્વ ખ્વાહિશોથી

ખુદને મેહફૂઝ રાખે અને સૌનાથી સંબંધ કટ કરીને એક ચિત્તે તેની ઈબાદતમાં ખોવાયેલો રહે. કેમ કે હક્ક઼ તઆલાની ઈબાદત કોઈ અન્ય ચીજ માટે કરે છે તો જાણે કે તે પોતાની પરસ્તિશ કરે છે ન કે ખુદાની. અમે દિલની હિફાઝત ત્યારે કરી શકે છે જ્યારે કે પોતાના દિલને મજબૂત કરીને સંપૂર્ણ દિલ લગાડીને અને સર્વ ગમો ફિકરોથી પાક તથા સાફ કરીને ગફલતના સમયે હુઝૂરે ક઼લ્બની સાથે મશગૂલ થાય. જ્યારે હક્ક઼ માટે કોશિશ કરનાર મુરીદમાં આ ત્રણેવ ખાસિયતો પેદા થઈ જાય છે ત્યારે તેના માટે ગોદડી પહેરવું જરૂરી થઈ જાય છે.

પરંતું જ્યારે કામિલ શયખ પોતાના કોઈ મુરીદને ગોદડી પહેરવાની ઈજાઝત આપવા માંડે તો તે વખતે શયખ પર લાઝિમ છે કે તે મુરીદમાં એ જુએ કે હવે તે મુસ્તક઼ીમુલ હાલ (અટલ સ્થિતિવાળો) થઈને તરીક઼તના સર્વ ઉતાર ચઢાવથી પસાર થઈ ચૂક્યો છે કે નહીં ? અને એ કે અહવાલની લિજ્જત અને અમલોના ઘૂંટની ચાસણી ચાખીને જલાલના કહેર તથા જમાલના લુત્ફ (આનંદ)થી પરિચિત છે કે નહીં ? તેમજ તરીક઼તના શયખ એ પણ જુએ કે એ મુરીદ અહવાલની કઈ મંઝિલ સુધી પહોંચ હાંસલ કરી શકશે અને તે પરત થનારાઓમાં થશે કે વાક઼ેઅ થનારાઓ અથવા કામિલોમાંથી થશે ? હવે જો એ મુરીદના પરત થવાનો ખતરો હોય તો તેને શરૂથી જ મુરીદ ન કરે. અને જો દરમિયાનમાં રહી જવાનો અંદેશો હોય તો તેને આગળ વધારવાની કોશિશ કરે. અને જો કામયાબ થવાની અપેક્ષા હોય તો તેની તર્બિયત કરે, કેમ કે તરીક઼તના મશાઈખ દિલોના તબીબ હોય છે, જ્યારે તબીબ (ડોક્ટર)ને બીમારની બીમારીની ખબર ન હોય તો એવો તબીબ બીમારને પતાવી દેશે, કેમ કે તે તેના ઈલાજને નથી જાણતો, ખતરાના મોકાઓને નથી પહેચાનતો. અને બીમારીની વિરૂધ્ધ ખોરાક તથા દવાનો ઉપયોગ કરાવે છે.

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો ઈર્શાદ છે : الشیخ فی قومه کالنبی فی امتی પોતાની ક઼ૌમમાં શયખ એવો હોય છે જેવો કે પોતાની ઉમ્મતમાં નબી. અંબિયા علیہم السلام એ જે પોતાની ક઼ૌમને દાવત તથા તબ્લીગ કરી તે ઉમ્મતના હાલાતથી વાકેફ થઈને ફર્માવી અને તેમને બિલ્કુલ તેમના મિઝાજના પ્રમાણે દવા આપી જેથી દાવતનો હેતુ પૂર્ણ થઈ જાય. જેથી વિલાયતે રબ્બાનીમાં કમાલના માટે ત્રણ વરસની રિયાઝત તથા મુજાહિદા બાદ શયખે તરીક઼ત તેની આગળ તર્બિયત કરે. એવી રિયાઝતમાં જ્યારે કામિલ થઈ જાય તો તે વખતે ગોડદી પહેરવાની ઈજાઝત આપવી મુનાસિબ થશે.

ગોડદી પહેરવાની શરત બિલ્કુલ કફન પહેરવાની શરતની જેમ છે. જેવી રીતે મુડદુ જિંદગીની લિજ્જતોથી વંચિત થઈ જાય છે અને દુનિયવી હયાતની ખુશીઓથી દૂરી અપનાવી લે છે, એ જ રીતે જ્યારે મુરીદ ગોડદી પહેરી લે છે તો તે પોતાની સર્વ જિંદગીને હક્ક઼ તઆલાના હક્ક઼ોની અદાયગી અને તેની ખિદમતમાં પોતાની પૂરી જિંદગી વક઼્ફ કરી આપે છે. નફસાની ખ્વાહિશોથી કિનારાકશ (અલિપ્ત) થઈ જવું જરૂરી થઈ જાય છે. જ્યારે મુરીદમાં એ કૈફિયતો પેદા થઈ જાય છે ત્યારે શયખે તરીક઼ત ગોદડી પહેરવાની ઈજાઝત આપે છે જેથી તે તેનો હક્ક઼ અદા કરી શકે અને કોઈ પ્રકારની ખ્વાહિશ દિલમાં ન લાવી શકે.

ખુલાસો એ કે ગોદડી પહેરવાના બારામાં મશાઈખે તરીક઼તે ખૂબ જ અધિક પ્રમાણમાં હિદાયતો તથા નિર્દેશો આપ્યા. જેમ કે હઝરત અબૂ ઉમર અસ્ફહાની رحمۃ اللہ علیہ એ આ પ્રકરણમાં એક પૂરી કિતાબ લખી છે પરંતું બનાવટી સૂફીઓને ગોદડી પહેરવામાં ખૂબ જ આગ્રહ તથા આતિશયોક્તિ છે. કેમ કે આ કિતાબનો મક઼સદ તરીક઼તના મશાઈખના

કથનો (અક્વાલ)ને લખવાનો નથી બલ્કે સુલૂક તથા મઅરેફતની અક્ીદા કુશાઈ (અકીદાને જાહેર કરવું) તથા મુશ્કેલીઓને હલ વર્ણન કરવું છે આ સર્વમાં મઅરકા પોશીમાં સૌથી બેહતર ઈશારો એ છે કે ગરેવાન સબ્રનું હોય, બંને બાંયો ખૌફ તથા ઉમ્મીદની, બંને દામન મજબૂત પકડવાળા, કમર નફસના વિરૂધ્ધ કરવા બે કુર્સી યકીનની શુધ્ધતા અને ઈખ્લાસથી ભરપુર હોય.

એના કરતાં વધુ ઉમદા ઈશારો એ છે કે ગોદડીનું ગરેવાન મહોબ્બતની ક્બા (જબ્બા)થી, બંને બાંયો હિફાઝત અને ઈસ્મત (ઈજ્જત)થી. બંને દામન ફક્ તથા સફાથી, કમર મુશાહેદામાં કાયમ રહેવાથી, કુર્સી બારગાહે ઈલાહીમાં મામૂન રહેવાથી અને મક્ામની વિશાળતા વસ્લમાં કરાર (સંતોષ) પામવાથી સજેલી હોય.

જ્યારે તમે બાતિનના માટે આવી ગોદડી તૈયાર કરી લીધી તો જાહેરના માટે પણ એવી જ ગોદડી બનાવી શકો છો. આ પ્રકરણમાં મારી પૂરી કિતાબ છે જેનું નામ اسرار الخرق والمؤنات છે, હક્ક્ના તાલિબ માટે એને પઢવી જરૂરી છે.

પરંતું જ્યારે મુરીદે તે ગોડદીને ન પહેરી અને સમયના સુલ્તાનના કહેર તથા જલાલ અને હાલના ગલ્બાથી ડરીને તે ગોદડીને કાપી નાખી તો તેને મજબૂર તથા મઅઝૂર સમજવો જોઈએ. અને જ્યારે અખત્યારવાળો થઈને તમીઝવાળો થઈને તેણે ગોદડીને કાપી તો તરીક્તની શરતોમાંથી છે કે પછી તેના માટે વાજિબ થઈ ગયું કે ગોદડી ન રાખે અને ન તેને પહેરે. જો તેણે ગોદડી રાખી તો જાણે તે એવો છે જેવો કે તકસાધુ જાહેરી દેખાવ કરવામાં બાતિલ (અંતર)ની સફાઈ વિના ગોદડી પહેરે છે. ગોદડી કટ કરવાની હક્ીક્ત એ છે કે જ્યારે તરીક્તનો સાલિક (તરીક્તના માર્ગે ચાલનાર) અને ફક્ તથા સફાના એક મક્ામથી બીજા મક્ામની તરફ સ્થળાંતર કરે છે તો તે શુક્રના ઈઝહારમાં લિબાસથી બહાર આવી જાય છે. આ મક્ામના માટે અલગ કપડાં હોય છે. પરંતું ગોદડી તરીક્ત અને ફક્ તથા સફાના દરેક મક્ામમાં એક જામેઅ તથા સંપૂર્ણ લિબાસ છે. એ સૌથી બહાર આવવાનો મતલબ એ છે તે દરેકથી કિનારાકશ (અલિપ્ત) થઈ ગયો. આ જગા એ મસ્અલાને વર્ણન કરવાની નથી કેમ કે એ ખિર્ક્ો અને કશ્ફ "હિજાબુસ્સમાઅ"માં વર્ણન જોઈતુ હતું, તેમ છતાં અમે આ જગાએ જ નિર્દેશ કરી આપ્યો કે જેથી બહષ ન થઈ જાય. આ મસ્અલો એની જગાએ વિસ્તારપૂર્વક આવશે.

આ પણ મક્બૂલ છે કે ગોદડી પહેરનાર શયખને તરીક્તમાં એટલો તસર્રુફ તથા અખત્યાર હાંસલ હોય કે જયારે કોઈ ગૈરને પહેરાવે તો શફકત તથા મહેરબાની સાથે તેને મઅરેફતથી માહિતગાર કરી આપે. અને જ્યારે કોઈ ગુનેહગારને પહેરાવે તો તેને અવલિયા અલ્લાહના ગિરોહમાં સામેલ કરી લે.

એકવાર મારા શયખની સાથે આઝરબયજાન ગયો તો ઘઉંની કાપીને રાખેલી ફસલમાં બે ત્રણ ગોડદી પહેરેલાઓને ઉભેલા જોયા જે ગોદડીના દામનને ફેલાવેલ સ્થિતિમાં હતા. ખેડૂતે ઘઉંના થોડા થોડા દાણા તેમની જોલીમાં નાખી આપ્યા. શયખે તેમની તરફ ધ્યાનિત થઈને આ આયતે કરીમા પઢી.

أُولَٰٓئِكَ الَّذِينَ اشْتَرَوُا الضَّلَٰلَةَ بِالْهُدَىٰ فَمَا رَبِحَت تِّجَٰرَتُهُمْ وَمَا كَانُوا مُهْتَدِينَ

"આ જ તે લોકો છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી તો તેમને તેમના વ્યાપારે નફો ન આપ્યો અને તેઓ હિદાયત પામનારા ન બન્યા."

*(સૂ. બક્રહ, ૨/૧૬)*

મેં અર્ઝ કરી, હે શયખ ! આ લોકો કયા કારણે આ બેઈજ્જતીમાં સપડાયેલા છછે કે જાહેરમાં

ઝલીલોખાર થઈ રહ્યા છે ? શયખે ફર્માવ્યું, તેમના પીરોને મુરીદોને ભેગા કરવાની લાલચ છે અને એ મુરીદોને દુનિયવી માલ જમા કરવાની હવસ છે. કોઈની લાલચ બીજાની લાલચ કરતાં બેહતર નથી અને હક્ક઼ બાબત વિના દાવત આપવી ખ્વાહિશોની પરવરિશ કરવું છે.

હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં બાબુત્તલક઼ના બજારમાં એક અગ્નિપૂજકને જોયો જે અતિશય હસીન ખૂબસૂરત હતો. મેં બારગાહે ઈલાહીમાં દુઆ કરી કે ખુદાયા ! એને મારી તરફ ફેરવી દે ! તેં એને કેટલો ખૂબસૂરત પેદા કર્યો છે ! થોડાક અરસા બાદ અગ્નિપૂજક મારી પાસે આવ્યો અને મને કહેવા લાગ્યો, હે શયખ ! મને કલ્મએ શહાદત પઢાવો અને મુસલમાન કરીને વિલાયતના દરજાએ પહોંચાડો.

હઝરત અબૂ અલી સબાહથી કોઈ શખ્સે પૂછયું કે શું ગોદડી પહેરવી દુરુસ્ત છે ? તેમણે જવાબ આપ્યો, એ શખ્સના માટે જે ખુદાની સર્વ સલ્તનતમાં મુશર્રફ (પ્રતિષ્ઠિત) હોવા છતાં સર્વ જહાનના કોઈ હુકમ અને કોઈ હાલતથી બેખબર ન હોય.


ગોદડી સાલેહીનની નિશાની, નેક લોકોની નિશાની અને ફકીરો સૂફીઓનો લિબાસ છે. ફક્ર તથા સફાઈની હક઼ીક઼તનું વર્ણન પહેલાં આવી ગયું છે. હવે જો કોઈ અવલિયાએ કિરામના લિબાસને દુનિયા જમા કરવાનો ઝરીયો બનાવે અને એ લિબાસને પોતાની આર્થિક કમાણીનો ઝરીયો બનાવે તો આ લિબાસના જે લાયક છે તેનું કોઈ વધુ નુકસાન નથી. હિદાયતના માટે આટલુ પૂરતુ છે. وباللہ التوفیق, *–(ક્રમશઃ)*

પેજ 25 નું ચાલુ..

એટલે ફર્ઝ કરી લીધું છે તમારા રબે પોતાની જાત પર રહમતને. ફર્માવ્યું કે સામાન્ય ઈખ્લાસ તો એ છે કે નફસને ખુશી હાંસલ થાય અને ખાસ ઈખ્લાસ એ છે કે આ'લા તરીન ઈબાદતને અદનાતરીન ખયાલ કરે. અને ઈખ્લાસનો એક ભાવાર્થ એ પણ છે કે જે વાત ઝબાનથી અદા કરો તેનું સમર્થન દિલથી પણ કરતા રહો અને મખ્લૂક઼થી દૂરી અપનાવીને ખાલિક઼ પર નજર રાખવાનું નામ પણ ઈખ્લાસ છે.

એક શખ્સ ફરખાનાથી ચાલીને આપની ખિદમતમાં નીશાપુર પહોંચ્યો તો આપે તેના સલામનો જવાબ ન આપતાં ફર્માવ્યું કે, નારાજ કરીને હજ કરવી મુનાસિબ નથી. એ સાંભળીને તે તરત પરત થઈ ગયો અને પોતાનાં વાલિદાની હયાત સુધી સતત તેમની ખિદમત કરતો રહ્યો પરંતું એમની વફાત પછી ફરી આપની ખિદમતમાં જયારે નીશાપુર પહોંચ્યો તો આપે ઘણે દૂરના અંતરેથી તેનું સ્વાગત કર્યું અને પોતાની સાથે લાવીને બકરીઓ ચરાવવાનું કામ તેને સોંપી દીધું. ત્યાર બાદ તેણે આપની નિગરાની હેઠળ બાતિની ફયઝો હાંસલ કર્યા અને કમાલની મેઅરાજે પહોંચ્યો.

**વફાત** : ઈન્તેકાલના સમયે જયારે આપના સાહબઝાદાએ ગમની સખ્તીમાં પોતાનાં કપડાં ફાડી નાખ્યાં તો આપે નરમીથી ફર્માવ્યું કે સુન્નતની વિરૂધ્ધ કામ કરવું નિફાક઼ની નિશાની છે, કેમ કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم નું એ ફર્માન છે કે, દરેક વાસણથી તે જ ચીજ પાકે છે જે એમાં મૌજૂદ છે. આ અસરકારક નસીહત બાદ આપ દુનિયાથી વિદાય થઈ ગયા.


**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૧૦૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૯)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ફ઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## તફઝીલીઓના સવાલોના જવાબો

### તફઝીલીઓનો પ્રથમ

**સવાલ** : સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની ફઝીલત, ખિલાફતની ફરજો, દીનના સ્થાપત્ય અને ઉમ્મતની જિમ્મેદારીઓથી સંબંધિત છે. ઈમામોએ જે ક્રમ વર્ણવ્યો છે તે જાહેરી ખિલાફતની તરતીબ (ક્રમ) પર કાયમ છે (અલ ક઼ૌલુલ વષીક઼, પેજ–૪૧) (તફઝીલી એટલે તે સુન્ની જે ચારેવ ખલીફામાં હઝરત અલી رضی اللہ عنہને સર્વથી અફઝલ માને. અનુવાદક)

**જવાબ** : પ્રથમ તો એ કે પ્રશ્ન કરનારને એટલી પણ સમજ નથી કે ખિલાફતના ક્રમમાં અફઝલિયત નથી બલ્કે અવ્વલિયત કહેવું દુરુસ્ત છે. અફઝલિયતનો સંબંધ રૂહાની દરજાઓ અને બાતિની વિલાયતથી જ થયા કરે છે ન કે ખિલાફતના ક્રમથી. એ જ કારણે ઉલમા તથા સૂફિયાએ મૌલા અલી رضی اللہ عنہને વિલાયતમાં અફઝલ કહેનારાઓને શીઆ ઠરાવ્યા છે. کما سیاتی بیانہ

બીજુ એ કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની જાહેરી ખિલાફતથી પહેલાં સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہને ઈમામતના મુસલ્લા પર ઉભા કરી આપ્યા હતા. (બુખારી, હ–૬૭૮) જાહેરી ખિલાફત પહેલાં જ ફર્માવી આપ્યું હતું કે, મારા બાદ અબૂબક્ર તથા ઉમરની પયરવી કરજો. (તિર્મિઝી, હ–૩૬૬૨, ઈબ્ને માજહ, હ–૯૭) ખિલાફતે જાહેરી પહેલાં જ ફર્માવી આપ્યું હતું કે અબૂબક્ર અને ઉમર જન્નતી વૃધ્ધોના સરદાર છે. (તિર્મિઝી, હ–૩૬૬૫, ૩૬૬૬, ઈબ્ને માજહ, હ–૯૫) જાહેરી ખિલાફત પહેલાં જ ફર્માવી આપ્યુ હતું કે જો કોઈને હું મારો ખલીલ બનાવતો તો અબૂબક્ર رضی اللہ عنہને મારો ખલીલ બનાવતો. (બુખારી, હ–૪૬૭, મુસ્લિમ, હ–૬૧૭૦) જાહેરી ખિલાફત પહેલાં જ ફર્માવી આપ્યું હતું કે મારા પર સર્વ લોકોથી વિશેષ એહસાનો અબૂબક્ર رضی اللہ عنہનાં છે. (તિર્મિઝી, હ–૩૬૬૧) જાહેરી ખિલાફતથી પહેલાં જ ફર્માવી આપ્યું હતું કે મારી ઉમ્મતમાંથી મારી ઉમ્મત પર સૌથી મોટા રહમદિલ અબૂબક્ર છે. (તિર્મિઝી, હ–૩૭૯૦) ખિલાફતે જાહેરીથી પહેલાં જ ચારેવ ખલીફાને તમામ નબીઓ તથા રસૂલો બાદ સૌથી અફઝલ ઠરાવ્યા હતા. (અશ્શિફા, ૨/૪૨) જાહેરી ખિલાફત પહેલાં જ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની મૌજૂદગીમાં સહાબાએ કિરામનો એ વાત પર ઈજમાઅ હતો કે આ ઉમ્મતમાં નબી કરીમ صلی اللہ علیہ وسلم

બાદ સૌથી અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર પછી ઉષ્માન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن (બુખારી, હ–૩૬૯૭, અબૂ દાઊદ, હ–૪૬૨૭) જાહેરી ખિલાફતથી પહેલાં જ આપ ﷺએ ફર્માવી આપ્યુ હતું કે અબૂબક્રથી બેહતર શખ્સ પર સૂરજ ઉગ્યો નથી. *(મજમ ઉઝ્ ઝવાઈદ, ૯/૪૪)*

ત્રીજુ એ કે મતને અકાઈદે નફસીમાં છે કે, (અર્થ) : અંબિયા પછી સૌથી અફઝલ અબૂબક્ર પછી ઉમર ફારૂક્ પછી ઉષ્માન ઝુન્નૂરૈન પછી અલીયે મુર્તઝા છે. અને તેમની ખિલાફત પણ આ જ ક્રમ મુજબ છે رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن (પેજ–૩) હવે કહો કે ત્રણેવ ખલીફાની અફઝલિયત ખિલાફતથી પહેલાં મૌજૂદ છે કે નહીં ?!

ચોથુ એ કે ઈમામોએ પણ જે ક્રમ વર્ણવ્યો છે તે જાહેરી ખિલાફતના ક્રમ પર નહીં બલ્કે સવાબની અધિકતા, અતિ ખૌફવાળા, અતિ તક્વાવાળા, અતિ કરીમ અને أَعْظَمُ نَفْعاً لِلْمُسْلِمِينَ وَالْإِسْلَام હોવાના લેહાઝથી છે.

અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે : (અર્થ) "શયખૈન (અબૂબક્ર,ઉમર) પોતાના સિવાય દરેકથી સવાબમાં આગળ છે, ઈસ્લામ અને મુસલમાનોને લાભ પહોંચાડવામાં આગળ છે, ખુદાની ખશિય્યત (ડર)માં સૌથી આગળ છે અને તક્વામાં સૌથી આગળ છે. ......એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે, આ જ ક્રમની સાથે અફઝલિયતે તેમને ખિલાફતના હક્કદાર બનાવી આપ્યા.

*(સવાઈક્રે મુહર્રિકા, પેજ–૫૯)*

હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "અફઝલિયતથી મુરાદ સવાબમાં અતિ અધિકતા છે." *(તકમીલુલ ઈમાન, પેજ–૪૯)*

હઝરત મુલ્લા અલી કારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : "અફઝલિયતથી મુરાદ સવાબની અતિ અધિકતા છે.

*(શરહે ફિક્હે અકબર, પેજ–૬૩)*

અલ્લામા પરહારવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : મુહક્કિકોએ સ્પષ્ટતા કરી છે કે જે ફઝીલત પર અહીં ચર્ચા થઈ રહી છે એનાથી મુરાદ કષરતે સવાબ (સવાબની અતિ અધિકતા) છે, એટલે સારા અમલોનો બદલો. અહીં નસબી (વંશિક) બુઝુર્ગીની વાત નથી થઈ રહી, નહીં તો નબી કરીમ ﷺના શહઝાદાઓ પણ બીજા અંબિયાથી વધી જશે. અહીં, જાહેરી ઈબાદતની અધિકતાની વાત પણ નથી થઈ રહી, એટલા માટે કે સવાબ ઈબાદતોની માત્રાના મુજબ નથી મળ્યા કરતો. આજે જો આપણે ઓહદ પહાડના બરાબર સોનુ પણ અલ્લાહની રાહમાં ખર્ચી નાખીએ તો સહાબીઓના એક શેર જવ બરાબર પણ નથી થઈ શકતુ, જેવું કે હદીષ શરીફમાં તેની સ્પષ્ટતા આવેલી છે. એમાં રાઝ એ છે કે ભલાઈનો દારોમદાર ઈખ્લાસ, અલ્લાહની મહોબ્બત અને કાયમ હુઝૂરી પર છે. એ ચીજોનો સંબંધ અમલોની જાહેરી માત્રા સાથે નથી બલકે બાતિની અને રૂહાની મક઼ામથી છે. એ જ કારણે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના બારામાં એ ફર્માન મૌજૂદ છે કે અબૂબક્ર તમારા લોકોથી નમાઝ, રોઝાની અતિ અધિકતાના કારણે આગળ નથી નીકળ્યા બલ્કે એ ચીજના કારણે આગળ નીકળેલ છે જે એમના દિલમાં સજાવી દેવામાં આવી છે. ઘણી સ્પષ્ટતાવાળી વાત છે કે સવાબની અધિકતાના બારામાં નબી કરીમ ﷺના સિવાય કોઈ નથી બતાવી શકતુ, અને એમાં બુધ્ધિ તથા જાહેરી ખૂબીઓને કોઈ દખલ નથી. એ વાતો સારી રીતે સમજી લો, એનાથી શીઆના બારામાં

અગણિત શંકાઓનું નિવારણ થઈ જશે.

*(નબરાસ, પેજ–૨૯૯)*

અમે તફઝીલીઓને પૂછીએ છીએ કે બતાવો ! ઉલમાએ કિરામ આનાથી વધીને ક્યા શબ્દો સાથે સ્પષ્ટતા કરે જેનાથી તમારી તસલ્લી થાય ?! એક સવાલ એ પૂછીએ છીએ કે, જો અફઝલિયત જાહેરી ખિલાફતના ક્રમ પર આધારિત છે તો બતાવો કે અમુક લોકોએ મૌલા અલી رضی اللہ عنہ ને હઝરત ઉષ્માન رضی اللہ عنہ પર ફઝીલત શાથી આપી ? એ તકલ્લુફની જરૂરત જ શું હતી ? તદબ્બુર બાયદ.

પાંચમુ એ કે ખિલાફતનો ક્રમ તો એક જાહેરી ઐતિહાસિક હકીકત છે જેનો રાફઝીઓ પણ ઈન્કાર નથી કરતા. આ ઈકરાર (સ્વીકાર)ના છતાં રાફઝીઓએ મૌલા અલી رضی اللہ عنہ ને અફઝલ ઠરાવ્યા છે. જાહેર છે કે રાફઝીઓનો હેતુ વિલાયતમાં અફઝલિયત છે, અને અહલે સુન્નતે આ જ ફઝીલતની રદ કરી છે :

اَبُوْ بَكْرٍ أَفْضَلُ الْأَوْلِيَاءِ الْمُحَمَّدِيِّيْنَ وَقَالَتِ الشِّيْعَةُ وَ كَثِيْرٍ مِنَ الْمُعْتَزِلَةِ الْأَفْضَلُ بَعْدَ النَّبِيِّ ﷺ عَلِي ابْنُ اَبِيْ طَالِبٍ

*(અલ યવાકીત વલ જવાહિર, ૨/૪૩૮)*

છઠ્ઠુ એ કે સમજવાના મુદ્દાને ભાઈઓ વિચારણા કરે કે જો ફઝીલતથી મુરાદ કેવળ જાહેરી ખિલાફતમાં અફઝલિયત હોત અને બાતિની વિલાયત સાથે એ કોઈ સંબંધ ન હોત તો કેવળ આટલી સરખી વાતના માટે પૂરી ઉમ્મતે એડીઓ ઉઠાવી ઉઠાવીને ગવાહી આપવાની શું પડી હતી ? જુમ્આના ખુત્બાઓમાં સિદીકે અકબર رضی اللہ عنہ ને خَيْرُ الْخَلَائِقِ بَعْدَ الْأَنْبِيَاءِ કહેવાની અને اَفْضَلُ الصَّحَابَةِ بِالتَّحْقِيْقِ ની સદાઓ બુલંદ કરવાની શું મજબૂરી હતી ? અને મુન્કિરોને જહન્નમની વોર્નિંગ સંભળાવવાની શું જરૂરત હતી ? અને દફતરોનાં દફતર કાળા કરવાનો શો ફાયદો હતો ?

સાતમું એ કે હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ એ બુખારી શરીફના બાબુ અફઝલિ અબી બક્રિ બઅ્દન્નબી ﷺ ના હેઠળ લખ્યું છે કે, ''સિદીકે અકબરની અફઝલિયત નબી કરીમ ﷺ ના બાદ જમાનાના લેહાઝથી નથી બલ્કે મર્તબા અને ફઝીલતના લેહાઝથી છે. હઝરત અબૂબક્રની અફઝલિયત નબી કરીમ ﷺ ની હયાતે પાકમાં જ સાબિત હતી. *(ફત્હુલ બારી, ૭/૧૨,૧૩)*

અલ્લામા બદરુદ્દીન અયની رحمۃ اللہ علیہ લખે છે, ''આ પ્રકરણ નબી કરીમ ﷺ ની અફઝલિયતના બાદ અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ની અફઝલિયતના બયાનમાં છે અને એનાથી જમાનાના લેહાઝથી બાદમાં હોવું મુરાદ નથી, એટલા માટે કે અબૂબક્રની અફઝલિયત રસૂલુલ્લાહ ﷺ ની હયાતે પાકમાં જ સાબિત હતી. *(ઉમ્દતુલ કારી, ૧૬/૨૪૬)* –*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# હજ–૨૦૨૬ના સંબંધે ખૂબ અગત્યનું માર્ગદર્શન

★ **અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**–મુબારકપુર
★ **અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*વર્ષ–૨૦૨૬ હજ સંબંધે સઊદી ગવર્નમેન્ટે નિયમ બહાર પાડયો છે કે હજમાં કુર્બાની કોઈ હાજી જાતે કે બીજા થકી કરાવી શકશે નહીં. તો એ સંબંધે **હઝરત મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબ**ને માર્ગદશન માટે સવાલ કરવામાં આવતાં નીચે મુજબ જવાબ એનાયત કર્યો છે જેને દરેક હાજી ધ્યાનથી વાંચે અને સમજી લે. (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક દયાદરા)*

بسم الله الرحمن الرحيم

حامدا و مصليا و مسلما

**જવાબ** : જ્યારે હુકૂમતે એવુ ફર્માન જારી કરી આપ્યું છે કે હજ–૨૦૨૬માં કુર્બાની કેવળ "નુસુક પોર્ટલ" પર મૌજૂદ "ઈઝાહી પ્રોજેક્ટ"ના થકી જ કરવામાં આવી શકે છે. જાતી કે અંગત રીતે કુર્બાની કરવી મના છે. કોઈ પણ હાજી ખુદ કુર્બાની નથી કરી શકતો. કોઈ એજન્ટ, પ્રાઈવેટ અથવા ગૈર સરકારી ઝરીયાથી કુર્બાની નથી કરાવી શકતો, તો વાત સ્પષ્ટ થઈને સામે આવી ગઈ કે કુર્બાની હજ્જે તમત્તુઅ અથવા હજ્જે કિરાનની કેવળ હુકૂમતના "ઈઝાહી પ્રોજેક્ટ" પર જ કરી શકાય છે.

હુકૂમત લાખો કુર્બાનીઓ, લાખો વ્યક્તિઓની તરફથી ક્યારે અને કેવી રીતે કરશે, ત્રણ દિવસમાં કે ચાર દિવસમાં ? તેમજ આ કુર્બાની રમીના બાદ અને હલકથી પહેલાં થશે કે નહીં ? એ સર્વ બાબતોની સમયસર તેહકીકાત નથી કરી શકતો. એટલા માટે જે મુસલમાન પ્રથમ રમી, જમરા, પછી કુર્બાની અને પછી હલક એટલે માથુ મૂંડાવવાના હુકમોમાં ક્રમને વાજિબ ઠરાવે છે અને ચોથા દિવસે કુર્બાની સહીહ નથી માનતા તેમના માટે આ આજમાઈશનો મકામ હશે. લાખોની ભીડમાં કોણ કેવી રીતે આ સર્વ તહેકીકાત કરીને દિલી ઈત્મિનાન હાંસલ કરી શકશે ? એટલા માટે સવાલ પેદા થાય છે કે : જે હાજી આ સર્વ બાબતોની તેહકીકાત સમયસર નથી કરી શકતા અને શંકાકુશંકામાં ગુંચવાયેલા રહી શકે છે એમના માટે હલનો માર્ગ કર્યો છે ? હુકૂમતની વ્યવસ્થામાં દખલઅંદાઝી પણ ન થાય અને પોતાના મઝહબ પર અમલ પણ થાય એવો કયો માર્ગ છે ?

અમે અમારી માલૂમાતના મુજબ કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલુલ્લાહ ﷺ અને શરીઅતની કિતાબોના હુકમોના કેટલાક ખુલાસા વર્ણન કરીએ છીએ, એને સામે રાખીને હજનો ઈરાદો ધરાવનારા પોતાનો ફૈંસલો ખુદ કરે.

અમે કોઈની વ્યવસ્થામાં દખલ નથી દેતા પરંતું કિતાબ તથા સુન્નતથી શરીઅતના હુકમોથી માહિતગાર કરવું યોગ્ય સમજીએ છીએ જેથી શરીઅતનો દામન મજબૂતી સાથે હાથોમાં રહે.

(૧) શરીઅતે તાહિરાએ હાજીઓને અને પોતાના માનવવાળાઓને કોઈ ખાસ વ્યક્તિ અથવા સંસ્થા

અથવા ઈઝાહી પ્રોજેક્ટથી કુર્બાની કરાવવાનું નથી કહ્યું કે તે લાઝમી તૌર પર (અનિવાર્યપણે) એનાથી કુર્બાની કરાવે, બલ્કે શરીઅતે તાહિરાએ આઝાદી અતા કરી છે કે હાજી ખુદ કુર્બાનીની વ્યવસ્થા કરે અથવા કોઈ વિશ્વાસુ થકી કરાવે. એના સંબંધે કિતાબ તથા સુન્નતની (નુસૂસ) દલીલો મુત્લક છે.

તેમજ રબનો આદેશ છે : اِنِ الْحُکْمُ اِلَّا لِلّٰہِ ''હાકિમ કેવળ અલ્લાહ છે.'' (સૂ. યૂસુફ, ૧૨/૪૦) અને અલ્લાહે બંદાઓને મુખ્તાર કર્યા છે તો તેમને તેમના હાલ પર બાકી રાખવા જોઈએ. કુર્આન હદીષની સ્પષ્ટ દલીલોનો એહતેરામ એ જ ચાહે છે. واللہ تعالیٰ اعلم

**(૨)** શરીઅતે તાહિરાએ આસાની આપી છે, મુશ્કેલી નહીં, અને આસાની પૂરી પાડવાનો હુકમ પણ આપ્યો છે. જેમ કે ઈર્શાદે રિસાલત છે : یَسِّرُوْا وَلَا تُعَسِّرُوْا

આ હદીષ ઈમામ બુખારી رضی اللہ عنہએ સહીહ બુખારીમાં રિવાયત કરી છે. શરીઅતે તાહિરા દરેક મોડ પર પોતાને માનનારાઓની રહનુમાઈ કરે છે અને આસાની પણ અતા કરે છે. આપણે એના પર મજબૂતીની સાથે કાયમ રહેવું જોઈએ. واللہ تعالیٰ اعلم

**(૩)** જે હાજી કોઈક કારણસર કુર્બાની કરવાથી લાચાર હોય એના બારામાં દુર્રે મુખ્તાર અને ફત્હુલકદીર અને અન્ય શરીઅતની કિતાબોમાં આ મસ્અલો મૌજૂદ છે કે તે એહરામ પછી હજથી પહેલાં ત્રણ રોઝા રાખે, ચાહે તે રોઝા એક સાથે રાખે અથવા એકાદ બે દિવસની ગેપ કરીને રાખે અને બાકીના સાત દિવસના રોઝા હજથી ફારિગ થયા બાદ રાખે.

જેથી જે હાજી એવું મેહસૂસ કરતા હોય કે તેઓ પોતાના મઝહબ અનુસાર કુર્બાનીથી આજિઝ છે, તેમને એની શક્તિ (પહોંચ) નથી રહી ગઈ, તેઓ શરીઅતે પાકની આ આસાની પર અમલ કરી શકે છે.

રબનો ઈર્શાદ છે : وَمَا جَعَلَ عَلَیْکُمْ فِی الدِّیْنِ مِنْ حَرَجٍ ''અલ્લાહે તમારા દીનમાં કોઈ તંગી નથી રાખી''

(સૂ. હજ્જ, ૨૨/૭૮) તેમજ રબનો ઈર્શાદ છે : فَمَنْ لَّمْ یَجِدْ فَصِیَامُ ثَلٰثَۃِ اَیَّامٍ فِی الْحَجِّ وَسَبْعَۃٍ اِذَا رَجَعْتُمْ ''પછી જ્યારે તમે ઈત્મિનાનથી હોવ તો જે હજથી ઉમરા મિલાવવાનો ફાયદો ઉઠાવે તેના પર કુર્બાની છે જેવી મયસ્સર આવે. *(સૂ. બકરહ, ૨/૧૯૬)*

પછી જેને મકદૂર (અખત્યાર) ન હોય તો ત્રણ રોઝા હજના દિવસોમાં રાખે અને સાત જ્યારે પોતાના ઘરે પરત થઈને જાય. એના મુજબ મઝહબની કિતાબોમાં સ્પષ્ટતા મૌજૂદ છે. واللہ تعالیٰ اعلم

**(૪)** જે હાજી શયખે ફાની હોય એટલે એવો અધિક વૃધ્ધ અને કમજોર કે રોઝા પણ નથી રાખી શકતો અને ભવિષ્યમાં રોઝા રાખવાની ઉમ્મીદ પણ નથી તો તે દરેક રોઝાના બદલામાં ફિદિયો અદા કરે. واللہ تعالیٰ اعلم

**(૫)** જે હાજીઓની ફલાઈટ હજના સમયથી નજીક હોય અને નજીકથી નજીકતર હોય તે ચાહે તો તે તમત્તુઅ કે હજ્જે કિરાનને બદલે "હજ્જે ઈફરાદ" કરીને પાછા આવી જાય. તેમના પર કુર્બાની વાજિબ તથા લાઝિમ નથી.

હુકૂમત હાજીઓને કુર્બાની કરવા માટે મજબૂર નથી કરી રહી કે આપના પર કુર્બાની નથી અથવા આપના પર કુર્બાની લાઝિમ નથી છતાં પણ કુર્બાની કરો. બલ્કે હુકૂમતના ફર્માનનો તકાઝો એ છે કે જેઓ

કુર્બાની કરવા ચાહે તેઓ એના "ઈઝાફી પ્રોજેક્ટ" થકી કુર્બાની કરે. એટલા માટે જે લોકો રોઝા રાખશે અથવા ફિદિયો આપશે તેઓ આ ફર્માનના હેઠળ નથી આવતા.

એ જ પ્રમાણે અહીં એ ગુંજાઈશ પણ મૌજૂદ છે કે જે લોકો ઝિલ હજ્જના શરૂમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચી રહ્યા હોય તેઓ હજ્જે ઈફરાદની નિય્યત કરી લે. તેમણે બે ચાર દિવસ એહરામની પાબંદીમાં રહેવું કોઈ મોટી વાત નથી. સાવધાની જો કે કરવી પડશે કેમ કે જો કાંઈ નિષ્કાળજી કરશે તો દમ લાઝિમ થઈ શકે છે અને દમમાં એ જ કુર્આની કરવી પડશે ! જેનાથી બચવા માટે હજ્જે ઈફરાદનો સહારો લીધો છે.

તો જે લોકો સાવધાની કરી શકતા હોય. એહરામની પાબંદી નિભાવી શકતા હોય તેઓ જો હજ્જમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચે છે તો તેમણે હજ્જે ઈફરાદ કરી લેવો જોઈએ.

આ મારી કેટલીક ગુઝારિશો છે, હું કોઈને એનો પાબંદ નથી કરતો, અને ન હું હાકિમ છું. હાકિમ તો રબ્બુલ ઈઝ્ઝત ﷻ છે. અલબત્ત ! મેં જે શરીઅતના હુકમો મઝહબની કિતાબોમાં પઢયા એનાથી મેં માહિતગાર કરી આપ્યા. આગળ હાજીઓની મરજી, તેઓ શું કરશે એનો ફૈસલો તેમણે જાતે કરવાનો છે.

અમે રોઝાનો જે મસ્અલો બતાવ્યો છે તે દુર્રે મુખ્તાર વગેરે ફિક્હની આમ કિતાબોમાં મૌજૂદ છે. ઉર્દૂમાં જોવા ચાહો તો બહારે શરીઅતના છઠ્ઠા ભાગમાં કિરાનના વર્ણનમાં અને હજ્જે તમત્તુઅના વર્ણનમાં જોઈ શકો છો. તેમ છતાં અહલે ઈલ્મ માટે એક જુઝયો પણ નકલ કરીએ છીએ :

તન્વીરુલ આબસાર તથા દુર્રે મુખ્તારમાં છે :–

وذبح القرآن بعد رمی یوم النحر وإن عجز صام ثلاثة أیام ولو متفرقة آخرها یوم عرفة ندبا رجاء القدرة علی الأصل وسبعة بعد تمام أیام حجه فرضا أو واجبا أین شاء لکن أیام التشریق لا تجزیه لقوله تعالی "وَسَبْعَةٍ إِذَا رَجَعْتُمْ إِلٰی أَهْلِهِ" (البقرة، الآیة: (۱۹۶) أی فرغتم من أفعال الحج. (الدر المختار / باب القرآن) والله تعالی اعلم 9

**–લખનાર : મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*ખાદિમુલ ઈફતા બિલ્જામિઅતિલ અશ્રફિયહ, મુબારકપુર*

*(૮, રમઝાન, હિ.સ. ૧૪૪૭, ૨૬, ફેબ્રુઆરી–૨૦૨૬)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૫૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

## રમઝાનમાં દયાદરામાં થયેલ દીની પ્રોગ્રામો

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે ૩–રમઝાનુલ મુબારકના **ખાતૂને જન્નત ફાતિમા ઝહ્‌રા** رضی اللہ عنہاના વિસાલ મુબારકના દિવસ નિમિત્તે ઝહોરની નમાઝ બાદ યાસીન શરીફનો ખત્મ રાખવામાં આવ્યો હતો અને અસરની નમાઝ બાદ હાફિઝ અશરફ સરનારવીએ દર્સ દરમિયાન આપની શાન બયાન ફર્માવી હતી. તેમજ ૭–રમઝાન મુબારકના ઉમ્મુલ મોમિનીન **હઝરત ખદીજતુલ કુબ્રા** رضی اللہ عنہاના વિસાલ શરીફના નિમિત્તે ઝોહર બાદ ખત્મે યાસીન શરીફ અને અસરબાદ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપ رضی اللہ عنہاની ખૂબીઓ, દીન માટે કુર્બાનીઓ રજૂ કરી કરી આપના ફઝાઈલ બયાન કર્યા હતા.

તદ્‌ઉપરાંત ૧૭–રમઝાનુલ મુબારકના ઉમ્મુલ **મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા** رضی اللہ عنہاના વિસાલના નિમિત્તે તેમજ **જંગે બદર** એ દિવસે થયેલ એના મોક઼ાસર ઝહોર બાદ ખત્મે યાસીન શરીફ અને અસર બાદ ઈમાન અફરોઝ બયાન મૌલાના ઝહીર મિસ્બાહીએ ફર્માવ્યું.

તેમજ ૨૧–રમઝાનુલ મુબારકના રોજ **શેરે ખુદા હઝરત અલીયે મુર્તઝા** رضی اللہ عنہ ની શહાદતના દિવસ નિમિત્તે ઝહોરબાદ ખત્મે યાસીન શરીફ અને અસર બાદ મૌલાના ઝહીર મિસ્બાહીએ હઝરત અલી رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન હઝરત અલી رضی اللہ عنہની શાનમાં કર્યું હતું. છેવટમાં ફાતિહા ખ્વાની બાદ નિયાઝ વહેંચવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **બ્લેકબર્ન (યુ.કે)** : ખાતે બરકાતે ખ્વાજા માસિકના તંત્રીનાં માસી હવાબીબી યૂનુસ મલેક (નબીપુરવાળા)નો તા. ૩–૩–૨૦૨૬ મંગળવાર, ૧૩–રમઝાનુલ મુબારકના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમા ખૂબ જ સખી તથા દીનદારીવાળાં હતાં. સિલએ રહમીનો ખૂબ જ ખયાલ કરનારાં હતાં. ઉલમા સાદાતના ચાહક હતાં.*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમાંની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, સગાઓને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*


**અણમોલ કિતાબ મંગાવો**

❀❀ **ક઼ાનૂને શરીઅત** ❀❀

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧